ગાંધીજીનું નવજીવન

પુસ્તક ૧૮ મું

નવજીવન પ્રકાશન મન્દિર
અમદાવાદ

ઓગણીસમું પુસ્તક ૧૪મી ઑક્ટોબરને દિવસે બહાર પડશે

વાચકોને સૂચના

* નિશાનીવાળા લેખો 'યંગ ઇંડિયા'માંથી ભાષાન્તર છે.

† ,, ,, અંગ્રેજી પરથી ,,

‡ ,, ,, ગાંધીજીની મુસાફરીઓનાં તેમના સાથીઓએ કરેલાં વર્ણનો છે.

ગાંધીજીનું 'નવજીવન'

તા. ૮–૧૨–૧૯૨૧

નોંધ—(ચાલુ)

૬ અહિંસા જ ધર્મ

અહિંસા જ ધર્મ

અને આ એક વરસના અનુભવ પછી આજે હજુ જો આપણે અહિંસાને માત્ર સફળતાના સાધન તરીકે જ નહિ પણ હિન્દુસ્તાનની સ્વતન્ત્રતા મેળવવાના અને જાળવવાના તેમજ હિન્દની બધી કોમોની એકતા ટકાવવાના આખરના અને સર્વોપરી ઉપાય તરીકે ન સ્વીકારીયે તો આવું જાતિસંગઠન આપણાથી થઇ શકવાનું નથી. આવા સ્વીકારમાં હરકોઇ કોમને પોતાના ધર્મને માટે લડવાની અને બધી કોમોએ મળીને હિન્દના બચાવને માટે લડવાની પૂરેપૂરી છૂટ રહે છે. પણ એવી અહિંસા હિન્દુસ્તાનનું સ્વરાજ મેળવવાને ખાતર અગર તો તેની એકતા સાધવાને ખાતર અખત્યાર કરેલી કામચલાઉ નીતિ અગર હથિયાર ન હોવું જોઇયે. આમ હિન્દુઓએ તેમજ મુસલમાનોએ પારસીઓની, યહુદીઓની અને અંગ્રેજોસમેત ખ્રિસ્તીઓની સેવા કરવાનું અને તેમના પર પ્રીતિ કરવાનું વ્રત લેવું જોઇયે, પછી તેઓ જોઇયે તો સહકારીઓ હો કે અસહકારીઓ હો. અને જો આપણે આમ કરવા ઇચ્છતા હોઇયે તો આપણાં ભાષણોમાં તેમજ તેઓ જોડેની આપણી વાતચીતોમાં કડવાશનો અંશ સરખો ન હોવો જોઇયે. આપણે એક બાળકના પણ માથા પરની ટોપી જોરાવરીથી ન ઉતરાવીયે, અથવા તો દારૂડીઆઓને દારૂની કુટેવથી છોડાવવામાં પણ

શારીરિક બળનો ઉપયોગ ન જ કરીયે. આપણે દલીલ કરીને, તેમની બુદ્ધિ અને હૃદયને વીનવીને જ કામ લઇયે અને વચનથી કે શરીરબળથી કોઇને સતાવીયે નહિ. જે ઘડીએ હિન્દુસ્તાનની લાખો કરોડો પ્રજાને આપણે કેળવીને સ્વેચ્છાપૂર્વક અને સમજપૂર્વક આપણા કાર્યમાં રસ લેતી અને શામેલ થતી કરી દેશું તે જ ઘડીએ આપણે સ્વરાજ સ્થાપ્યું હશે સહકારીઓની મોટામાં મોટી દહેશત જ એ છે કે આજકાલ જે અહિંસાની વાત કરવામાં આવે છે તે ઢાંકેલી હિંસા જ છે, અને કેટલાક સમજુ માણસો તેમાં સાચા અહિંસાવાદી હશે તોપણ તેમના બધા યત્નો છતાં આ પ્રવૃત્તિ આખરે તો તોફાની અને નિરંકુશ લોકોના હાથમાં જ જવાની દલીલ કરીને આપણે તેમની આ બીતિ નાબુદ ન જ કરી શકાય. જેની સાબીતીની જરૂર જ ન હોય એવી વખતોવખતની ખરી હકીકતો તેમની સામે રજૂ કરીને જ આપણે તેમની બીક કાઢી શકીયે.

આપણે ગમે તેટલી પ્રગતિ કરી હોય તોપણ આપણાં વાણી તેમજ વર્તનમાં કશું જ કહેવાપણું ન હતું અગર નથી એવો દાવો આપણાથી નહિ જ કરી શકાય. પ્રેમ, ઉદારતા, નમ્રતા અને ખાનદાની સિદ્ધ કરવાને કશી સ્થૂલ સાબીતીઓની જરૂર ન હોય તેથી આપણે અસહકારના કરતાં પણ અહિંસા ઉપર વધુ ભાર મુકવો ઘટે. અહિંસા અસહકાર જ છે. સરકારનું બળસર્વસ્વ હિંસા છે, આપણું આશ્રયસ્થાન અહિંસા છે. આપણે તેમના હિંસા-પંથને ખરેખર સહાને માટે ત્યજ્યો છે શું? એમનો તો એ જ કુલ કેળવણીનો અખાડો છે. એ કેળવણીની પ્રતિજ્ઞાનું મન્દિર જે દિવસે આપણે જમીનદોસ્ત કરીશું તે જ દિવસે આપણે સ્વરાજ્ય સ્થાપ્યું હશે.

અને આટલું આપણે ત્યારે જ કરી શકીયે કે જ્યારે આપણે જે તન્ત્રનો આશ્રય લઇને અંગ્રેજ હિન્દુસ્તાન પર દોર ચલાવી રહેલ છે તે તન્ત્રને ધિક્કારવા છતાં અંગ્રેજ વ્યક્તિ પર પ્રીતિ કરતા શીખીયે. મૌ. અબદુલ બારી સાહેબના શબ્દોમાં કહીયે તો આપણો કજીઓ અંગ્રેજ લોકો જોડે નથી, આપણો કજીઓ તેના પશુબળ પર ખડા થયેલા રાજ્યતન્ત્ર સામે છે.

ધોરી માર્ગ

અહિંસાનો ધોરી માર્ગ

ત્યારે આપણા વિરોધીઓ ઉપર જો આપણે સાચે જ પ્રીતિ કરવા માગીયે તો આપણો પ્રેમ આપણા વર્તનમાં પ્રગટ થવો જોઇયે. આપણે તેમને આપણી સભાઓમાં નોતરીયે, તેમનું કહેવું ધીરજથી અને અદબથી સાંભળીયે, આપણે તેમને વિષે બોલતા તેમની બદગોઇ ન કરીયે, આપણે તેમનાં નામો આવે ત્યારે શરમના પોકારો ન કરીયે, આપણે તેમને આપણા મતના લોકોને કરીયે તેટલી જ ઉત્સુકતાથી રોજના વહેવારમાં મદદ કરીયે. આપણે એમની જોડે અસહકાર એટલા પૂરતો જ કરીયે કે રાજદ્વારી બાબતોમાં તેમને મદદ ન કરીયે અગર તો તેમાં સાથ ન દઇયે. ઉશ્કેરણી થાય એવાં ભાષણો આપણે હરગિજ ન કરીયે. 'મહાત્મા ગાંધી કી જે' અને એવા જ બીજા પોકારોની સખત બંધી હોવી જોઇયે. આવા કશા જ પોકારો વગર આપણી સભાઓ ચલાવવાને આપણે શક્તિમાન થવું જોઇયે;

અને તેના પોકારો વગર મોટા મોટા શ્રોતૃસમુદાય આપણી સભાઓમાં એકઠા ન થઈ શકતા હોય તો તે પણ ઈષ્ટ જ છે. જે તાલુકો કે જીલ્લો આવા અંકુશ હેઠળ ન આણી શકાય તેને કાયદાના સવિનય ભંગની બાબતમાં હું નાલાયક ગણું.

પીઠાં પરના પહેરાઓને વિષે પણ આપણે ભારેમાં ભારે ખબરદારી અખત્યાર કરવી ઘટે છે. આજદિન લગી જે પહેરાઓ થયા તેમાં બધે દરેક પ્રસંગે આપણે હાથે અહિંસાવ્રતનું ચુસ્તપણે પાલન નથી થઇ શક્યું એ વિષે શંકાને સ્થાન નથી. પહેરા કરનારાઓની વાણીમાં અહિંસાવ્રતનો ભંગ થયેલો જોવામાં આવ્યો છે અગર તો હિંસાનો દેખાવ થયો છે. આ સંજોગોમાં હાલ તુરતને માટે અગર તો જ્યાં સુધી આપણે હજુ ઘણા વધારે પ્રમાણમાં સંયમ ન કેળવીયે અને અનુભવથી ન ઘડાઈયે ત્યાં સુધી પીઠાં પરના એવા પહેરાઓનું કામ મુલતવી રાખીયે એ જ ઇષ્ટ છે. હાલ તુરત તો આપણે દારૂડીઆઓમાં ભળીને તેમની વચ્ચે કામ કરવા તરફ જ આપણું લક્ષ રોકીયે.

§ પોત પ્રકાશ્યું !

પોત પ્રકાશ્યું !

પંજાબમાં લાલા લજપતરાય, જનાબ લાલખાન, શ્રી. સંતાનમ તથા શ્રી. ગોપીચંદને, આસામમા શ્રી. ફૂકન તથા શ્રી. બર્દોલાઇને, બંગાળમાં શ્રી. જિતેન્દ્રલાલ બૅનરજીને, અજમેરમાં મૌ. મોહીઉદ્દીન તેમજ બીજાઓને, અને લખનોમાં શ્રી. હરકરણનાથ મિશ્ર અને બીજાઓને પકડીને સરકારે હવે પોતાનું ખરૂં પોત પ્રકાશ્યું છે. આ ધરપકડો સરકાર હવે રમત કરવા નથી માગતી એટલું જ નથી સુચવતી. એ બતાવે છે કે સરકાર હવે વધુ વખત અસહકારને બરદાસ કરવા તૈયાર નથી.

હવે સરકારના વલણમાં માત્ર ખૂનામરકી ન થવા દેવાનો અગર તો અસહકારને અહિંસાની મર્યાદામાં રાખવાનો સવાલ રહ્યો નથી; પ્રજા પાસે જોરાવરીથી સહકાર કરાવવાનો સરકારનો હેતુ જ આ બધામાં સ્પષ્ટ છે; અને એમ જ થવું જોઇયે. કોઇ ને કોઇ દહાડે તો સરકારને એના ખરા સ્વરૂપમાં પ્રગટ થયે જ છૂટકો હતો.

અસહકારનું કારણ

કોઇ શાહજાદાને આવું માન અગાઉ કદી નહિ મળ્યું હોય. જે જે પ્રાન્તમાં શાહજાદો ફરે તે તે પ્રાન્તની પ્રજા પોતાનું સુખીપણું સ્વીકારે અને ત્યાં શાહજાદાના સ્વાગતનો બહિષ્કાર ન થાય અગર તો હડતાળો ન પડે એટલા ખાતર સરકાર આજે પ્રજાકીય આગેવાનોને પકડી પકડીને ખસેડી રહી છે. હિન્દુસ્તાન સરકારને તેનું અત્યારનું બંધારણ જોતાં આ બધું કરવાનો હક છે અને તે એવા હકનો દાવો કરે

છે, અને જ્યારે જ્યારે પ્રસંગ આવે છે ત્યારે તે હકનો પૂરેપૂરો અમલ કરવા ચૂકતી નથી. એ કારણસર જ પ્રજાએ આજે એ સરકાર સામે અસહકાર માંડ્યો છે.

એ હક કયો છે ? એ હક પ્રજાની ઉપર પોતાની મરજી લાદવાનો અને પ્રજાને તેની પોતાની મરજી મુજબ વર્તવાની છૂટ આપવાના ઇનકારનો છે. પ્રજા જો સરકારના આ હકને કબૂલ રાખવા અને પોતાની ઇચ્છાઓને સંકેલી મુકવા તૈયાર ન હોય તો કેદમાં જઇને બેસે.

કજીઓ સાવ ચોખ્ખો છે. અને લાહોરના મ્યુનિસિપલ પૂતળા વાળા મામલામાં તે સૌથી વધારેમાં વધારે સ્પષ્ટ રૂપમાં દેશની સમક્ષ રજૂ થયો છે. એ પૂતળું કાયદેસર અને રીતસર ચોખ્ખી લોકોની મિલકત છતાં સરકાર તેને ખસેડવા દેવા તૈયાર નથી. પૂતળાના એક હાથમાં કલમ અને બીજામાં તલવાર છે અને નીચે લખ્યું છે: 'કલમ કે તલવાર?' મતલબ કે અમારો સુધારો—અમારૂં તન્ત્ર સ્વીકારશો કે તલવાર ! આજે પણ લોકોને એની એ પસંદગી કરવાનું ફરી એકવાર આહ્વાન થાય છે. સરકારને કલમથી નહિ તો તલવારથી પોતાનું રાજ્ય ચલાવવું જ રહ્યું. પ્રજા આજે સ્વમાનને વળગી રહીને પ્રફુલ્લ અન્તઃકરણે સરકારના તલવારની ભેટ કરશે કે સરકારી કલમના હુકમને નમી નામોશી લેશે ?

આગેવાનો વિના ચલાવો

અને પ્રજાથી પણ, આજે પંદર મહિનાની તાલીમ પછી અત્યારે શું કરવું એ ન સૂઝે તો, કશી ફરીઆદ ન જ કરી શકાય. અને તેથી આ બધા સરકારી દબાણને પ્રજાનો સરસમાં સરસ જવાબ તો એ જ હોઇ શકે કે કોઇ પણ જાતનો ખળભળાટ ન થવા દેતાં, જાણે કશું જ અસાધારણ નથી બન્યું એમ માની પોતપોતાના ઉદ્યોગમાં પરોવાયલા રહેવું. લૉર્ડ કિચનર જેવો પડ્યો, તેનાથી કંઇ ઇંગ્લંડે લડાઇ થોભાવી નહિ. 'પોતપોતાના કામમાં પરોવાયલા રહો' એ જ ઇંગ્લંડનું સૂત્રવાક્ય રહ્યું. એનું હિંસાબળ પૂરેપૂરૂં તૈયાર હતું સેનાપતિ વગર કામ લીધે જવાય અગર તો એક પછી એક અગણિત સેનાપતિઓ મળ્યે જ જાય એટલી તૈયારી હતી. આપણે પણ શું આજે અહિંસાબળમાં એટલા તૈયારીવાળા છીયે કે આગેવાનો વગર જ આપણે જેવા ને તેવા જ આપણી લડાઇ ચલાવ્યે જઇયે, એટલે કે આપણી વચ્ચેથી આગેવાનોની અખૂટ સંખ્યા નીકળી આવે ?

લાલાજીની ગિરફતારી

લાલાજીને પકડીને સરકારે આપણા એક મોટામાં મોટા મુખીને પકડ્યા છે. લાલાજીનું નામ આબાલવૃદ્ધ આ હિન્દુસ્તાન જાણે છે. એમના આત્મભોગોએ પ્રજાના હૈયામાં એમની મૂર્તિને કાયમને માટે સ્થાપી છે. દેશને અહિંસાના તાલીમ

આપવા અને તેની સાથેસાથે જ વધુમાં વધુ સ્વતન્ત્રપણે પ્રજામતને જાહેર કરવા અને કેળવવાની દિશાએ તેમણે જેટલું કર્યું છે તેટલું થોડાએ જ કર્યું હશે. એમને પકડીને સરકારે પોતાની નીતિને પૂરેપૂરી ઉઘાડી પાડી દીધી છે.

પંજાબે નવો મુખી ચુંટવામાં વાર નથી લગાડી. આગા સફદર એક સચ્ચા મુસલમાન અને બહાદુર હિન્દી છે. એમની આખી કારકીર્દી ચૂપકીથી કરેલી સેવાઓથી ભરી છે. જે પંજાબે લાલાજીની જગાએ એમને પોતાના મુખી કરી થાપ્યા છે તે તેટલી જ વફાદારીપૂર્વક તેમને અનુસરશે એ વિષે મને શંકા નથી. આખું પંજાબ જાણે લાલાજી પોતાની વચ્ચે જ છે એમ માનીને પોતાનું કાર્ય આગળ ધપાવ્યે જશે અને એમાં જ લાલાજી પ્રત્યેની પોતાની બધી ભક્તિનું સાર્થક થયું એમ ગણશે એવી મને ઉમેદ છે. અવિનાશી આત્માને ધારણ કરનાર સ્થૂલ દેહ કાયમને માટે કે ચોકસ મુદતને સારૂ પણ આંખ આગળથી ખસતાં જ જે પ્રેમ ઉડી જાય છે તે પ્રેમ આંધળો, અચેતન અને સ્વાર્થી છે. પંજાબની પ્રજાને આગા સફદર પણ કદાચ હમેશને માટે ન મળે. આપણે માનતા હોઇયે તે કરતાં પણ વધુ વહેલા તેમને પકડવામાં આવે. બરાબર તાલીમ પામેલાં દળોમાં તો મુખીઓને ચુંટવામાં આવે છે તે તેમની કોઇ ખાસ અસાધારણ શક્તિને હિસાબે નહિ, પણ ચાલુ કામની અનુકૂળતાને ખાતર જ ચુંટવામાં આવે છે. આગેવાન એ સરખેસરખાના દળમાંનો મોખરાનો માણસ છે એટલું જ. કોઇ કોઇને તો મોખરે રહેવું જ રહ્યું. અને તે આખી સાંકળમાના નબળામાં નબળા મકોડાના કરતાં વધુ જ મજબૂત હોય એમ પણ નથી. આમ જે કોઇને આપણે આપણો મુખી કરીને થાપ્યો તેને પછી આપણે પૂરી વફાદારીથી વળગી રહીને લડચે જવું જોઇયે, નહિ તો આખી સાકળ તૂટે અને કર્યું કરાવ્યું ધૂળ મળે.

આપણા ધ્યેયને પહોંચવાને હવે આપણે બહુ ઝાઝું કરવાનું બાકી નથી રહ્યું એ મારી શ્રદ્ધા હું કઇ રીતે પ્રજામાં પરોવું ? આપણી સામેનો માર્ગ તો સ્પષ્ટ છે. આવતી મહાસભાના ચુંટાયેલા પ્રમુખ દેશબન્ધુ ચિત્તરંજન દાસે અસંદિગ્ધ શબ્દોમાં તે બતાવ્યો છે: જુલમનો જવાબ

" મારી તમને પહેલી અને છેલ્લી વીનવણી એ જ છે કે અહિંસામય અસહકારના આદર્શને ચુસ્તપણે વળગી રહો અને એનો કયાંયે ભંગ થવા દેશો નહિ. હું જાણું છું કે એ ધર્મનું પાલન કઠણ છે. હું જાણું છું કે ઘણી વેળા સામા પક્ષ તરફથી થનારી પજવણી

એવી તો ભારે હોય છે કે એ સંજોગોમાં વિચાર, વાણી તેમજ વર્તનમાં અહિંસામય રહેવું અત્યન્ત મુશ્કેલ થઇ પડે છે. છતાં એ જ એક સિદ્ધાન્ત ઉપર આપણી લડતની બધી સફળતાનો મદાર છે. "

આ મહાન સિદ્ધાન્તને આપણા જીવનમાં ઉતારવાની શક્તિ કેળવવાને સારૂ આપણે એવી પજવણીના બધા પ્રસંગો બની શકે તેટલી સાવધગીરીથી ટાળવા જોઇયે. તેથી હવે આપણે મોટાંમોટાં સરઘસો કે ગંજાવર જાહેર સભાઓ ન ભરીયે તોપણ ચાલે. જેઓ જાગેલા છે તેમને જ કેળવીને ગમે તેવી પજવણી વચ્ચે શાન્તિ ટકાવી રાખે અને પ્રજાનું ખરૂં રચનાનું કાર્ય કરવામાં ગુંથાય એવું કરવું જોઇયે. એ કાર્ય પીંજવાનું. કાંતવાનું, વણવાનું અને તેમ કરીને દેશમાં કામ ન મળવાથી બેકાર રહી આજે ભૂખે મરતા લાખો લોકોને રોજી મેળવી આપવાનું છે સિવાય હિન્દુમુસલમાન એકતા એ આપણે અખત્યાર કરેલા આ ધર્મનું એક અંગ છે. તે અંગ જ્યાં સુધી હિન્દુમુસલમાન બેઉ સાથે મળીને દેશના ઉદયને માટે કામ કરવામાં એટલે કે કાંતીવણીને ખાદી પેદા કરવામાં નહિ પરોવાય ત્યાં સુધી નહિ કેળવાય, અને બતાવી પણ નહિ અપાય.

જે ઘડીએ આપણે કુલ પરદેશી કાપડનો દેશમાંથી બહિષ્કાર કરી શકીશું અને આપઆપણા પ્રાન્તમાં અને ગામડાંઓમાં જોઇતી બધી ખાદી પેદા કરી લઇશું તે જ ઘડીએ કદાચ પ્રજાસમુદાયને હાથે કાયદાનો સવિનય ભંગ શરૂ કરવાની જરૂર પડયા વગર પણ આપણે સ્વતન્ત્ર થઇશું. તેથી જ્યાં સુધી પરદેશી કાપડના બહિષ્કારનો અને પોતપોતાના પ્રદેશને જરૂર પૂરતી બધી ખાદી પોતાને ત્યાં પેદા કરી લેવા જેટલો સ્વદેશીનો કાર્યક્રમ આપણે હાથે પાર ન પડયો હોય ત્યાં સુધી કાયદાના સવિનય ભંગની પહેલ કરવાની આપણે જેટલી ઓછી ઉતાવળ રાખીયે તેટલું સારૂં છે. બાકી આપણી પ્રવૃત્તિ દરમિયાન સરકારની દમાણનીતિને અંગે જે કંઇ ફરજીયાત સવિનય ભંગ કરવાના પ્રસંગો આપણા ઉપર આવી પડે ત્યાં તો બધે જ આપણે તે સહર્ષ વધાવી લઇયે અને એવો સવિનય ભંગ કરીયે.

નિર્દોષ બલિદાનની જરૂર

પણ જો કદી આ બધી પકડાપકડી અને દમાણ આપણને નાસીપાસ કરી દે અગર તો આપણને પાડે તો તો એ આપણી દુર્બળતાની તેમજ સ્વરાજને માટે આપણી ચોખ્ખી નાલાયકીની જ નિશાની ગણાશે. જે મરવાથી ડરે છે અગર તો માથું આપવાથી કાયર થઇ મ્હોં છૂપાવે છે તે સિપાહી નથી. સાચો સિપાહી તો પોતાને જેટલું વધુ ખમવાનો પ્રસંગ આવે તેટલો પોતાને સૌથી વહેલું ખમવાનો

વખત આવ્યો જોઇ રાજી થાય. આપણે માનીયે અને જાણીયે કે આપણે સરકારી જેલોને તેમને જેટલું જોઇતું હોય તેટલું પેટ ભરીને કામ પૂરૂં પાડવા રાજી છીયે. મારી તો અંતરની માન્યતા છે કે દલીલો નહિ પણ કેવળ નિર્દોષની કુરબાનીઓ જ પ્રજાનાં આળસ તથા ઉદાસીનતાને અને રાજ્યકર્તાઓની નઠોરતાને ખંખેરી નાખશે.

પણ એ કુરબાની બળવાનની અને પ્રફુલ્લ ચહેરે આત્મબલિદાન દેનારાઓની જોઇયે, નાખુશ વ્યક્તિની અગર તો લાચાર દુર્બળોની નહિ. જેઓ જવાની તૈયારીમાં છે તેઓ તો કહી શકશે કે અમારૂં કાર્ય પૂરૂં થયું, પણ જેઓ બહાર રહ્યા તેમણે સાબીત કરી આપવું પડશે કે તેમણે જેલ ગયેલાઓનું કામ અટકવા ન દેતાં ચાલુ રાખ્યું.

અને આમ ગયેલા મુખીઓનું કામ અવિશ્રાન્તપણે ચાલુ રાખીને કાં તો આપણે અન્તે તેમને છોડાવી ઘેર આણવા રહ્યા, નહિ તો જાતે જેલોમાં જઇને તેમને મળવું રહ્યું. જે સૌથી વધુ સહન કરશે તેની સૌથી વધુ સેવા લખાશે.

અન્ત્યજપોકાર

બે અન્ત્યજ ભાઇઓ નીચે પ્રમાણે લખે છે:

"સવિનય નિવેદન કે હાલમાં આખા દેશ માટે જે સતત પ્રયાસ આપ કરી રહ્યા છો અને તેમાં અન્ત્યજો પ્રત્યે પણ આપની દૃષ્ટિ છે તે માટે આપનો અન્તઃકરણપૂર્વક આભાર માનીયે છીયે. પરન્તુ એ દૃષ્ટિ જ્યાં સુધી આખા દેશની નથી થઇ ત્યાં સુધી અમારૂં કંઇ શ્રેય થનાર નથી જેથી દેશની દૃષ્ટિ હવે અમારી તરફ ફેરવવા તથા નીચેની હકીકત ઉપર લક્ષ આપવા વિનંતિ કરીયે છીયે. અન્ત્યજ પોકાર

૧. સ્વરાજ માટેની લડતના આ આખા વર્ષમાં અન્ત્યજો માટે શું કરવામાં આવ્યું છે? અને તે કેટલા પ્રમાણમાં થયું છે?

૨. આપે આ લડત માટે જે જે પગલાંઓ લીધાં છે (જેવાં કે, કેળવણી, વકીલાત, સરકારી નોકરીઓ, ખિતાબ, સ્વદેશી, રેંટીયાની પ્રવૃત્તિ સંબન્ધી વગેરે) તે પ્રમાણે અન્ત્યજો માટે કેમ પગલાં લેવામાં આવ્યાં નથી? શું દેશને ૭ કરોડ અન્ત્યજો કે જે મનુષ્ય છે તેની જરૂર નથી?

૩. અન્ત્યજો માટે કંઇ પણ કર્યા વિના સ્વરાજની લડત અન્ત્યજો પ્રત્યેના જુલમોનો ઢાંકપીછોડો કરી લડવામાં આવે તો અન્ત્યજોએ શું કરવું?

૪. સ્વરાજ માટેની બીજી શરતો પળાય ને અસ્પૃશ્યતાની શરત ન પળાય ને ઢાંક-પીછોડો કરવામાં આવે તો તેવી લડત અન્ત્યજોને આ જ સ્થિતિમાં રાખી આપ લડશો કે કેમ?

જે દેશ દુઃખમાં દટાયેલા હોવા છતાં પણ બીજા ઉપર (અન્ત્યજો પર) જુલમ ગુજાર્યા કર્યો છે તે દેશ તેમાંથી મુક્ત થઈ સ્વતન્ત્ર થયે તો કેવો જુલમ ગુજારશે અથવા શું કરશે એવો અન્ત્યજોને ભય છે. તો તે અમારો ભય ટાળવો જ જોઇયે. અમારા પ્રત્યેની આપની સૂચવેલી શરતો આપ વિના બીજાને હાથે ભાગ્યે જ પળાય છે. માત્ર આપને રાજી રાખવા માટે હા જી હા કહેવામાં આવે છે પણ ખરા અન્તઃકરણથી કોઇ પાળતું નથી. અમારા ઉપરના જુલમો કોઇ પણ રીતે દૂર થયા નથી. તો જેમ નાગપુરની મહાસભાએ દેશના ઉદ્ધાર અર્થે અસહકારનો ઝુંડો ફરકાવ્યો છે તે જ પ્રમાણે અને તે માટે અમ ૭ કરોડ પ્રત્યે દેશનો જુલમ દૂર કરવા તે સામે અમદાવાદમાં મળનારી મહાસભાએ ઝુંડો ફરકાવવો જોઇયે છે, અને તે ખાસ જરૂરનો છે."

અન્ત્યજો માટે શું કર્યું?

આમાં કેટલુંક અજ્ઞાન અને અજ્ઞાનથી ઉત્પન્ન થનો રોષ રહેલ છે, તે બાદ કરતાં કાગળ વિચારવાયોગ્ય છે. અન્ત્યજોનો ઠરાવ પસાર કરી, તેઓની વાનો કરી આપણે તેઓનામાં આશાઓ ઉત્પન્ન કરી છે. એ પગલું ભરવાના જરૂર હતી જ. આશા ઉત્પન્ન થવી જ જોઇતી હતી અને થઇ છે એ જ એક જવાબ તો અન્ત્યજ ભાઇઓને સન્તોષનારો છે. મારી ઉપર બધું ઢોળી નાખે છે એ બીજો જવાબ છે. તેમાં માર્મિક ડંખ રહેલો છે તે હું સમજી શકું છું, હું પોતે થોડુંઘણું કરીને સન્તોષ માની લઉં છું અને બીજાઓ મને છેતરે તેથી છેતરાઇ જાઉં છું એ આરોપ છે. પણ જો હું થોડુંઘણું કરૂં છું તો બીજા થોડું તો કરનારા છે જ.

અસ્પૃશ્યતા એ એક વૃત્તિ છે, વસ્તુ નથી. તેથી તે કાઢવી એ નિશાળો ખાલી કર્યા જેવું નથી. તેને વિષે નિશાળોના જેવું આંદોલન ન બતાવી શકાય. તેમાં શાન્તિતત્ત્વના સ્વીકારની પેઠે જ હૃદયપરિવર્તનની વાત છે. એટલે તેની જ જેમ તેનું આંદોલન ચલાવી શકાય. અને જેમ શાન્તિનું માપ અપવાદરૂપે થતી અશાન્તિથી કાઢી શકાય, તેમ અસ્પૃશ્યતાનું પણ કાઢી શકાય. એને ગણિતશાસ્ત્રનો હિસાબ ન લગાડી શકાય. આજે આટલા હિન્દુ આટલા અન્ત્યજોને અડક્યા તો બધા હિન્દુને બધા અન્ત્યજોને અડકતાં કેટલો સમય લાગે? એમ હિસાબ ન નીકળે. પણ સમય આવ્યે તેનું માપ મળી રહે છે. ગુજરાત વિદ્યાપીઠમાં તે વાત સિદ્ધાન્ત-રૂપે પ્રથમ ચર્ચાઇ. તેની ચર્ચા થતાં વિદ્યાપીઠે પોતાની હસ્તીને જોખમમાં નાખીને પણ અન્ત્યજને નિશાળોમાં લેવાના સિદ્ધાન્તને સ્વીકાર્યો ને તે જ કારણથી રાજીનામું આપનાર

સભ્યોને જતા કર્યા. આજે પણ દક્ષિણામૂર્તિ ભવન જેવી સંસ્થાની હસ્તી મહાસંકટમાં આવી ઉભી છે તેનું કારણ પણ એ જ છે. તે સંસ્થાના આત્મારૂપ જે શિક્ષકો છે તેઓ કેવળ સિદ્ધાન્તસ્વીકારને ખાતર તે ભવનમાં ઝૂઝી રહ્યા છે. આ બન્ને પરિણામોનો યશ મારાથી લેવાય એમ નથી. વિદ્યાપીઠના સભ્યો સામે થયા હત તો હું હારત. પણ સભ્યો પોતે જ સ્વતન્ત્ર રીતે સિદ્ધાન્તને માનનારા હતા. દક્ષિણામૂર્તિ ભવનમાં ધર્મયુદ્ધ ચાલી રહ્યું છે તેમાં તો વ્યક્તિ તરીકે પણ મારો હાથ નથી. આ સિદ્ધાન્તને જ ખાતર તિલક સ્વરાજ ફાળામાં આવતાં કેટલાંક નાણાં અટક્યાં, તેની વ્યવસ્થાપકોએ દરકાર નથી કરી. સેંકડો સભાઓમાં અન્ત્યજો ગુજરાતમાં ને બીજી જગ્યાએ છૂટથી હાજર રહ્યા છે. મહાસમિતિએ લગભગ ૫૦,૦૦૦ રૂપીયાની રકમ કેવળ અન્ત્યજકાર્યને સારૂ જુદે જુદે ઠેકાણે મંજૂર કરી છે. પ્રાન્તોએ જે પૈસા ખર્ચ્યા છે તે જુદા જ ગણવાના રહ્યા. આમ ચોમેર અસહકારીઓ પક્ષરહિત કામ કરી રહ્યા છે. દરેક પ્રાન્તમાં ઉત્સાહી ને ચારિત્રવાન યુવકો શુદ્ધ અન્તઃકરણથી અન્ત્યજસેવામા સર્વાર્પણ કરી રહ્યા છે. આ વખતે જ એવું બન્યું છે કે દરેક જગ્યાએ અન્ત્યજ ભાઇઓએ માગણી નથી કરી છતાં તેઓને પ્રતિનિધિ ચુંટવામાં આવ્યા છે.

અસ્પૃશ્યતા અને સ્વરાજ

આટલું તો ઉપરના લખનાર ભાઇઓના ને તેમના જેવા અસન્તુષ્ટ અન્ત્યજ ભાઇઓના સન્તોષ ખાતર. પણ એવી પ્રવૃત્તિ ફેલાયેલી છે એવું બતાવતાં તેમની ફરીઆદમાં સત્ય છે એ પણ કબૂલ કરવું પડશે. ઘણાઓ કેવળ ઢાંકપીછોડો કરવા ખાતર સ્પર્શ કરવાનો ડોળ કરે છે, પણ તદ્દન નિર્મળ મને નહિ. એમ કરેલો સ્પર્શ કડવું ફળ આપનારો થઇ પડશે. આ અસ્પૃશ્યતા અધર્મ છે; તેથી તે દિલથી નીકળે તો જ ફળ આપે. એ કંઇ રાજ્યપ્રકરણી વાત નથી કે બીજાને છેતરીને પણ ચલાવી લેવાય. એ અન્ત્યજોને સન્તોષવા કે લાંચ દેવા યોજાયેલી પ્રવૃત્તિ નથી. કેવળ આત્માને સન્તોષવાની વાત છે, ને તે વિષે કલ્પના પણ એવી છે કે જ્યાં સુધી હિન્દુ સમાજ આ પાપને નહિ કાઢે ત્યાં સુધી તે પાપ આપણને અદૃશ્ય રીતે પણ આડે આવ્યાં જ કરશે ને આપણને સ્વરાજ નહિ લેવા દે. કર્મની ગતિ ગહન છે. કર્મના કાયદામાં અપવાદો નથી. સારાંનરસાં કર્મોનાં, પાપપુણ્યનાં ફળ દૃશ્યાદૃશ્ય રીતે મળ્યાં જ કરે છે.

હું એમ ચોક્કસ માનું છું કે જ્યાં સુધી આપણે આ મેલ અન્તઃપૂર્વક નહિ કાઢ્યો હોય, શાન્તિનો માર્ગ નહિ સ્વીકાર્યો હોય, હિન્દુમુસલમાન નિષ્કપટપણે એકદિલ નહિ થયા હોય ત્યાં લગી આપણે સ્વતન્ત્ર થવાના જ નથી. આ ત્રણે વસ્તુનું

માપ સ્થૂળ રીતે લઈ શકાય એમ જ નથી. તે સિદ્ધ ન થાય ત્યાં લગી સ્વરાજ ન મળે. અને સ્વરાજ મળશે ત્યારે એ ત્રણે સિદ્ધિઓ મળી હશે. ૭ કરોડ અન્ત્યજો આપણે દ્વારે પોકાર કર્યા કરતા હશે તેનો પોકાર હિન્દુ સમાજ નહિ સાંભળે ત્યાં સુધી સ્વરાજ નહિ મળે ને નહિ જ મળે.

પણ હિન્દુઓ પોતાનું પાપ ધૂએ તેથીયે કંઇ અન્ત્યજોને વૈમાન મળવાનું છે? એ પુરુષાર્થ તો તેઓએ જાતે જ કરવો રહ્યો. તેઓએ દારૂ મેલવો, એઠું અનાજ લેવાનું છોડવું, માંસાહાર છોડવો, મેલામાં મેલી ક્રિયાઓ સેવા ખાતર કરતાં છતાં સ્વચ્છ રહેવું ને પ્રભુને ભજવો. આ તો તેઓ જાતે કરે તો જ થાય. એ કંઇ બીજા તેઓને સારૂ નહિ કરી શકે. તેઓની ભૂખ ભાંગવા સારૂ તો રેંટીયો ને સાળ છે જ. હજારો અન્ત્યજો તે લઇને પાછા તાજા થઇ ગયા છે. સ્વદેશીની ચળવળ જ એવી છે કે તે બધાં અંગને પોષ્યાં કરે છે, ને કાળ જતાં હિન્દુસ્તાનની કંગાળતા તે જ વસ્તુ ભાગશે એવી મારી તો ખાતરી છે.

તા. ૧૧–૧૨–૧૯૨૧

વરસનો વાયદો

વરસ આખરે સ્વરાજ

એક તરફથી વર્ષને અન્તે સ્વરાજ ન મળે તો મેં હિમાલય ભાગી જવાની ધમકી આપી છે, એવું પગલું સ્વરાજ ન મળે તોપણ ન ભરવા મને વીનવવામાં આવે છે. બીજી તરફથી મને કહેવામાં આવે છે કે સ્વરાજ ન મળે તો હું લોકોને શું મ્હોડું બતાવીશ? લોકો પોતે કેવા નિરાશ થશે? વાયદો કરીને હવે મારે હાથ ઘસવા પડશે.

'નવજીવન'ના વાંચનારને આવા વિચાર ન આવવા જોઇયે એમ હું માનું છું. છતાં કોઇકોઇને આવે છે એમ પણ હું જાણું છું. મારો વાયદો શરતી છે. પાળી શકાય એવી શરતો રજૂ કરીને મેં સંભળાવ્યું કે 'આ શરતો પાળો ને સ્વરાજ લો.'

પણ મિત્રો કહી શકે કે વ્યવહારકુશળ માણસ શરતો વદે ત્યારે તેણે સામેનાની શક્તિનું માપ કાઢીને બોલવું જોઇયે. આ વાત ખરી છે. હું વ્યવહાર કુશળ હોવાનોદાવો પણ કરૂં છું. જો એ દાવો ન કરી શકાય તો મારે જાહેરજીવનમાં ન રહેવું જોઇયે.

તેથી જો વર્ષને અન્તે લોકોને 'સ્વરાજ ક્યાં ?' એવું પૂછવાપણું રહે તો મારી વ્યવહારકુશળતા સિદ્ધ ન થઇ ને મારે હિમાલયનો માર્ગ શોધવો જોઇયે.

પણ જો જે રસ્તો મેં લોકોને બતાવ્યો તે રસ્તો જ સ્વરાજનો છે એમ તેઓને ચોખ્ખું દેખાય, એ રસ્તો કાપતાં તેઓ ખૂબ—લગભગ છેડે આવી પહોંચ્યા છે એમ લાગે તો મને મ્હેણું મારવાપણું ન રહે, ન મારે હિમાલય ભાગવાપણું રહે. એ સ્વરાજ મળ્યા બરોબર છે. મોક્ષનો માર્ગ જેને મળ્યો છે, જે યમનિયમાદિનું પાલન કરતો જાય છે, જે પોતાની સાંકળો તૂટતી હમેશાં જોઇ રહ્યો છે, તે મોક્ષ મેળવેલા પુરુષ જેવો છે. તે પોતાના રસ્તાથી ચળતો નથી. તે દિવસેદિવસે બળવાન થતો જાય છે. તેને માર્ગદર્શકની જરૂર નથી રહેતી. જેને શક છે તે ક્યાંયે નથી, તેનો નાશ છે. તે રસ્તે જતો છતો નથી જતો, કેમકે તે જાણતો નથી કે પોતે ક્યાં છે.

તેમ જ જો ડિસેમ્બરમાં આવેલા પ્રતિનિધિઓ બધા દલીલ વિના કબૂલ કરે કે સ્વરાજ લેવાનો માર્ગ આ જ છે, આપણે સ્વરાજની ઝાંખી કરી રહ્યા છીયે, આ વર્ષમાં થયું એવું આગલા એકે વર્ષમાં નથી થયું ને અમારે તો આ જ માર્ગે જવું છે,—તો હું કહું કે તે સ્વરાજ મળ્યા જેવું થઇ ગયું. જેટલું અધૂરૂં છે તે આપણી મહેનતની ખામીને લીધે છે. થોડી વધારે મહેનત કરીયે એટલે પૂરૂં થયું.

સ્વરાજ ગાંધી અપાવે ?

જેઓ એમ માની બેઠા છે અથવા જેઓએ એમ મનાવ્યું છે કે સ્વરાજ તો ગાંધી ગમે તેમ કરીને ડિસેમ્બર પહેલાં અપાવશે તેઓ બન્ને અજાણપણે પણ પોતાના ને દેશના દુશ્મન ગણાય. તેઓ સ્વરાજનો અર્થ જ નથી સમજ્યા. સ્વરાજ એટલે સ્વાશ્રય. મારે હાથેથી સ્વરાજ લેવામાં તો કેવળ પરાશ્રય થયો. હું તો લેવાનો રસ્તો બતાવું; લેવું તે તો લોકોના જ હાથમાં રહ્યું. હું વૈદ રહ્યો; દવા બતાવું; ખાવાની રીતો, તેનાં અનુપાન, માપ વગેરે કહું; પણ છેવટે પુરુષાર્થ તો દરદીએ જ કરવો રહ્યો.

જો એક વર્ષને અન્તે લોકોને પ્રત્યક્ષ અનુભવ ન થયો હોય કે સ્વરાજ શાન્તિથી, હિન્દુ મુસલમાન શીખ પારસી ખ્રિસ્તી યહુદીના ઐક્યથી, સ્વદેશીથી ને અસ્પૃશ્યતાના નાશથી મળે તો મારી વ્યવહારકુશળતામાં પૂરી ખામી અને મારે હિમાલય ભણી જવું જોઇયે.

પ્રસૂતિ-કાળની વેદના

એ ખરૂં છે કે મારી ઉમેદ તો આટલાથી વધારે હતી. મને ઉમેદ હતી કે આપણે આ વર્ષે માર્ગ જોઈ લઇશું, એટલું જ નહિ પણ સ્વરાજની પ્રતિમા પણ

આપણી આગળ ખડી થશે, આપણે રાજ્યકર્તાની સાથે સુલેહ પણ કરી હશે ને અસહકાર શમી શુદ્ધ સહકાર શરૂ થયો હશે. મને ધાસ્તી છે કે બાકી રહેલા દિવસોમાં આપણે એ સ્થિતિ કદાચ નહિ ભોગવતા હોઇયે. તેથી ઉલટું આપણા અસહકારનો વેગ તીવ્ર થયો હશે ને હવે તો જાણે સહકાર થવા જેવું જ ન રહ્યું એમ જણાશે. પણ તે જ અનુભવ સહકારને નજીક લાવનારો હશે. પ્રભાત પહેલાંનું અંધારૂં ઘોરમાં ઘોર હોય છે. પ્રસૂતિ પહેલાંની વેદના અસહ્ય જેવી હોઇ પ્રસવને જ વિષે માના મનમાં શંકા ઉઠે છે. તેમ જ આપણો પ્રસૂતિકાળ એ કઠણમાં કઠણ હશે.

મુંબઇએ તેમાં વિઘ્ન નાખ્યું. જે જોર આપણે હાથે કરીને કરવા ધાર્યું હતું, જે દુઃખ આપણે પોતે વહોરી લેવા ધાર્યું હતું, તે મુંબઇએ બંધ કરાવ્યું. પણ સદ્ભાગ્યે સરકારે જ આપણે સારૂ જોર કરવાનો, દુઃખ ભોગવવાનો દરવાજો ખોલ્યો છે, કેમકે તેણે દમનનીતિનો વેગ વધારી મુકયો છે. એ દરવાજામાં નિર્ભય બનીને આપણે પ્રવેશ કરીયે તો સ્વરાજની પ્રતિમા ખડી થતાં જરાયે વખત લાગે તેમ નથી.

સ્વરાજ દ્વારા મોક્ષ

પણ હું હજુયે નિશ્ચયપૂર્વક કેમ નથી કહેતો કે આ વર્ષે તો પ્રતિમા ખડી નહિ થાય ? હું નથી કહેતો, કેમકે હું ખરેખર નથી જાણતો. હું ત્રિકાળદર્શી નથી. હું દેવ નથી. હું ઇશ્વરને સર્વશક્તિમાન ગણું છું. આપણા હૃદયમાં તે કયારે મોટા ફેરફાર કરશે તે કોઇ ન કહી શકે. ૧૭મી નવેમ્બરે જ્યારે હું ભારે આશાવાદ ઉચ્ચારી રહ્યો હતો તે જ વેળા નિરાશાજનક કાર્યો થઈ રહ્યાં હતાં તેની મને કાંઇ ખબર હતી ? જ્યારે મને પણ આટલા દિવસમાં પ્રતિમા ખડી થવા વિષે શક છે ત્યારે પ્રતિમા ઇશ્વર ઘડી રહ્યો હોય તો હું શું જાણું ? જેમ હું વૈદ છું તેમ દરદી પણ છું. જે સ્વરાજ મારે લેવું છે તે કંઇ હું મેળવી શકયો નથી. મને રસ્તો જડયો છે, તે હું છોડું એમ નથી. પણ મારૂં સ્વરાજ તો છેટે છે. આ માસમાં જ મેળવી લઉં તો કંઈ મને નવાઈ નથી લાગવાની. વાંચનારને ખાતરી આપું છું કે મેં મારા પ્રયત્નમાં ખામી નથી રાખી. મારે તો હિન્દસ્વરાજ મેળવવાના પ્રયત્નમાં મારો મોક્ષ મેળવવાની જ ધારણા છે. મને એમ લાગશે કે મોક્ષ મેળવવાને બદલે હું તો બંધન બાંધી રહ્યો છું, ચડવાને બદલે પડી રહ્યો છું, ત્યારે કોઇનો ઝાલ્યો હું ઝલાઉં તેમ નથી. હું વધારે બંધાયો છું એમ મને અત્યારે તો નથી લાગતું. જાનેવારીની ૧લીએ મારી મનોદશા કેવી હશે તેની મને ખબર નથી એ હું નિશ્ચયપૂર્વક કહું છું. આથી વાંચનાર જોશે કે સ્વરાજ મારી સાધના છે; મારા મોક્ષનું દ્વાર છે. મારી પ્રવૃત્તિ કેવળ સ્વાથી છે ને રહેવાની.

એક દૃષ્ટિએ હું આ વર્ષે સ્વરાજપ્રતિમા ખડી થાય એમ ઇચ્છતો નથી. મારે વિષેનો સર્વ ભ્રમ ટાળવા ઇચ્છું છું. હું અલ્પપ્રાણી છું એમ લોકોને મનાવવા ઇચ્છું છું. મને મહાપ્રાણી મનાવવામાં હું લોકોની તેમજ મારી હાનિ જ જોઉં છું. ભલે મારી ગણતરી ખોટી લેખાય, ભલે હું મૂરખ ઠરું, ભલે હું અવ્યવહારૂ માણસ મનાઉં. મારા બળથી કંઇ મળ્યું એમ લોકો માને તેના કરતાં તેઓએ પોતાના બળથી, પોતાની તપશ્ચર્યાથી, પોતાની આત્મશુદ્ધિથી જ જે મળ્યું તે મેળવ્યું એમ માને ને એમ હોય એ જ ઇષ્ટ છે. મારે વિષે હું એટલી જ શ્રદ્ધાનો ભૂખ્યો છું: 'જે સમે તેણે જે ખરૂં ધાર્યું તે નિર્ભયપણે લોકોની આગળ રજૂ કર્યું.' આથી વિશેષ પ્રમાણપત્ર મને ન જોઇયે. તેથી વધારેને સારૂ હું લાયક નથી.

મારે વિષે કેટલી શ્રદ્ધા?

---

§ એરણ ઉપર

અલાહાબાદથી તાર આવ્યો છે તેમાં જણાવે છે કે પંડિત મોતીલાલજી નેહરૂ, ભાઇ જવાહરલાલ નેહરૂ, પં. શામલાલ નેહરૂ અને 'ઇન્ડિપેન્ડન્ટ'ના તન્ત્રી શ્રી. જ્યૉર્જ જોસફને પકડવામાં આવ્યા છે. તાર મને ગઇ રાતના ૧૧ વાગે મળ્યો. વાંચીને હું સાચે જ ખુશ ખુશ થયો. મેં ઇશ્વરના ધન્યવાદ ગાયા.

મોતીલાલજી પકડાયા

પંડિતજીને પકડશે એમ મેં નહોતું જ ધાર્યું. હું પંડિતજીને હમેશ કહેતો કે તમારી વારી છેલ્લી રહેવાની. મને લાગતું કે સર હારકોર્ટ બટલર પંડિતજી ઉપર હાથ નાખવાની હિમ્મત કરે નહિ; પંડિતજીને પકડે તે જ દિવસે એમના મિત્ર મહમદાબાદના રાજાસાહેબ સરકારના હોદ્દામાં રહેવાની ના લખી મોકલે. સર હારકોર્ટ બટલરની નિષ્કામ હિમ્મતને જોઇ હું તાજુબ થઇ રહ્યો છું.

પંડિતજી જેવીતેવી મુશ્કેલીઓ વચ્ચે નહોતા ઝુઝી રહ્યા. દમનો વ્યાધિ એ એમનો જૂનામાં જૂનો વેરી છે. હું જાણું છું કે આજે નિર્ધન હિન્દની ખાતર તેઓ જે ધગશથી લોહીનું પાણી કરી રહ્યા છે તેવો પરિશ્રમ પોતાના ધનવાન અસીલોને સારૂ અગર તો બે વરસ પર જખમી પંજાબને સારૂ પણ તેમણે ઉઠાવ્યો નથી. મેં અનેક વેળા તેમને વિશ્રાંતિ લેવા વીનવ્યા હશે, પ્રત્યેક વેળાએ તેમણે ના પાડી છે. મને આનન્દ થાય છે કે જે અથાગ પરિશ્રમ તેમના શરીરને ક્ષીણ કરી રહ્યો હતો તેમાંથી હવે તેમને આરામ મળ્યો.

પણ વધુ આનન્દ તો મને એ વિચારે થયો કે મુંબાઇના દુષ્કૃત્યે જે સુફલનાં બારણાં મને બંધ થયાં ભાસ્યાં હતાં તે જ સુફલ આમ એકાએક ?શના મોટામાં

મોટા ને ઉજ્જવળમાં ઉજ્જવળ પુરુષોનાં નિર્દોષ બલિદાન શરૂ થઇને પાછું લાંબવાનો વખત આવી લાગ્યો છે. મારે હિસાબે તો નિર્દોષોની આવી શુદ્ધ કુરબાનીઓ એ જ સ્વરાજ છે. હવે અલી બિરાદરો અને તેમના સોબતીઓ જેલમાં રહે તેમાં શરમ નથી. હિન્દુસ્તાને બતાવી આપ્યું છે કે પ્રજા અલી બિરાદરોની કુરબાનીને સાવ નાલાયક નથી નીવડી.

સંપૂર્ણ અહિંસાની શરત

પણ મારા આ આનંદને—જેમાં દેશના હજારો લોકો આજે ભાગ લઇ રહ્યા છે એમ હું માનું છું—શરત રહેલી છે. તે શરત એ કે જ્યારે આપણા એકેએક આગેવાનને આપણી વચ્ચેથી પકડી જવામાં આવે ત્યારે પણ ચાહે તેવા અન્તર ઉકાળનારા સંજોગો છતાં આપણે સંપૂર્ણ શાન્તિ જાળવીયે. જો આ બધી જ પકડાપકડી છતાં આપણી વચ્ચે સંપૂર્ણ અહિંસાની આણ વર્તેલી રહે તો આપણી જીત સંપૂર્ણ છે. જો શાન્તિ જાળવવાને સારૂ આપણી વચ્ચેનાં બધાં જ શાન્ત અશાન્ત તત્ત્વો ઉપર આપણે પૂરેપૂરો કાબુ ન રાખી શકીયે તો આપણે ભુંડી રીતે હારવાના. આપણે માર્યા વિના મરવા નીકળ્યા છીયે. આપણે કશું દુઃખ માન્યા વગર—કશો ધોખો કર્યા વગર જેલમાં જઇ બેસવાની પરણ કરી છે. આપણે જ કરેલી બોલીની સામે આપણે કેમ વાંધો ઉઠાવીયે ?

શત્રુઓ પર પણ પ્રેમ

ઉલટું આપણો અહિંસાધર્મ તો આપણને આપણા શત્રુઓ પર પણ પ્રેમ કરવાનું શીખવે છે. આપણે તો અહિંસામય અસહકારથી જ આપણા અંગ્રેજ રાજ્યકર્તાઓના અને તેમના મળતીઆઓના રોષને જીતવા માગીયે છીયે. આપણે તો તેમની ઉપર પ્રેમભાવ જ રાખીયે અને પ્રાર્થના કરીયે કે ઇશ્વર તેમને આપણી નજરે જે તેમની ભૂલ દેખાય છે તે જોવાની દૃષ્ટિ બક્ષે. આપણી એ પ્રાર્થના દુર્બળની નહિ પણ બળિયાની જ પ્રાર્થના હોવી જોઇયે. આપણું બળ અનુભવીને આપણે સરજનહારની આગળ ઉલટા વધુ નમ્ર બનીયે.

આ કસોટીની ક્ષણે કહો કે વિજયની ક્ષણે કહો, મારા ધર્મનો પણ હું એકરાર કરી લઉં. હું તો મારા શત્રુઓની ઉપર પણ પ્રેમ કરવાના પંથમાં માનનારો છું. હું માનું છું કે હિન્દુસ્તાનના હિન્દુ મુસલમાન શીખ પારસી ખ્રિસ્તી અને યહુદીઓને સારૂ અહિંસા એ જ એકમાત્ર તરણોપાય છે. હું માનું છું કે સ્વેચ્છાપૂર્વક આપેલા આત્મબલિદાનમાં પત્થરનાં અંતઃકરણને પીગળાવવાની શક્તિ છે. હિન્દુસ્તાનની મુક્તિની લડતનો મુખ્ય ભાર ઉપર ગણાવેલી કોમમાંથી પહેલી ત્રણ ઉપર જ રહેવાનો.

છેલ્લી ત્રણ કોમો તો પહેલી ત્રણને એકસંપીલી થયેલી જોઇ ડરશે. પણ આપણે આપણી નમૂનેદાર વર્તણુકથી તેમને બતાવી આપવું જોઇયે કે તેઓ આપણા સગા ભાઇ છે. ખુદ અંગ્રેજોને પણ આપણે બતાવી આપવું જોઇયે કે હિન્દુસ્તાનના દૂર દૂરના ખૂણામાં સુદ્ધાં તેઓ આપણી વચ્ચે તેટલા જ સલામત છે જેટલા તેઓ પોતાને મશીનગનોની પાછળ સલામત માને છે.

ઇસ્લામમાં તલવાર

ઇસ્લામની, હિન્દુ ધર્મની, શીખ ધર્મની, ખ્રિસ્તી ધર્મની, પારસી ધર્મની, યહુદી ધર્મની અત્યારે કસોટી ચાલી રહી છે. બલ્કે ધર્મ પોતે જ અત્યારે આ દેશમાં એરણ ઉપર છે. કાં તો આપણે ઇશ્વરને અને તેના ન્યાયને માનનારા છીયે એ આપણે બતાવી આપવું રહ્યું છે અગર તો આપણે એ બન્નેનો ઇનકાર કરીયે છીયે એમ આપણે જાહેર કરવું રહ્યું છે. મારો ખાનદાનમાં ખાનદાન મુસલમાનો જોડેનો પરિચય તો મને એ શીખવે છે કે તલવારથી નહિ પણ પ્રાર્થના અને ઇબાદતને પરિણામે પ્રેમથી ઓતપ્રોત બનેલા અને પ્રત્યેક જમાનામાં ચાલ્યા આવતા એના સંત ફકીરોથી જ ઇસ્લામ દુનિયામાં ફેલાયો છે. તલવાર ખેંચવાની ઇસ્લામમાં પરવાનગી છે એ સાચું; પણ તેને માટે મુકેલી શરતો પણ એટલી કડક છે કે તે દરેક માણસને હાથે પૂરી થવી અસંભવિત છે. ધર્મને ખાતર એવી જેહાદ ફરમાવનારો કશી જ ભૂલ કે દોષ વિનાનો સેનાપતિ અત્યારે ક્યાં? એવી તલવાર ખેંચવાના વિચાર પહેલાં જે અનહદ વિશ્વપ્રેમ, અને જે શુદ્ધિ આવેલી હોવી જોઇયે તે ક્યાં? હિન્દુઓ પણ હિન્દી મુસલમાનોના જેવી જ મર્યાદાઓથી બંધાયેલા છે. શીખોનો તાજો ઇતિહાસ પણ એવા શરીરબળના ઉપયોગની સામે જ સાક્ષી પૂરી રહ્યો છે. આપણામાં હજુ એટલા બધા દોષ, એટલો મેલ, એટલો સ્વાર્થ ભરેલો છે કે મારા ભાઇ શૌકતઅલી કહે તેમ 'અલ્લાહ કી રાહ મેં' તલવાર ખેંચવાનો અધિકાર આપણો નથી. અને પોતાનો સર્વ મેલ ધોઇ નાખી શુદ્ધ બનેલા હિન્દુસ્તાનને તો તલવાર ખેંચવાની રહેશે ખરી? આવી આત્મશુદ્ધિનો કાર્યક્રમ જ આપણે ગયે વરસે કલકત્તામાં અખત્યાર કર્યો.

જુલમનો જવાબ

ત્યારે આપણે શું કરીયે? અલબત્ત, અહિંસાપરાયણ રહીયે અને છતાં સરકારને જેટલા જોઇતા હોય તેટલા હસતા શિકાર આપવા જેટલા બળવાન બન્યા રહીયે. આપણું કાર્ય આપણે ઘડિયાળના જેટલી નિયમિતતાથી ચલાવ્યે જઇયે. દરેક પ્રાન્ત જેમ પોતાના આગેવાનો પકડાતા જાય તેમ એક પછી એક નવા મુખીઓ ચુંટતો જાય. લાલાજીએ આ બાબતમાં દરેક જાતની ગોઠવણ કરી બતાવીને સુન્દર દાખલો

બેસાડી આપ્યો છે. દરેક પ્રાન્તમાં સમિતિના પ્રમુખ અને મન્ત્રીને જરૂર પડયે વાપરવાની ખાસ સત્તાઓ આપી મુકવી જોઇયે. કારોબારી મંડળો બની શકે તેવડાં નાનામાં નાનાં રહે. મહાસભાનો દરેક સભ્ય સ્વયંસેવક બને.

વળી આપણે જેમ કેદથી ભાગીયે નહિ તેમ નાહકનું અડપલું કરીને પણ કેદ ન જ માગીયે.

સ્વદેશીની પ્રવૃત્તિને આપણે દિનપ્રતિદિન વધુ વધુ જોસભેર ચલાવીયે અને જ્યાં સુધી આપણને જરૂરી બધી જ હાથકંતામણની ખાદી આપણે હાથે પેદા કરતા થઇ જઇ પરદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર પાર ઉતારીયે નહિ ત્યાં સુધી જંપીયે નહિ.

આપણો એકેએક આગેવાન અને એકેએક મુખી પકડાય તોપણ જ્યાં સુધી સરકાર બળનો ઉપયોગ કરીને વીખેરી નાખે નહિ ત્યાં સુધી ચાહે તેમ થઇ જાય તોપણ આપણે મહાસભા ભર્યે જ છૂટકો. અને જો આપણે ડરી ન જઇયે તેમ ઉશ્કેરાઇને ખૂનામરકી પણ ન કરી બેસીયે અને આપણી સામેનું રાષ્ટ્રકાર્ય આગળ જ ધપાવ્યે જઇયે તો આપણે અલબત્ત સ્વરાજ મેળવ્યું સમજવું. કારણ એવી અહિંસાપરાયણ, નિર્ભય અને ધર્મનિષ્ઠ પ્રજાની પ્રગતિને અટકાવવાની આ દુનિયામાં કોઇ સત્તાની મગદૂર નથી.

બારડોલી

બારડોલીની પ્રગતિ

મૌલાના આઝાદ સોબાનીની અને મારી બારડોલી તાલુકાની મુલાકાત હમેશાં મને યાદ રહી જવાની છે. એ તાલુકાના લોકોની સાદાઇ, ભલાઇ, સરળતા અને દ્રઢતાથી અમે બન્ને ચકિત થયા. બારડોલી તાલુકામાં કામ ઘણું સરસ થયું છે એમાં શક નથી. એકંદરે એ તાલુકો સવિનય ભંગને સારૂ વહેલામાં વહેલો તૈયાર થઇ શકે એમ અમને બન્નેને જણાયું છે.

સરકારી નિશાળો પાંસઠ હશે. તેમાંથી એકાવન રાષ્ટ્રીય થઇ ચુકી છે. ને જ્યાં જ્યાં નિશાળો રાષ્ટ્રીય થાય છે ત્યાં ત્યાં ઉત્સાહ વધે છે એમાં શંકા નથી. નિશાળો હજુ થોડાં જ અઠવાડિયાંઓ થયાં લોકોના તાબામાં આવી છે તેથી તેનું કામ ધીમું ચાલે છે. બાળકોને રેંટીયા ઉપર બેસાડવામાં આવે છે. ખાદીનો પહેરવેશ મરદોમા ખૂબ વધ્યો છે. સૌ પહેરણ, ધોતીયું કે ચડ્ડી ને ટોપી પહેરતા જોવામાં આવ્યા. ઓરતો પણ સભામાં ઠીક સંખ્યામાં ખાદીની સાડીઓ પહેરીને આવી હતી.

હિન્દુમુસલમાન વચ્ચે એકસંપ સરસ છે. ઢેડભંગી જેઓ સભાઓમાં આવે છે તેમને અડકવામાં હરકત નથી કરતા ને સહુની સાથે તેઓ બેસી શકે છે. આ બધું કરવામાં બારડોલીના લોકોએ શાન્તિ સારી જાળવી છે. અધિકારીવર્ગની સાથે પણ સ્નેહ જાળવ્યો છે ને સહકારીઓ સાથે પણ દુશ્મનાવટ નથી.

આટલી પ્રગતિને સારૂ ધન્યવાદ આપ્યા વિના ન જ ચાલે.

છતાં આ ચિત્ર સંપૂર્ણ નથી. નિશાળો ઉપર લોકોનો કાબુ પૂરો એટલે સુધી બેસવો જોઇયે કે તેઓ સરકારી નિશાળ કે કેળવણીનું નામ જ ન લે. નિશાળની વ્યવસ્થા એવી હોવી જોઇયે કે બાળકો રખડે નહિ ને ચારિત્રવાન શિક્ષકોની નીચે પોતાનું ચારિત્ર ઘડે. હિન્દુ બાળકો ને બાળાઓ સંસ્કૃત શીખે ને ગીતા ભણે. મુસલમાન બાળકો અરબી શીખે ને કુરાન પઢે. બધા બાળકો સુન્દર મજબૂત વળદાર એકતારૂં સૂતર કાંતે, કોઇ વળી તે ઉપરાંત પીંજે ને વણે પણ ખરા. ઓરતોમાં ખાદી વધારે પ્રસરે અને સ્ત્રીપુરુષ બધાં ખાદી પહેરતાં થઇ જાય. એટલું જ નહિ, પણ તાલુકાને જોઇતી ખાદી તાલુકામાં જ કંતાય, વણાય ને તેમાં મીલનો તાણો ન જ વપરાય. આ કામ હજુ ઘણું પછાત છે. સાળો ઓછી છે. રેંટીયા સાળના પ્રમાણમાં ઠીક છે, પણ બહુ વધારે હોવા જોઇયે ને તે નિરન્તર ચાલવા જોઇયે. બારડોલીમાં પરદેશી કે મીલનું કાપડ મળવું અશક્ય કે બહુ મુશ્કેલ હોવું જોઇયે.

સંપૂર્ણ તૈયારીનો રસ્તો

ઢેડભંગી સભામાં છૂટથી આવી શકે એટલે પત્યું નહિ. અસ્પૃશ્યતા જવાનું રહસ્ય સમજાવું જોઇયે. તેઓની ઉપર લોકોનો પ્રેમ થવો જોઇયે. તેઓનાં છોકરાં રાષ્ટ્રીય શાળામાં છૂટથી આવવાં જોઇયે. ન આવે તો માબાપને સમજાવી તેમને તેડી લાવવાં જોઇયે. તેમના વાડાઓમાં જઈ તેમનાં દુઃખ તપાસવાં જોઇયે. તેઓની કુટેવો છોડવા તેમને વીનવવા જોઇયે. હિન્દુમુસલમાનમાં કજીઓ જ નથી થતો એ ઉત્તમ છે, પણ બન્નેની વચ્ચેથી મનનો મેલ જવો જોઇયે. પારસી, ખ્રિસ્તી, સહકારી વગેરે સાથે એવી વિનયભરી વર્તણુક હોવી જોઇયે કે તેઓને અસહકારીઓનો જરા પણ ભય ન લાગે. શરાબનાં પીઠાં વાળાઓને સમજાવીને જ બંધ રાખે તો રખાવાય. તેઓનો બહિષ્કાર ન કરાય, તેમના હુક્કાપાણી બંધ ન થાય. તેમની તથા શરાબ પીનારાની પાસેથી જેટલું કામ પ્રેમપૂર્વક લઈ શકાય તે જ લેવું. તેઓની ઉપર બળાત્કારની ગંધ પણ ન હોવી જોઇયે. તેઓ તદ્દન નિર્ભય થવા જોઇયે. નિશાળો ખાલી કરાવવા સારૂ સ્વયંસેવકોનું

દળ ન જાય, ગામોમાં જઇ લાંઘણ ન કરે. રીતસર લોકોની બુદ્ધિ જાગૃત થઇને તેઓ સમજીને પોતાનાં બાળકોને સરકારની નિશાળોમાંથી ઉઠાડી લે એ જ સાચું ગણાય.

ડિસેમ્બર પછી શું?

મારી ઉપર છાપ એવી પડી છે ખરી કે લોકોએ ખૂબ કામ કર્યું છે. પણ તેમાં કંઇ અધૂરી સમજ રહી છે. કેમ જાણે ખાદી માત્ર ડિસેમ્બર સુધી જ પહેરવી ન હોય, નિશાળો પણ ડિસેમ્બર પછી તો જાણે આપણે ચલાવવાની જ ન હોય, ને પછી ઢેડભંગીને અડકવાની પણ જાણે જરૂર ન હોય! આવા વિચારથી કરેલું કામ તો બહુ કૃત્રિમ થયું ને તેની અસર સારી થવાને બદલે માઠી જ પડે. ડિસેમ્બરમાં આપણા હાથમાં સત્તા આવે એવું હવે મને જણાતું નથી. પણ સત્તા આવ્યા પછી પણ આપણે આપણા તાલુકામાં કે ગામમાં કાંતેલાંવણેલાં કપડાં પહેરવાના છીયે; ત્યારે પણ નિશાળો કોઇ પરાયા આવીને નહિ ચલાવે, તે વેળા પણ બધો બંદોબસ્ત આપણે જ હસ્તક હશે. આજે બે સત્તા છે, તેને બદલે સ્વરાજમાં એક જ સત્તા હશે. પણ જો રાજ્ય આપણું તો વ્યવસ્થા આપણી જ હોય. અત્યારે જેટલો ઉદ્યમ ને જેટલી જવાબદારી આપણને ઉઠાવવાં પડે છે તેટલાં જ ત્યારે પણ ઉઠાવવાં પડશે. ત્યારે પણ આપણે ઢેઢભંગીને અડકશું ને તેમની ઉપર પ્રેમ કરશું. આજે જે કરીયે છીયે તે સ્વરાજની તાલીમ છે ને લાયકાત છે. તેથી આપણે જે કંઇ સુધારા કરીયે તે સમજપૂર્વક ને હમેશાંને સારૂ છે એમ જ સમજી કરવા જોઇયે અને એમ કરીયે તો આપણામાં લાયકાત આવી ગણાય.

બારડોલી વિષે વિશ્વાસ

હું માનું છું કે બારડોલી તાલુકામાં આ બધું કરવાની પૂર્ણ શક્તિ છે. આટલું અધૂરૂં રહ્યું છે તે કંઇક વખતની તંગીથી ને કંઇક ઓછી સમજને લીધે. તેથી હું મુદ્દલ નિરાશ નથી થયો, પણ એમ માનું છું કે બધી ત્રૂટીઓ થોડા જ કાળમાં દૂર કરી લોકો સવિનય ભંગ કરવાની પૂરી લાયકાત મેળવશે.

જે સહકારીઓને હું મળ્યો તેમણે પણ સુલેહથી કામ લેવાયાને વિષે પ્રમાણપત્ર આપ્યું છે ને એવું જણાવ્યું છે કે છ માસમાં બારડોલી તૈયાર થઇ જશે. તાલુકાના પ્રમુખરૂપ ભાઇ કુંવરજી માને છે કે એક માસમાં કાંતવાવણવાનું ને બીજું કામ પૂરૂં કરી શકાશે. બન્નેના કથનમાં અજાણપણે અતિશયોક્તિ હોવાનો સંભવ છે. પણ બારડોલીનાં ભલાં સ્ત્રીપુરુષોએ મારી ઉપર એવી છાપ જરૂર પાડી છે કે તેઓ થોડી જ મુદતમાં લાયકાતનું પ્રમાણપત્ર મેળવી લેશે.

વધારે સુન્દર તો મારા જોવામાં એ આવ્યું કે કામ કરનારા કેવળ જુવાનીઆ જ નથી પણ બુજરગો પણ છે. ઓરતો પણ રસ લે છે. સ્વયંસેવકો વગરપૈસે કામ કરે છે. જે ખર્ચ થાય છે તે બધું બારડોલીમાંથી જ પૂરૂં પાડવામાં આવે છે. એટલે જાગૃતિ આખા તાલુકાની ગણાય, તેના અમુક વર્ગની નહિ.

બારડોલીની જવાબદારીમાં હવે વધારો થયો છે. બારડોલીએ મને દિલ્હીમાં સવિનય ભંગને સ્વરૂપ આપવા પ્રેર્યો; તેથી બીજા પ્રાન્તોમાં પણ ઉત્સાહ વધ્યો. એને અંગે જબરદસ્ત યોદ્ધાઓ જેલમાં બિરાજી રહ્યા છે. આમ ઉત્સાહનું નિમિત્ત થયા પછી બારડોલીથી સાસ વાળી બેસાય જ નહિ. બારડોલીએ પૂર્ણ આત્મશુદ્ધિ એકદમ કરવી રહી ને તે શુદ્ધિ કરવા સારૂ મહાપુરુષાર્થ કરવો રહ્યો. વિચારપૂર્વક કામ, કામ ને કામ જ કર્યાં કરાય તો ને દિલનું પરિવર્તન ખરૂં થયું હોય તો જે પ્રયત્નની જરૂર છે તે સહેલ છે.

વાંચનાર જોશે કે લોકોમાં દુઃખ સહન કરવાની, જેલ જવાની, ગોળાઓ ખાવાની તાકાત છે કે નહિ એ પ્રશ્ન મેં ચર્ચ્યો જ નથી. મેં કોઇને પૂછ્યું પણ નથી. મારો અનુભવ છે ને મારો વિશ્વાસ છે કે જ્યારે માણસ પોતાના કર્તવ્યનું પાલન કરે છે ત્યારે તેનામાં દુઃખ સહન કરવાની શક્તિ તુરત આવી જ જાય છે. વળી બારડોલી તો જેલ જવાની લાયકાત મેળવવા ખાતર આટલો પ્રયાસ કરી રહેલ છે, ત્યાં જેલ જવાની શક્તિ છે કે નહિ એવો પ્રશ્ન કરીને હું તેનું અપમાન પણ કેમ કરૂં ? આ કાળમાં જેલ જવું મુશ્કેલ છે. જેલ ન જવું એ તો સહેલું છે. માણસ કાંતે નહિ, ખાદી પહેરે નહિ, સાચું કરે નહિ, વિનય વાપરે નહિ બધાની સાથે દ્વેષ કરે, ઢેડભંગીને અડકે નહિ, એટલે તેને જેલ જવાનું કહે જ કોણ ? ઢેડભંગીની અસ્પૃશ્યતાને સંઘરી રાખે એ તાલુકાને કોઇ જેલ જવાનું આમન્ત્રણ આપનાર જ નથી; તેથી બારડોલીની હિમ્મત ને જેલ જવાની ઇચ્છા વિષે મને લવલેશ પણ શંકા નથી. બારડોલીની શક્તિ

મારી નોંધ

પધારો કર્નલ પ્રતાપસીંગજી !

આજે એક અઠવાડિયું થયાં હું સાંભળ્યાં કરૂં છું કે મહાસભાને સમયે સરકાર અમદાવાદનો કબજો કર્નલ પ્રતાપસીંગ અને તેમના સિપાહીઓને સોંપી દેશે અને કર્નલ પ્રતાપસીંગે મહાસભાના પ્રતિનિધિઓને દંડ દેવાનું કામ માથે લીધેલું છે. હું આ અફવા કેવળ પધારો કર્નલ સાહેબ !

જાહીર જ આવું છું. સરકાર એવી બીકણ નથી, એવી છેક નીચ નથી ને એવી મૂરખ નથી. સરકારની પાસે મહાસભાના પ્રતિનિધિને દબાવવાનાં પૂરતાં સાધનો છે. સરકાર કર્નલ પ્રતાપસીંગની મદદ લઈ નબળા માગે એમ હું માનતો નથી. આમ છતાં ભોળા મજૂરો ડરી ગયા છે ને અશાન્ત થયા છે એમ સાંભળું છું. આવી અફવાઓ કોઇએ સાંભળવી ન જોઈયે, સંભળાઈ જાય તો આગળ ચલાવવી ન જોઇયે. કોઈ પણ પ્રકારનો ભય હોય તો મહાસભા તરફથી ખબર મળે. હરકોઇ અફવાથી હેબતાઇ જવું એ ભીરુતાની નિશાની છે, અને ભીરુ લોકોથી સ્વરાજ લેવાય કે જળવાય નહિ. વળી એ નાસ્તિકતાની પણ નિશાની છે. 'હરિને કરવું હોય તે કરે' એમ સમજીને આપણે કેમ શાન્ત ન રહીયે ?

નિર્ભયતાનો મર્મ

પણ કર્નલ પ્રતાપસીંગજી તેમનું દળ લઇને પધાર્યા એમ ધારી લઈયે. તો શો ડર ? તે પણ આપણા જ છે. તેમના સિપાહીઓ પણ આપણા જ છે. તેમની આપણે બરદાસ કરીયે, તેમને વધાવી લઇયે ને તેમના સિપાહીઓની ગોળીની પણ બરદાસ કરીયે. તેમને ગોળી મારવાનો અવસર જ શાને આપીયે ? પોતાને રસ્તે જતાની છેડ કરશે ? કરે તો કરવા દઇયે ને આપણે માર્ગે જ રહીયે. આપણી ખાદીની ટોપી ઉતારશે ? ઉતારે તો આપણે ટોપીને વળગી રહીયે ને માર ખાઇયે. છતાં ઉતારે તો બીજી પહેરીને નીકળીયે ને વધારે માર ખાઇયે. છેવટે તે થાકે. જેનામાં માર ખાવાની શક્તિ ન હોય તે તેને રસ્તે ન જાય, પણ ધોળી ટોપીનો ત્યાગ ન કરે. જેમ નિર્માંસાહારી એવા મુલકમાં ન જાય કે જ્યાં માંસ ખાધા વિના ન જ ચાલે, જેવા કે ઉત્તર ધ્રુવ પાસે. પણ કદાચ ઉત્તર ધ્રુવ પર ચડી ગયા તો ત્યાં મરણની ભેટ કરે પણ માંસાહાર ન કરે. મરણાન્ત લગી પાળ્યો એ જ ધર્મ, બાકી તો સગવડ કે વિનોદ.

જો આપણે ધોળા સિપાહીનો ડર છોડી દેવાનો નિશ્ચય કર્યો છે તો પછી આપણે કર્નલ પ્રતાપસીંગના ઘઉંવર્ણા સિપાહીનો ડર શાને રાખીયે ?

મિત્રતાથી જીતો

ડર રાખવો એ આપણી અશાન્તિ, આપણો વેરભાવ સૂચવે છે. આપણે જેને દુશ્મન માનીયે તે તો જરૂર દુશ્મન બને જ. જો દુશ્મનને પણ મિત્ર ગણી વર્તીયે તો તે કાળે કરીને મિત્ર જરૂર થાય. માણસ વિચારે તેવો બને છે. જેવું કરે છે તેવું ભરે છે. મિત્રતા કરે ને દુશ્મનાવટ લણે એ બનવાજોગ જ નથી. આપણો અસહકાર એ દુશ્મનને પણ મિત્રતાથી જીતવાનું સાધન છે.

આ ધર્મ કંઇ કેવળ હિન્દુનો નથી. ઇસ્લામ પણ એ જ શીખવે છે. ઇસ્લામમાં સબૂરીને પ્રથમ પદ આપ્યું છે. લડાઇને જગ્યા છે, પણ તે તો કેવળ જ્યારે બધા ઉપાયો લેવાઇ ચુક્યા હોય ને પોતે અત્યાચારી કરતાં ઓછા હોય અને ન લડવું એ કાયરતાની નિશાની ગણાય તથા જ્યારે લડાઈ કરાવનારો કોઇ ભારે ઉજ્જ્વળ આત્મા હોય કે જેની ઉપર સહુનો ભરોસો હોય ને જેને પોતાનો સ્વાર્થ ન હોય, ત્યારે. હિન્દુસ્તાનમાં એવી સ્થિતિ છે જ નહિ ને હોય જ નહિ. આપણે સંખ્યામાં ઘણા છીયે. આપણને લડાઇમાં દોરવનાર કોઇ

નથી. આપણું લડતું એ મરદાઇની નિશાની નહિ હોય. આપણે તો પોતે જ બીજા બધા ઉપાયો લઇ ચુકયા નથી. આપણે શાન્તિનો પાઠ પુરો ભણ્યા નથી, આપણે સ્વદેશીવ્રત પૂરૂં પાળ્યું નથી, આપણે સાચા થયા નથી, આપણે હિન્દુમુસલમાને મનનો મેલ તદ્દન કાઢયો નથી, આપણામાંના ઘણાને હજી સરકારની સાથે સહકાર વ્હાલો છે. આ સ્થિતિમાં લડાઇ તે જેહાદ નહિ ગણાય પણ તે ફિસાદ ગણાય એમ મેં ઘણા આલિમોને મુખે સાંભળ્યું છે.

એટલે ગમે તે ધર્મનો વિચાર કરતાં આપણે એક જ નિર્ણય પર આવી શકીયે છીયે. આપણે દુશ્મનને પ્રેમથી જીતવો છે. તેથી ધોળું લશ્કર કે કાળું ગમે તે આવે, તેની સાથે આપણું વર્તન એક જ હોવું જોઇયે. તેથી, જોકે હું માનું છું કે કર્નલ પ્રતાપસીંગજી આપણને શિક્ષા કરવાને આવવાના જ નથી, છતાં ધારો કે એ આવે અથવા બીજા કોઇ કર્નલ પોતાની ટુકડી લઇને આવે તો આપણે કહી શકીયે: 'પધારો કર્નલ સાહેબ!'

દાસ પકડાયા?

એવી જ અફવા દેશબન્ધુ દાસ પકડાયાની ચાલી રહી છે. હું તો માનતો જ નથી કે તે પકડાયા છે. પણ કર્નલ પ્રતાપસીંગના આવવા કરતાં તેમના પકડાવાનો સંભવ વધારે ખરો. જ્યાં હમેશ દમનનીતિ વધતી જાય છે ને હિન્દુસ્તાનના વાદળનો રંગ બદલાયાં કરે છે ત્યાં આપણને શી ખબર કે કોણ કયારે પકડાશે? સાથે કોણ પકડાય છે એ જાણવાની પણ આપણને શી ગરજ? ભલે બધા આગેવાનો પકડાઇ જાય, તોપણ અશાન્ત નથી થવું. જો આપણે આળસુ હોઇયે તો ઉદ્યોગી બનીયે, આપણને આગેવાનોની હાજરીમાં ગેલ કરવાનું મન થઇ જાય તો તેઓની ગેરહાજરીમાં આપણે પોતે જવાબદાર થઇ આગેવાની કરતા થઇ જઇયે. આપણી લડતમાં સહુને આગેવાન થવાનો અધિકાર છે, કેમકે આગેવાન એ કે જે વધારે સેવા કરે. સેવાની આગેવાનીમાં દ્વેષ તો હોય જ શાનો? દાસ પકડાય તો?

તેથી દેશબન્ધુ દાસ પકડાય તો આપણે રાજી થવાનું, નિરાશ ન થતાં ઉત્સાહી બનવાનું, અને એવી આશા રાખવાની કે હવે આપણા જયનો સમય નજીક આવતો જાય છે. આપણી કસોટી થયા વિના કશું મળવાનું જ નથી ને જો કસોટી વિના મળશે તો તે રહેવાનું નથી. જેમ ભૂખ વિના ખાધેલું અન્ન પાછું વળે છે તેમ દુ:ખ વિના મળેલું સુખ જીરવી શકાતું નથી. આપણાં બંધન આપણા અંતર્બળથી એક પછી એક તૂટે તેમ આપણું જોર વધે છે. પણ બાંધેલા માણસને કોઇ એકાએક છોડે તો ને બંધન છૂટતાં પણ અપંગ જેવો દીસે છે ને હોય છે, તેમ આપણું પણ થાય. એટલે આપણા આગેવાનોની જેલ આપણી સ્વતન્ત્રતાનું પ્રભાત સૂચવનારી છે.

ભલે મહાસભામાં લાલાજી ન હોય, દાસ ન હોય, મોહીયુદ્દીન સાહેબ ન હોય, આસામના ફુકન ન હોય, ફરૂખાબાદના શાન્તિસ્વરૂપ ન હોય, લખનૌના હરકરણનાથ ન હોય, આન્ધ્રના ગુપ્તા ન હોય, મદ્રાસના યાકુબ હસન ન હોય, કીચલુ ન હોય, સ્ટોકસ ન

હોય, પંડિત નેકીરામ, પંડિત સુંદરલાલ, ભગવાનદીનજી, પીર બાદશાહમીયાં, જિતેન્દ્રલાલ બેનરજી, સેનગુપ્ત અને એવા અનેક યોદ્ધા ન હોય. તેથી શું ? ભલે અલી બન્ધુઓ ન હોય, ભલે ભડ શીખ સરદારોનો જથો ન હોય. તેઓ શરીરે નહિ હોય, તેઓના આત્મા તો આપણી પાસે જ હશે, આપણું પરાક્રમ જોશે, આપણી પરીક્ષા લેશે. તેઓના બલિદાનને સારૂ આપણે લાયક હતા કે નહિ એ તેઓ તપાસશે. લડવૈયા કંઈ ઘવાયાથી ગભરાય નહિ. એ તો સમજે કે ઘવાવું એટલે આપણું બળ સિદ્ધ કરવું, ને બળ સિદ્ધ કરવું એટલે જીતવું. આપણી શ્રદ્ધા કાયમ રહેવી જોઇયે કે જે જેલની બહાર રહી સેવા કરે છે તે નિર્દોષ હોવા છતાં પણ જેલમાં જાય છે ત્યારે વધારે સેવા કરે છે.

દેશબન્ધુ દાસ અને ના. રોનાલ્ડશે

દાસ અને રોનાલ્ડશે

બંગાળાના નામદાર ગવર્નર સાહેબે આવતી મહાસભાના પ્રમુખ દેશબન્ધુ ચિત્તરંજન દાસને ઉદ્દેશીને એક નાનું સરખું ભાષણ કર્યું છે અને તેમને ચેતવણી આપી છે કે જો અમદાવાદમાં તેઓ સારી વર્તણુક નહિ બતાવે તો તેમની ખબર લેવામાં આવશે. મારી ખાતરી છે કે ના. રોનાલ્ડશે સાહેબની શીખામણ જો નહિ મનાય તો તેમાં પ્રમુખ સાહેબનો આખો દોષ નહિ કાઢી શકાય. તેમણે તો પોતાનું સર્વસ્વ હિન્દુસ્તાનને અર્પ્યું છે. તેઓ અત્યારે દેશના ઇતિહાસની કટોકટીની ઘડીએ મહાસભાનું પ્રમુખપદ સ્વીકારે છે. પોતે અહોરાત્ર પરિશ્રમ કરીને બંગાળામાં નવું ચેતન રેડી રહ્યા છે. તેઓ પ્રસંગે અપ્રસંગે, જ્યાં અને ત્યાં બસ જ અહિંસાનો સન્દેશો ફેલાવી રહ્યા છે. અમદાવાદમાં તો તેમને તેમના કઠણ કાર્યમાં આખા દેશની વફાદારીભરી મદદ જોઇશે, અને જો આખા દેશમાંથી આવનાર પ્રતિનિધિઓ ચાહે તેવા સંકટો આવે તોપણ આ દેશની લડતને પાર ઉતારવાના દૃઢ નિશ્ચય વાળા બનીને આવે તો પ્રમુખનો એ બોજો અનેક અંશે હળવો થશે, એ દેખીતું છે.

મિ. સ્ટોકસ પકડાયા !

સ્ટોકસ પકડાયા

કોટગઢ–કાંગડાવાળા ભલા મિ. સ્ટોકસને પણ સરકારે પકડયા. મુંબઇનાં છાપાઓમાં તેમની ધરપકડના તાર ક્યાંયે છપાયા નથી. લાહોરના 'ટ્રિબ્યુન' છાપામાં તેમની ગિરફતારીની ખબર મેં વાંચી. આવી ભારે ધરપકડના તારો ન ગયા હોય એમ તો હું માની જ શકતો નથી, પણ જેમ અલી બિરાદરોની પરહેજી વેળાના તારો અટકાવવામાં આવેલા તેમ આ તારો પણ અટકાવવામાં આવ્યા હશે અગર તો મોડા પહોંચાડવામાં આવ્યા હશે એમ માનું છું.

મિ. સ્ટોકસને ગઈ તા. ૩જીએ લાહોર છાવણી ખાતે પકડવામાં આવ્યા. 'ટ્રિબ્યુન' છાપામાં તેમણે મોકલાવેલા લેખો 'રાજદ્રોહ તેમજ બાદશાહની પ્રજાની જુદી જુદી કોમો વચ્ચે વેર કરાવનારા' હોવાનો તેમની ઉપર આરોપ છે. જીલ્લા મેજીસ્ટ્રેટે મિ. સ્ટોકસને જામીન પર છોડવા ખુશી બતાવી, પણ મિ. સ્ટોકસે તેમ છૂટવાની ના પાડી.

મિ. સ્ટોકસની ધરપકડ એ સરકારનું નવી જ દિશાએ પગલું કહેવાય. મિ. સ્ટોકસ અમેરિકન ગૃહસ્થ છે અને એમની બાબતમાં એમ કહી શકાય કે કોઈ પણ અમેરિકન અગર અંગ્રેજ ગૃહસ્થે હિન્દુસ્તાનને સ્વદેશ કહીને નથી અપનાવ્યું તેટલે દરજ્જે તેમણે અપનાવ્યું છે. લડાઈ દરમિયાન તેમણે ભારે સેવાઓ બજાવેલી છે અને સરકારના શુભેચ્છક તરીકે મોટામાં મોટા સરકારી અમલદારો સુધી તેઓ જાણીતા છે. તેમને વિષે સરકાર પ્રત્યેના તિરસ્કારની શંકા કોઇથી થઇ શકે એમ નથી. પણ આવા એક ગૃહસ્થ પણ પોતાને હિન્દી માનવા લાગે અને હિન્દીઓમાં ભળવા માંડે, તેમનાં દુઃખોમાં ભાગ લે અને તેમની લડતમા ઝંપલાવે એ સરકારથી કેમ દેખ્યું જાય? તેમને સરકાર સામે ટીકા કરવા છૂટા રહેવા દેવા એ સરકારને અસહ્ય હતું. અને આમ મિ. સ્ટોકસને તેમની ગોરી ચામડી પણ સરકારના રોષમાંથી રક્ષણ આપવાને અસમર્થ નીવડી. સરકારે ગમે તે ભોગે પણ આ ચળવળને જમીનદોસ્ત કરવા કમ્મર કસી છે. પણ જ્યાં અને ત્યાં પાછાં પડવાનો જ એને વખત આવે છે. મિ. સ્ટોકસની ગિરફતારીથી સરકારની એ નબળાઈ જેટલી ઉઘાડી પડી છે તેટલી લાલાજીની ગિરફતારીથી પણ નથી પડી. લાલાજીના ખાતામાં તો લડાઇ દરમિયાનની સેવાઓ પણ સરકારને ચોપડે જમે નથી. વળી લાલાજી તો 'રાજદ્વારી ચળવળીઆ' રહ્યા. એઓ ગોરા પણ નથી તેથી જ્યારે મિ. સ્ટોકસ જેવા ઉપર હાથ નાખવા સરકાર તૈયાર થઈ ત્યારે હવે બહારના કોઈ ત્રાહિતના મનમાં પણ સરકારની દાનતને વિષે જબ્બર શંકા પેદા થયા વિના રહે તેમ નથી.

પારસી ભાઈબહેનોને

હું જાણું છું કે પારસી ભાઇબહેનો ઘણે ઠેકાણે મૂંઝાઇ રહેલાં છે ને હિન્દુમુસલમાનોથી ડરે છે. આવું વચન લખતા પણ મને શરમ આવે છે. જ્યારે આપણે સ્વરાજનો મન્ત્ર જપી રહ્યા છીયે ત્યારે એક પણ કોમને કે એક પણ નિર્દોષ માણસને જો ભયનું કારણ રહે તો સ્વરાજવાદીને શરમાવા જેવું છે. પારસી ભાઈબહેનોને એટલી તો હું ખાતરી આપું છું કે તેમને સારૂ તેમજ ખ્રિસ્તી વગેરે નાની કોમો સારૂ પ્રાણ આપવા સેંકડો હિન્દુમુસલમાનો પડયા છે. તેમને કોઇ અંગ્રેજ અમલદારો ભડકાવતા હશે કોઇ ઈરાદાપૂર્વક ને કોઈ અજાણે ભડકાવતા હોય પણ પારસી ભાઇબહેનોને છાજે છે કે તેઓએ કોઈનાં ડરાવ્યાં ન ડરવું, પણ હિન્દુ-મુસલમાન પોતાના જ ભાઈ છે એમ ગણી તેમની ઉપર વિશ્વાસ રાખી ચાલવું. હું એમ માગું છું કે આપણે એકબીજાને હાથે મરવાનો અને એકબીજાને હાથે જ તરવાનો નિશ્ચય કરીયે. વિશ્વાસથી વિશ્વાસ વધે છે ને અવિશ્વાસથી અવિશ્વાસ પેદા થાય છે.

પારસી ભાઈ બહેનોને

આટલું આશ્વાસન આપતા છતાં જ્યાં જયાં પારસી ભાઇબહેનોને જરા પણ ધાસ્તી લાગે લાગે ત્યાં તેમને મારી ભલામણ છે કે તેઓ મહાસભાની ઓફિસે અને ખિલાફત ઓફિસે ખબર આપે તો તેમના રક્ષણને સારૂ તજવીજ રાખવામાં તે ઓફિસવાળા જરાયે ગફલત નહિ રાખે. ઘણા પારસી ભાઇઓએ મને મુંબઇમાં કહેલું કે ઘણા એમલ્લોએ પારસી ભાઇબહેનોને

સંપૂર્ણ રક્ષણ આપ્યું હતું. કેટલાંક મારવાડી ઘરોમાં પારસી કુટુંબોની રક્ષા થઇ હતી. આખી હિન્દુ કોમ કે મુસલમાન કોમ પારસી ખ્રિસ્તીની સામે થઈ ગઇ હતી એવું તો કોઈ જ પારસી ભાઇબહેન નહિ માનતાં હોય.

કોઇ કોઈ પારસી ભાઇઓ પોતાને થયેલા નુકસાન બાબત મને લખે છે. તેઓને હું એટલી જ આશ્વાસન આપી શકું કે તેવા કેસોની તપાસ કરવા સારૂ એક કમિટી નીમવાની મસલત હું પારસી અગ્રેસરો સાથે કરી રહ્યો છું. જો એવી કમિટી બની જાય તો જેને નુકસાન થયું છે ને જેનાથી તે નુકસાનની બરદાસ ન થાય તેવા બધાની તજવીજ થઇ શકશે. હું તો ઇચ્છું છું કે એક પણ પારસી સરકાર પાસે નુકસાની માગવા ન જાય.

કપડવંજ અને ઠાસરા

કપડવંજ અને ઠાસરા

કપડવંજ અને ઠાસરા તાલુકામાં આ વર્ષે કેટલીક જગ્યાએ પાક ચાર આનીથી ને કોઇ ઠેકાણે છ આનીથી ઓછો આવ્યો છે એમ ખેડૂતો જણાવે છે. આ સ્થિતિમાં તેઓએ શું કરવું ઘટે? અસહકારી તરીકે તો હું એક જ સલાહ આપી શકું કે તેઓનાથી સરકાર પાસે દાદ માગવા ન જવાય; પણ તેઓમાં હિમ્મત હોય તો તેઓ સરકારને નોટિસ આપી શકે છે કે પાક ચાર આનીથી ઓછો છે તેથી તેઓ વિઘોટી નહિ આપી શકે. સરકાર જો ખેડૂતોનો હિસાબ કબૂલ ન કરે તો સરકાર ભલે પંચ નીમે, જેમાં ખેડૂતોના ને સરકારના સરખા પ્રતિનિધિઓ હોય. તેઓ જે ઠરાવ આપે તે બન્ને પક્ષ કબૂલ રાખે. જો સરકાર આમ પંચની વાત કબૂલ ન રાખે તો ખેડૂતો વિઘોટી દેવાનું બંધ કરી શકે ને તેમની માલમતા વેચી સરકાર વસુલ કરવા માગે તો કરવા દે. પણ આવું પગલું ભરતાં પહેલાં ખેડૂતોએ પૂર્ણ વિચાર કરી લેવો જોઇએ.

૧. તેઓ એકસંપીલા રહી શકશે?

૨. તેઓનાં ઢોરઢાંખર, વાસણકુસણ ને ઘરની ઘરવખરી વેચાય તે તેઓ સહન કરી શકશે?

૩. તેઓ શાન્તિ રાખી શકશે?

જો આ ત્રણે સવાલનો જવાબ 'હા' માં મળે તો તેઓ ઉપર જણાવ્યા પ્રમાણે પંચનું કહેણ મોકલ્યા પછી તે કબૂલ ન થાય તો વિઘોટી બંધ કરી શકે છે. ખેડૂતોએ એટલું પણ યાદ રાખવું જોઇએ કે આવી તેમની અંગત લડાઇમાં મહાસભા તેમને જરાયે મદદ નહિ દઈ શકે. તેઓએ પોતાના બળે ઝુઝવું જોઇશે. તેઓની પાસે કુશળ નેતા હોવા જોઇએ. જરા પણ જૂઠને તો અવકાશ ન જ અપાય.

આટલું તો ખેડૂતોનું સ્થાનિક દુઃખ મટાડવા.

જો ખેડૂતો સ્વરાજની ને ખિલાફતની લડતમાં ભાગ લેવા ઈચ્છતા હોય તો તેમણે વધારે દુઃખ સહન કરવા તૈયાર રહેવું જોઈએ. તેમાં આનાવારીનો સવાલ ઉઠી નથી શકતો.

તેમ કરતા પહેલાં તેઓએ સ્વદેશીવ્રતનું પૂરૂં પાલન કરવું જોઇયે, ઓરતોને સમજાવવી જોઇયે, અસ્પૃશ્યતાના મેલને દૂર કરવો જોઇયે. તો જ તેઓ કાયદાનો સવિનય ભંગ કરવા તૈયાર થયા ગણાય.

તા ૧૫-૧૨-૧૯૨૧

§ વાઈસરાયની મૂંઝવણ

ના. વાઇસરાય મૂંઝાયા છે કલકત્તાની 'બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશન' તથા 'બંગાળ નૅશનલ ચેમ્બર ઑફ કૉમર્સ'નાં માનપત્રોને જવાબ વાળતાં તેઓ સાહેબ બોલ્યા છે કે 'હું આ દેશમાં આવ્યો તે જ દિવસથી અહીંના પ્રશ્નનો મેં પરિશ્રમપૂર્વક અભ્યાસ જારી રાખ્યો છે. છતાં પ્રજામાંના અમુક ભાગની પ્રવૃત્તિનો જ્યારે હું વિચાર કરવા બેસું છું ત્યારે સાચે જ મારી મતિ મૂંઝાઇ જાય છે. મને નથી સમજાતું કે સરકાર જોડે બથ્થંબથ્થા કરવા ખાતર કાયદાના આવા હડહડતા ભંગ કરવામાં અને કેદ પકડાવામાં શું હાંસલ હશે?' પંડિત મોતીલાલજીએ આનો એક જવાબ તો તેઓ પકડાયા ત્યારે આપી દીધો છે કે 'હું સ્વતન્ત્રતાને મન્દિર જાઉં છું.' અમે પકડાવા અને જેલ જવા એટલા જ સારૂ માગી રહ્યા છીયે કે અત્યારની આ કહેવાતી સ્વતન્ત્રતા નરી ગુલામી વિના બીજું કંઇ જ નથી. વાઈસરાયની મૂંઝવણ

અમે આ જોરાવર સરકારની તાકાતને પડકારી રહ્યા છીયે કારણ એની પ્રવૃત્તિને અમે કેવળ દુષ્ટ અને અમંગળ માનીયે છીયે. અમે આ સરકારને ઉથલાવી પાડવા માગીયે છીયે, તેને પ્રજાની ઇચ્છા આગળ નમવાની ફરજ પાડવા માગીયે છીયે, અમે બતાવી આપવા માગીયે છીયે કે સરકારની હસ્તી પ્રજાની સેવાને સારૂ છે, પ્રજાની હસ્તી સરકારની સેવાને સારૂ નથી. આ સરકારની હકૂમત હેઠળ માણસને છૂટા રહેવું આજે અસહ્ય થઇ પડયું છે, કારણ તેવા રહેવાને માટે આજે જે કિંમત આપવી પડે છે તે હદ બહારની છે. આપણે અગણિત હોઇયે કે ભલે એક જ હોઇયે, પણ સ્વમાન ગુમાવીને અગર તો આપણા જીવજાન સિદ્ધાન્તનું મૂલ આપીને એવી સ્વતન્ત્રતા લેવાની આપણે ચોખ્ખી ના જ પાડીયે. નાના બાળકોને સદ્ધાં જ્યારે તેમના ચોકસ હેતુની કોઇ આડે આવે છે ત્યારે હઠીલાં કહેવાઇને પણ પોતાના હેતુને મક્કમપણે વળગી રહેતાં મેં જોયાં છે; પછી માબાપની નજરમાં વાત ભલે વિસાત વગરની હોય. લડતનો હેતુ

સરકાર સામે બળવો

વાઇસરાય સાહેબને દીવા જેવું દેખાવું જોઇયે કે અસહકારીઓએ સરકારની સામે લડાઇ માંડી છે. તેમને સમજાવું જોઇયે કે સરકારે જેટલે દરજ્જે મુસલમાનો જોડે વિશ્વાસઘાત કર્યો, પંજાબની બેઇજ્જતી કરી અને આજે પોતાની ઇચ્છા પ્રજાની ઉપર લાદવાનો દુરાગ્રહ ધરી પોતે કરેલા ઘાતની ભરપાઇ કરી આપવાની તેમજ પંજાબને કરેલા જખમની તોબા કરવાની જે ના પાડી રહી છે તે સરકારની સામે અસહકારીઓએ બળવો પોકાર્યો છે.

પ્રજાની સામે બે માર્ગ ખુલ્લા હતા. એક તો તલવાર ખેંચી ખૂનામરકીની લડાઇ માડવાનો, અને બીજો જાતે આહંસામય રહી સરકારની સામે બેઠો બળવો પોકારવાનો. આ બેમાંથી અસહકારીઓએ કેટલાકોએ નબળાઇની લાગણીથી તો કેટલાકોએ બળને પરિણામે—શાન્તિનો એટલે કે જાતે દુઃખસહન કરી આત્મયજ્ઞ કરવાનો—કુરબાનીનો માર્ગ—પકડ્યો છે.

સરકારને પડકાર

જો પ્રજા આ ઝુંબેશમાં અસહકારીઓની પાછળ હશે તો તો સરકારને નમ્યે છૂટકો છે, નહિ તો જમીનદોસ્ત થયે છૂટકો છે. જો પ્રજા અસહકારીઓની મદદગાર નહિ હોય તો તેમને ઓછામાં ઓછો પોતાની સ્વતન્ત્રતા ન વેચ્યાનો સન્તોષ તો મળશે જ. તલવારની લડાઇમાં સામાનું વધુ લોહી રેડી શકનારની મોટે ભાગે જીત થાય છે. શાન્તિનો અને આપભોગનો માર્ગ એ પ્રજામતને કેળવવાનો ટુંકામા ટુંકો રસ્તો છે ને તેથી તેની જીત એ દુનિયાની દૃષ્ટિએ સત્યની જ જીત છે. કાયદાની અદાલતોના વાતાવરણમાં મોટા થયેલા લૉર્ડ રીડિંગ સત્તાની સામેના આવા શાન્ત વિરોધની કદર કરી શકતા નથી. પણ તેઓ નામદાર આ ઝુંબેશ પૂરી થતા સુધીમાં શીખશે કે ન્યાયની અદાલતોના કરતાં પણ એક વડી અદાલત હોય છે. એ અદાલત અંતરના અવાજની છે અને તે બીજી બધી અદાલતોની ઉપરની અદાલત છે.

વાઇસરાય સાહેબ જેલ જનારા બધાને પાગલ અને પોતાનું હિત ન સમજી શકનારા માનવાને મુખત્યાર છે. તેથી તેવાઓને નુકસાનના માર્ગમાંથી ખસેડવાનો પણ તેમને હક છે. એ વ્યવસ્થા આ પાગલોને તદ્દન અનુકૂળ છે; અને સરકારને પણ જો તે અનુકૂળ હોય તો પછી પૂછવું જ શું ? એના જેવી સુન્દર સ્થિતિ તો બીજી એકે નથી. જો અસહકારીઓ હાથે કરીને જેલ માગી લીધા પછી કેદ થતાં કચવાતા હોય, ચીડાતા હોય અગર તો લાલાજીએ કહ્યું તેમ સરકારની દયા કે રહેમની આજીજી કરવા બેસતા હોય તો અલબત્ત વાઇસરાય સાહેબને ફરીઆદ કરવાપણું રહે. અસહકારનું બળ તો કશી ફરીઆદ ન કરતાં જેલ જવામાં રહેલું છે.

ઇરાદાપૂર્વક જેલ માગી લીધા પછી માગેલું મળતાં જો તે કચવાટ કરવા બેસે તો તેનો આખો કેસ જ તૂટી પડે છે.

વાઇસરાય સાહેબે પોતાના ભાષણમાં બીજી જે ધમકીઓ આપી છે તે શોભા વગરની છે. આ લડત અન્ત લગીની છે. પશુબળની આણ કે પ્રજામતની, એ પ્રશ્નનો છેવટનો ફડચો કરી લેવાની આ ઝુંબેશ છે; અને જેઓ પશુબળ ઉપર પ્રજામતની આણ મનાવવાનું બીડું ઝડપીને આ લડતમાં ઉતર્યા છે તેઓ પોતાના મતને છોડવા કરતાં, સરકારે પોતાની સામે તેનું પશુબળ અજમાવી જોવાનો સંકલ્પ કર્યો હોય તો એ રસ્તે પણ એને દોડવું હોય તેટલું દોડી ધરાવા દેવાના નિશ્ચય વાળા છે.

---

૬ દેશબન્ધુ દાસ

દાસ પકડાયા

વાઇસરાય સાહેબે પોતાનો શબ્દ સાચો કરી બતાવ્યો છે. કલકત્તામાં તેઓ નામદાર બોલેલા કે દેશના ચાહે તેવડા મોટા માણસને પણ પકડતાં સરકાર આંચકો ખાશે નહિ, અને સાચે જ દેશબન્ધુ દાસ જેમને દેશ આખાએ એકે અવાજે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખપદને સારૂ ચુંટયા તેમને સુદ્ધાં પકડીને તેમણે તે પૂરવાર કરી આપ્યું છે. એ સાચું કે થોડા દિવસ પર લૉર્ડ રોનાલ્ડશેએ પ્રજાને એમ મનાવેલું કે દેશબન્ધુ મહાસભાની બેઠક સુધી નહિ પકડાય અને મહાસભા પછી પણ જો તેઓ રીતસર નહિ વર્તે તો જ તેમની ખબર લેવામાં આવશે; પણ ના. વાઇસરાય સાહેબની ધમકી તો ત્યારપછીની, એટલે સ્વાભાવિક રીતે જ લૉર્ડ રોનાલ્ડશેનો ઉપલો ગર્ભિત અભિપ્રાય રદ નીવડ્યો.

હડતાળ સામે ઝુંબેશ

મહાસભાના પ્રમુખપદે બિરાજનાર પણ જો સ્વયંસેવકો નોંધવા નીકળે અને પત્રિકાઓ બહાર પાડે તો એને શા માટે છૂટો રહેવા દેવો? શાહજાદાના આગમનને દિવસે હડતાળ પડાવવાની પ્રવૃત્તિ તો કેમે કર્યે અટકે નહિ, ત્યારે કરવું કેમ? મને લાગે છે આવી જ કંઇ મૂંઝવણને પરિણામે દેશબન્ધુ દાસને પકડવાના નિર્ણય ઉપર સરકારને આવવું પડયું હશે. વળી દેશબન્ધુની સાથે જ બીજા પણ અગ્રેસર કાર્યકર્તાઓને પકડવામાં આવ્યા છે. મૌલાના અબુલ કલામ આઝાદ મુસલમાનોના સૌથી વિદ્વાન આલિમોમાંના એક છે. સિવાય ખિલાફત કમિટીના મન્ત્રી મૌલવી અકરામખાન, બંગાળ પ્રાન્તિક સમિતિના મન્ત્રી સસમલ તથા મારવાડી કોમમાં સારૂં વજન ધરાવનારા શ્રી. પદ્મરાજ જૈનને પણ પકડવામાં આવ્યા છે. આ બતાવી આપે

છે કે હડતાળ પડતી અટકાવવા માટે જ આ બધાં પગલાં લેવાયાં હોવાં જોઇયે. આ ધરપકડો બતાવે છે કે લોકોને શાન્તપણે સમજાવવાનું અને પોતાના મતના કરવાનું કામ પણ હવે સરકાર અસહકારીઓને કરવા દેવા તૈયાર નથી. સરકાર પરાણે દુકાનો ઉઘાડી રખાવવા માગે છે, પણ તેને સારૂ કર્નલ જૉનસનની પેઠે બળજોરીથી દુકાનો ઉઘાડી તે લશ્કરી સિપાઇઓના કબજામાં સોંપવાની રીત અખત્યાર કરવા તે રાજી નથી. તે તો પ્રજાના આગેવાનોને પકડીને ગરીબ દુકાનદારોને ડરાવી મુકી તેમની પાસે દુકાનો ઉઘાડી રખાવવા માગે છે.

આગેવાનોની ઇજ્જત ખાતર

કલકત્તાના દુકાનદારોને આ સુન્દર તક મળી છે. તેમણે એકેએક આગેવાનને પકડી જાય તોપણ શાહજાદાના આગમનને દિવસે સંપૂર્ણ હડતાળ પાડીને પોતાનાં નિશ્ચય અને સ્વતન્ત્રતા દેખાડી આપવાં જોઇયે. કારણકે હડતાળના કારણસર આગેવાનો પકડાયા પછી હવે તો ૨૪મી તારીખે કલકત્તાએ સંપૂર્ણ હડતાળ પાડ્યે જ છૂટકો. શાહજાદાના આગમનને દિવસે હડતાળ પાડીને શાહજાદાના સ્વાગત પ્રત્યે પ્રજાકીય વિરોધ દર્શાવવાનો હેતુ પણ હવે તો ગૌણ બની જાય છે. હવે તો મુખ્યત્વે પોતાના આગેવાનોની ઇજ્જતને ખાતર કલકત્તાની પ્રજાએ તે દિવસે સંપૂર્ણ હડતાળ પાડવી રહી. એવી હડતાળ પાડીને આગેવાનો ઉપરનો પોતાનો વિશ્વાસ અને પોતાની મરજીનો અમલ કરવાનો પોતાનો હક પ્રજાએ સાબીત કરી આપવા રહ્યા. મને ઉમેદ છે કે કલકત્તાની પ્રજા આવતી ૨૪મીએ આગેવાનો પ્રત્યેની પોતાની આ દેખીતી ફરજ પૂરી વફાદારીપૂર્વક અદા કરવામાં ફેર નહિ જ પડવા દે.

આગેવાનો પાછળ

અને હવે તો જ્યારે આગેવાનોને પકડી જવામાં આવ્યા છે ત્યારે એકેએક અસહકારીએ શાન્તિ જાળવવાના કામને સારૂ તો પોતપોતાને જ આગેવાન માનવો રહ્યો. તેમનામાંના જેઓ સ્વયંસેવક તરીકે બહાર રહે અને પોતાની દુકાન ઉઘાડવા માગનાર કોઇ રડ્યાખડ્યા દુકાનદારની રક્ષા કરે તેવાઓ સિવાય બાકીનાઓએ ઘર ઝાલીને બેસી રહેવું. હું માની લઉં છું કે ખિલાફત તેમજ મહાસભાસમિતિઓએ તો પોતાના નવા અમલદારો ક્યારના ચુંટી લીધા હશે. આપણી ખરી કસોટી જ હવે છે. આજે આગેવાની અખત્યાર કરવી એ મરહુમ આયરિશ શહીદ મેકિસ્વનીની પેઠે લૉર્ડ મૅયરશીપ અખત્યાર કરવા જેવું છે. એમાં હોદ્દાની સાથે જ તત્કાળ કેદનો બોજો માથે લેવાનો છે.

અને જો પ્રજા સાચી જાગી હોય તો આવા અમલદારોનો અને તેમની પાછળ ચાલનારાં સ્રીપુરુષોનો એકસરખો પ્રવાહ અત્યારે આપણી વચ્ચે ચાલુ જ

રહેવા જોઇયે. આપણી જોગવાઇ હમેશાં સરકારના ઉપાડને બરાબર પહોંચી વળે એવડી રહેવી જોઇયે. એ ઉપાડને પહોંચી વળવામાં આપણુને કદી જ વાંધો નથી આવતો એટલી શાખ આપણે જે દિવસે બેસાડશું તે જ દિવસે આપણી જીત છે.

આપભોગનો ધર્મમાર્ગ

આમ બધાએ જ સરકારની જેલોમાં જઇને બેસવાની જરૂર વિષે આપણે લગીરે શંકિત ન રહીયે. જો કદી આપણે સરકાર માગે તેટલો શિકાર આપવા અશક્ત જ હોઇયે તો એવું કબૂલ કરવાની મરદાઇ આપણે બતાવી આપવી ઘટે કે આપણી સંખ્યા નાની છે. અને જો એમ હોય અને છતાં આપણુને આપણા કાર્યક્રમને વિષે ખરી શ્રદ્ધા હોય તો કેવળ મ્હોડે બોલીને નહિ પણ આપણા શબ્દે શબ્દ મુજબ વર્તન કરીને આપણે આપણી એ અલ્પ સંખ્યાને બહુમતીમાં ફેરવી નાખવી જોઇયે. એક ખાંડી મ્હોડાના ઉપદેશ કરતાં એક અધોળ વર્તન વધુ ફળદાયી છે એ સુવર્ણવાક્યને આપણે કદી ન ભૂલીયે. નવાં સાધન શોધવા નીકળવા કરતાં આપણી પાસે જે કંઇ સાધનસામગ્રી પડેલી હોય તેનો ઉપયોગ કરવો એ જ સાચી કરકસર છે. આપણે માનીયે કે હાજર સામગ્રીનો ઉપયોગ કરતાં કરતાં જ આપણુને નવાં સાધનો મળતાં જશે.

છતાં પ્રજા તરફથી આપણુને વધુ જવાબ ન મળે એમ ઘડીભર માની લઇયે તો-પણ આપણે માનીયે કે જેઓ જેલ જવા રાજી નથી તેઓ પણ પોતાને ઘટતો કામ કરવાનો રસ્તો ખોળી જ લેશે. પછી એ રસ્તે તો તેઓ તનમનથી લાગશે. બાકી દેશના જે હિસ્સાને કુરબાનીને માર્ગે અસહકારનો ઇલાજ પસંદ છે તે તો પોતાથી બનતું બધું કરી છૂટચો હશે. હું તો કહું છું કે આપણે પચાસ વેળા જેલ જઇ આવીયે અને છતાં આપણી સંખ્યામાં એકનો પણ વધારો ન થાય તોપણ હું તો એમ જ કહેવાનો કે 'આપણે તો એનો એ રસ્તો કાપ્યે અને અન્તે આપણા માર્ગને વિષે આખા હિન્દુસ્તાનની ખાતરી કરી આપ્યે જ છૂટકો છે.' એ જ ધર્મમાર્ગ છે, બીજો નહિ. આપણે તો જેઓ સ્વતન્ત્રતાને ચાહનારા છે અને તેને સારૂ આપભોગ આપવા તૈયાર છે તેવાઓને સારૂ સ્વરાજ મેળવવા માગીયે છીયે. એવા માણસોની મારફત જ આપણે ખિલાફતને ટેકો આપવા માગીયે છીયે, કારણ તેઓ જ સાચા હિન્દુ, સાચા મુસલમાન અને સાચા શીખો છે.

મ્યુનિસિપાલિટીઓ પર ધાડ

મ્યુનિસિપાલિટી પર ધાડ

અમદાવાદ, નડિયાદ અને સુરતની મ્યુનિસિપાલિટીઓ પર પાછી કેળવણી ખાતા બાબત ધાડ આવી પહોંચી છે. કેળવણી ખાતાને તે ચલાવવાને સારૂ નાલાયક ઠરાવી મ્યુનિસિપાલિટીના તે ખાતાનો કબજો સરકાર લેવા ધારે છે. તેથી તેણે એવી નોટિસ આપી છે કે જો આ ત્રણે મ્યુનિસિપાલિટીઓ સરકારની મરજી પ્રમાણે ૧૭મી તારીખના ૫ વાગ્યા સુધીમા બંદોબસ્ત નહિ કરે તો સરકાર તે ખાતાનો કબજો લેશે. જ્યાં મ્યુનિસિપાલિટીને ચોખ્ખી બહુમતી છે ત્યાં સરકારને કબજો લેવો મુશ્કેલીનું કામ છે.

મ્યુનિસિપાલિટી અને અસહકારી

અસહકારી સભ્ય મ્યુનિસિપાલિટીમા એક જ ઉદ્દેશથી અત્યારે રહી શકે છે. તે એ કે દરેક યોગ્ય રીતે લોકોનું બળ વધારવું, સરકારનો કાબુ ઓછો કરવો. જ્યા વધારે સહકારીઓ હોઇ એવું ન બની શકતું હોય ત્યા કેવળ ધાધલ કરવા અને ચાલતા કામમાં દખલ દેવા ખાતર અસહકારી ન જ રહે. તે સમજે કે તેમ કર્યાંથી લોકબળ વધતું નથી પણ કેવળ કાળક્ષેપ છે. અનુભવ શીખવે છે કે કેવળ ધાંધલથી જેની પાસે બહુમતી છે તે પોતાની વાતને છોડતો નથી અને તેના સિદ્ધાન્તનો ભેદ પડે ત્યાં તે પોતાની બહુમતીનો સંપૂર્ણ ઉપયોગ કરી લે છે. જ્યા સિદ્ધાન્તભેદ ન હોય ત્યાં બહુમતીનો કાયદો સુન્દર પરિણામ લાવે છે. જ્યા સિદ્ધાન્તભેદ હોય ત્યાં બહુમતીને નમવાની રૂઢિ સમાજને નીચે ઉતારે છે. એટલે જે મ્યુનિસિપાલિટીમાં આપણે બહુમતી મેળવી શકીયે ત્યા જ રહેવું ઇષ્ટ છે.

મ્યુનિસિપલ શુંબેશ

હવે આ દૃષ્ટિએ આવેલી સ્થિતિ તપાસીયે. કેળવણીનો કબજો સરકારને હાથ ન જવા દેવાનો ને સરકારની સાથે માથાફોડ ન કરવાનો એક રસ્તો એ છે કે કેળવણીનો વહીવટ તે જ ગામોની રાષ્ટ્રીય સંસ્થાને સોંપી દેવો, ને તેને ગ્રાન્ટ—મદદ આપવી. મ્યુનિસિપાલિટીને આવી મદદ આપવાનો હક છે. આમ કરી શકાય તો સરકાર કેળવણીનો કબજો લે છતા તેનો કંઇ અર્થ ન થયો. ચાલુ વિદ્યાર્થીઓનો કબજો તેને ન મળે ને તેઓ તો સ્વાશ્રયી જ રહે. સરકારી અમલદારને નવી નિશાળ કાઢવી હોય તો કાઢે. જો કાઢે તો તેને કોઇ શહેરી તો નહિ જ રોકે. પણ તે નિશાળમાં જનાર છોકરાં સરકારને કયાંથી મળે? આપણી માન્યતા તો એવી રહેલી છે કે નિશાળમાં જવા ઇચ્છનાર બધાં બાળકો મ્યુનિસિપાલિટીની શાળામાં આવે જ છે. વળી આ નવા ખાતાના પૈસા પણ લેવામાં સરકારને અડચણ

આવવાની. મ્યુનિસિપાલિટી પોતાની ઇચ્છાએ તો પૈસા ન જ આપે. એટલે દરેક વેળા ટાંચ મુકી પૈસા લેવા જોઇયે. એટલે તેમાં પણ સરકારને હારવું રહ્યું.

બીજો રસ્તો એ છે કે સરકારને પોતાનો અમલદાર મુકવો હોય તો મુકે, પણ નિશાળોમાં મ્યુનિસિપાલિટી બલામણ આપી શકે છે કે તે અમલદારને મહેતાજીઓએ દાદ ન આપવી ને તેને જે પગલાં ભરવાં હોય તે ભરવા દેવાં. આમ બને તોપણ સરકાર થાકે.

ત્રીજો રસ્તો એ છે કે સરકાર કદાચ ચાલુ શાળાનો કબજો લેવામાં ફળીભુત થાય તો મતદારોની વચ્ચે કામ કરવું. એટલે લોકોને એવી તાલીમ આપવી કે જેથી કોઇ પણ છોકરાં સરકારની નિશાળમાં ન જાય ને નવી નિશાળો કાઢી તેમાં તેઓને મોકલવાં.

આ ત્રણે રસ્તા સાથે નહિ ચાલે, પણ ત્રણમાંથી એક લઇ તેની ઉપર ખુબ ધ્યાન દેવું જોઇયે. પ્રતિનિધિઓની ફરજ છે કે મતદારોમાં ખુબ કેળવણી ફેલાવવી કે જેથી દરેક યોગ્ય કામને સારૂ તેઓ તૈયાર રહે.

---

§ આવતી મહાસમિતિ

અમદાવાદની મહાસમિતિ

અખિલ ભારતવર્ષીય રાષ્ટ્રીય મહાસમિતિની આવતી તા. ૨૪મીએ મળનારી બેઠકનું મહત્ત્વ નિરાળું જ છે. આ બેઠકના નિર્ણય ઉપર ભવિષ્યના આખા કાર્યક્રમનો આધાર રહેશે. મને ઉમેદ છે કે મહાસમિતિનો એકેએક સભ્ય આ બેઠકમાં ખસુસ હાજર રહેવા પ્રયત્ન કરશે. દરેક સભ્ય કશા પણ સંકોચ વગર પોતાનો સ્વતન્ત્ર અભિપ્રાય આપશે એવી આશા છે. અને અભિપ્રાય આપવો એટલે તે મુજબ અમલ કરવો. આપણા પ્રજાકીય ઇતિહાસની આ ઘડીએ નિર્જીવ યન્ત્ર જેવી બહુમતી કશા કિંમતની નથી. જો આપણે કોઇ ચોક્કસ કાર્યક્રમની તરફેણમાં મત આપીયે તો તેમાં આપણને શ્રદ્ધા હોવી જોઇયે અને પ્રાણ જતાં પણ તેનો અમલ કરવાની આપણી તૈયારી હોવી જોઇયે.

સ્વતન્ત્રતાની આરાધના

આપણે જેલોના દરવાજાઓને આપણી ભીડથી પહોળા કરવા જોઇયે અને વરરાજા માયરામાં જઇ બેસે તેટલા ઉલ્લાસપૂર્વક જેલોમાં દાખલ થવું જોઇયે. સ્વતન્ત્રતાનાં સંવનન ધારાસભાઓમાં, અદાલતોમાં કે શાળાકૉલેજોના વર્ગોમાં નહિ પણ

કેદખાનાની દીવાલોમાં અને કોઇ કોઇ વાર તો ફાંસીને લાકડે ચડીને જ કરવાનાં હોય છે. સ્વતન્ત્રતા એ આ દુનિયામાં સૌથી વધારેમાં વધારે ચંચળ નખરાળી નાર છે. એ દુનિયાની સૌથી મોટી મોહિની છે. એને પ્રસન્ન કરવી એ કપરામાં કપરૂં કામ છે. એ કેદની કોટડીઓમાં અને આંખે અંધારાં આવે એટલી ઉંચાઇએ પોતાનાં મન્દિર બાંધે છે અને આપણને જેલની દીવાલો ચડતાં અગર તો હિમાલય જેટલી ઉંચાઇએ આવેલા એ મન્દિરે પહોંચવાની આશાએ અગણિત કંકરકાંટાઓથી ભરેલાં ખીણુ ટેકરાઓ વચ્ચે થઇને લોહીલોહાણુ પગે રસ્તો કાપતા જોઇને ખડખડ હસે છે.

શ્રદ્ધાની કસોટી

તેથી મહાસમિતિની બેઠકને સારૂ આવનારા સભ્યોએ પોતાની જે કંઇ ધારણા હોય તે ચોકસ કરીને જ આવવું જોઇયે. જો જેલો અને કેદખાનાં માગી લેવામાં આપણને શ્રદ્ધા ન હોય તો છેડચોક આપણે એ વાતનો એકરાર કરીયે અને બીજા ઇલાજ સૂચવીયે. હું તો જો છેક અત્યારે પણ અગર તો કોઇ પણ વખતે કેદખાનાના માર્ગમાં શ્રદ્ધા વાળો ન હોઉં તો હું એકલો એક જ હોઉં તોપણ તેની તરફેણમાં મારો મત આપવાની ના જ પાડું. તે જ પ્રમાણે જો હું તેમાં માનતો હોઉં તો તેટલી જ દૃઢતાપૂર્વક તેની તરફેણમાં મારો મત આપું અને મને ટેકો આપનાર એક પણ ન નીકળે તેનું દુઃખ માનું નહિ.

જે કટોકટીની સ્થિતિ વચ્ચે થઇને અત્યારે આપણે પસાર થઇ રહ્યા છીયે તેને પહોંચી વળવાને ફુરસદે અમલ કરવાનો કોઇ કાર્યક્રમ ચાલી શકે એમ નથી. આપણે જેઓ જેલની બહાર છીયે તેઓ જેઓ એ જીવનદાયી દીવાલોની અંદર ગયેલા છે તેમના ટ્રસ્ટી બન્યા છીયે. અને આજે આપણા સિદ્ધાન્તોનો મક્કમપણે અમલ કરી એ દીવાલોની અંદર પહોંચી જઇને અને આપણો બોજો આપણી પાછળનાઓની ઉપર નાખતા જઇને જ આપણે એમના એ વિશ્વાસને શોભાવી શકીશું.

મારી નોંધ

૬ પ્રમુખ વિના શું કરીશું?

પ્રમુખની ગેરહાજરી

આપણા પ્રમુખ પકડાયા તેથી આપણે હડબડવું ન જ જોઇયે. આપણી મહાસભામાં તેમનો આત્મા બિરાજતો હશે. હિન્દુસ્તાનને એમનો સંદેશો શું છે તે તો આપણે જાણીયે છીયે. તેઓ પોતે તે સન્દેશાની સજીવ મૂર્તિ થયા છે.

મહાસભામાં આપણે મળીયે ત્યાં સુધીમાં આપણામાંના જે કોઈ જેલ બહાર રહ્યા હોઇયે તેમણે કોઇ એકા પ્રમુખનું કામ ચલાવવાને સારૂ ચુંટી કાઢવો રહ્યો. ખરેખર આથી વધારે શુભ અને મંગળ આશરા હેઠળ આજ સુધી કોઇ મહાસભાની બેઠક નથી મળી. જે અસંભવિત મનાયું હતું તે સરકારના આ શુભ દમનસત્રને પરિણામે હમણાં મંભવિત જણાવા લાગ્યું છે. આપણામાંના ઘણાખરા અગ્રેસરો જેલમાં હોય એ જ સ્વરાજ છે.

અને આ બધી ખટપટ મુકી જો સરકાર એકેએક અસહકારીને કે તો તેના અસહકારને સારૂ માફી માગવાને સારૂ, નહિ તો ૨૯મી ડિસેમ્બર પહેલાં નજીકમાં નજીકની પોલીસ ચોકી પર જઇને પકડાવાને સારૂ હાજર થવાનો એક જ એકસામટો હુકમ કાઢે તો તો વળી હું સંપૂર્ણ સ્વરાજ મળ્યું સમજું. એ શરતે તો હું શ્રી વલ્લભભાઈ અને તેમની બહાદુર ટોળીએ આજે મહિનાઓથી રાતના દિવસ કરીને મહાસભાના પ્રતિનિધિઓ તેમજ પ્રેક્ષકોને ગુજરાતના પાટનગરને છાજે તેવો આવકાર આપવાને ચાહે તેવડી જંગી તૈયારીઓ ભલે કરી હોય તોપણ. મહાસભાની બેઠકને રાજી થઈને જતી કરૂં મારે હિસાબે તો સરકારનો એવો કોઈ પણ હુકમ હિન્દુસ્તાનને માટે સંપૂર્ણ સ્વરાજ છે. એ રીતે એકેએક અસહકારની અલાપી પ્રકટ થવામાં સરકારને પણ સુખ છે અને અસહકારીઓને સારૂ પણ એ ઘણા દિવસની ભૂખ ભાગનારૂં ભાવતું ભોજન છે અસહકારીઓનું સૂત્રવાક્ય જ 'સ્વરાજ યા જેલ' એ છે.

પણ આવી નાતાલના નવા વરસની ભેટ તરીકે આવી ભારે બક્ષિશ આપવા સરકાર ન જ તૈયાર થાય તો તે જે કંઇ નાનીમોટી મહેરબાનીઓથી અસહકારીઓને નવાજે તેટલી પણ અસહકારીઓએ આભાર સહિત સ્વીકારવી ઘટે. છેલ્લા થોડા જ દિવસમાં જેમણે સરકારની જેલ મેળવી પહેલી પાટલી શોભાવી છે તેના મોટામાં મોટાઓની યાદી આજના અંકમાં બીજે આપું છું.* આ યાદી સંપૂર્ણ નથી એ કહેવાનો તો જરૂર નથી જ.

---

*જેલ ગયા

લાહોર: લાલા લજપતરાય; કે. સન્તાનમ; ડૉ. ગોપીચંદ; મલિક લાલખાન; એસ. ઈ. સ્ટોક્સ; ડૉ. સત્યપાલ; ડૉ. ગુરબક્ષરાય.

અજમેર:—મૌલાના મૈનુદીન; મોહીઉદ્દીન; મિરઝા અબદુલકાદર બેગ; સૈયદ અબ્બાસઅલી; મોલવી નૂરૂદીન; મોલવી અબદુલ્લા. હાફીઝ સુલ્તાન હસન; મૌલવી અબ્દુલકાદર બોધારી;

અલાહાબાદ:—પંડિત મોતીલાલ નેહરૂ; પંડિત જવાહરલાલ નેહરૂ; પંડિત શામલાલ નેહરૂ; પંડિત મોહનલાલ નેહરૂ, શ્રી. શમેન્દ્રનાથ બસુ; શ્રી પરસોત્તમદાસ ટંડન; શ્રી. જ્યૉર્જ જોસફ; પં. ગૌરીશંકર મિશ્ર, કે. કે. માથર; પંડિત કપિલદેવ માલવીયા; મૌલાના શરાર; શેરવાની.

§ મહાસભાના પ્રતિનિધિઓ

મહાસભાના પ્રતિનિધિ

દેશભર ચાહે તેવું દમન ચાલી રહ્યું હશે તોપણ આવતી મહાસભાને સારુ તો પ્રાન્તે પ્રાન્તમાંથી પૂરેપૂરી સંખ્યામાં નવા બંધારણ મુજબ ચુંટાઇને પ્રતિનિધિઓ આવશે એવી ઉમેદ હું રાખી રહ્યો છું. એ રીતે ચુંટાઇને આવેલા પ્રતિનિધિઓ મહાસભાને ચોપડે નોંધાયેલા સભ્યોના પ્રતિનિધિઓ હશે. જ્યાં કોઇ ચુંટાયેલા પ્રતિનિધિ પકડાય ત્યાં પેટાચુંટણી થવી જોઇયે અને તેવા પ્રતિનિધિની અવેજમાં નવો પ્રતિનિધિ ચુંટી કાઢવો જોઇયે. ચાહે તેમ થાય તોપણ આવતી મહાસભામાં પસાર થનારા ઠરાવો પૂરેપૂરી સંખ્યામાં હાજર રહેલા પ્રતિનિધિઓને હાથે જ પસાર થવા જોઇયે.

મહાસભાના પ્રતિનિધિ વિષેનો મારો આદર્શ તો એવો છે કે એનું ખાનગી તેમજ જાહેર ચારિત્ર્ય સંપૂર્ણ નિષ્કલંક હોવું જોઇયે. તેને મહાસભાના કાર્યક્રમની દૃષ્ટિએ પોતાના જીલ્લામાં કેટકેટલું કામ થયું છે અને શી સ્થિતિ છે એની વિગતવાર ખરી માહિતી હોવી જોઇયે તેને બીજાને શીખવવામાં મુશ્કેલી ન જણાય એટલું કાંતતાં અને રેંટીયો ચલાવતાં આવડતું હોવું જોઇયે પોષાકમાં તે હમેશાં હાથકંતામણના ખાદીનો જ ઉપયોગ કરનારો હોવો જોઇયે. રાષ્ટ્રીય ધ્યેયની પૂર્તિને સારુ તેમજ હિન્દુ મુસલમાન પારસી ખ્રિસ્તી યહુદી એકતાને સારુ અહિંસા એ જ એક માત્ર ઉપાય છે એવી એની દૃઢ શ્રદ્ધા હોવી જોઇયે વળી અસહકારના કાર્યક્રમમાંનાં જેટલાં અંગ તેના પોતાની બાબતમાં લાગુ પડતાં હોય તેટલાં તેને હાથે પળાતાં હોવા જોઇયે જેલ જવાની તેની તૈયારી હોવી જોઇયે અને પોતાનો બધો નહિ તો મોટા ભાગનો વખત તે દેશકાર્યમાં ગાળતો હોવો જોઇયે. સિવાય જો પોતે હિંદુ હોય તો 'અસ્પૃશ્યતા'ના મેલને તેણે પોતાના વર્તનમાંથી ધોઈ નાખ્યો હોવો જોઇયે; એટલું જ નહિ પણ આ વરસ દરમિયાન પોતાના જીલ્લાના અન્ત્યજોની તેણે કંઈ ને કંઇ સેવા કરેલી હોવી જોઇયે.

લખનૌ:—મોલાના સલામતુલ્લાહ; ચૌધરી ખલિકુઝમાન; મોહનલાલ સકસેના; શેખ મહમ્મદ શૌકતઅલી; ડૉ. લક્ષ્મીસહાય; ડૉ. શિવનારાયણ સકસેના; હકીમ અબદુલવલી; પંડિત બ્રહ્મમુકુંદ બાજપેયી; લાલબહાદુર ત્રિપાઠી; હરકરણનાથ મિશ્ર.

બંગાળ:—શ્રી. ચિત્તરંજન દાસ; શ્રી. જિતેન્દ્રલાલ બેનરજી; મૌલાના અબુલ કલામ આઝાદ; અક્રમખાન; શ્રી. હરીલાલ ગાંધી; સસમલ; મૌલાના અબ્દુલ મુસાવીર, પદમરાજ જૈન.

દિલ્હી:—લાલા શંકરલાલ; આસફઅલી.

આસામ:—શ્રી. ટી. આર. ફૂકન; એન. સી. બારદોલાઈ; આર. કે. ચૌધરી, વિશ્નુરામ મેઢી, મોહીબુદ્દીન; કલાધર છાલીહા.

મદ્રાસ:—વેંકટસુબ્બય્યા, લક્ષ્મીનરસિંહમ.

ત્રીસ કરોડ પ્રજાની સેવાને ખાતર આવા ચુસ્ત, સચ્ચા, નિર્ભય અને પોતાનો બધો સમય દેશને આપનારા છ હજાર સેવકોની આશા રાખવી એ શું વધુપડતું છે ? હું તો આવતી મહાસભામાં મુસલમાન અને શીખ પ્રતિનિધિઓ પણ પૂરેપૂરી સંખ્યામાં આવશે એવી આશા રાખું છું અને એ આશા પણ રાખી રહ્યો છું કે એકેએક પ્રાન્ત પોતપોતાને ત્યાંથી સ્ત્રી પ્રતિનિધિઓને પણ સારી સંખ્યામાં મોકલ્યા વગર રહેશે નહિ.

§ નિરાશા નહિ

લાલાજીના પાછળ પંજાબમાં અને આસામમાં જ્યાં શ્રી. ફુકન બરદોલાઇ વગેરે આગે- જુલમનો
વાનોને જેલ મળી ત્યાં અથવા તો અજમેરમાં જ્યાં ખિલાફત અને મહાસભા બન્ને સમિતિઓ- જવાબ
ના પ્રમુખ મોહીયુદ્દીન પકડાયા છે ત્યાં હવે કેમ થશે—એવો સવાલ મને ઘણાએ પૂછ્યો. મેં જવાબ આપ્યો કે દુખીઓના કારાગ્રહવાસથી પ્રજાનું કાર્ય આગળ જ વધવાનું. આ આગેવાનોની જેલના જવાબમાં હું તો તે તે પ્રાન્તોમાં પ્રજાની પાસેથી વધુ સંયમની, જવાબદારીના વધુ ખ્યાલની જ આશા રાખી રહ્યો છું. આ પ્રાન્તોમાં આજ લગી થયું હોય તેથી વધારે જોશભેર સ્વદેશીનું કાર્ય થાય, વધુ પ્રમાણમાં ખાદી નીકળવા માંડે. વિદ્યાર્થીઓમાં તેમજ વકીલવર્ગમાં વધુ જાગૃતિ આવે. જો આપણે સ્વરાજને લાયક હોઈએ તો તો આગેવાનોના શૂરાતનનો ચેપ પ્રાન્ત આખાની પ્રજામાં ચોમેર ફેલાઈ જાય. સરકારની સખ્તી અને દમનની સાથેસાથે જ પ્રજા સામી ચડતી જવી જોઈએ, પાછળથી નહિ. કારણ થોડા સમય પૂરતી પણ પ્રજા સરકારી સખ્તી આગળ કાયર થઈ દબાય છે એમ જોશે તો પશુબળ ઉપર ખડી થયેલી સરકાર એનો તેટલા પૂરતો લાભ લેવા પણ કદાપિ ચૂકશે નહિ, પછી પાછળથી ભલે લોકો ફરી માથું ઊંચકે. પશુબળના જોર પર ચાલતી સરકારો ચાલતા ઘડી પૂરતું જ જોનારી હોય છે અને દમનનીતિ ઉપર જ તે ફાલે છે. એ દમનનીતિ જ્યારે નિષ્ફળ નીવડે છે અને જે હેતુસર અખત્યાર કરવામાં આવેલી હોય છે તે હેતુ જ્યારે તેમાંથી બર આવતો અટકે છે ત્યારે આવી સરકારો સ્વાભાવિક મરણને શરણ થાય છે. જો આપણા આગેવાનો પકડાતાં આપણે તેમનો જુસ્સો આપણામાં ઉતરેલો ન બતાવી આપીએ તો આપણે આપણા આગેવાનોના નામને લજવીએ.

§ શીખ બલિદાન

બીજી બાજુએ શીખ ભાઈઓ સ્વતન્ત્રપણે પોતાની અને તે સાથે હિન્દુસ્તાનની ગુંચ શીખ
ઉકેલી રહ્યા છે. તેમના સારામાં સારા માણસો શીખ ધર્મને ખાતર આજે એક પછી એક બલિદાન
પોતાનાં બલિદાન આપી રહ્યા છે. સાચા સિપાહીઓને છાજે તેમ કશી હોહા કર્યા વગર અગર તો કશી મારફાડ થવા દીધા વગર તેઓ જેલો શોધી રહ્યા છે. જો આવી જ હિમ્મતથી તેઓ આમ ને આમ આગળ ધપ્યે જશે તો તેઓ પોતાનો ધાર્મિક પ્રશ્ન તો ઉકેલશે જ પણ હિન્દુસ્તાનનો પ્રશ્ન ઉકેલવામાં તે મોટી મદદ કરશે એ વિષે મને લગીરે શંકા નથી. આખું હિન્દુસ્તાન શીખોની ધર્મજાગૃતિને આતુરતાપૂર્વક નિહાળી રહ્યું છે.

માબાપોને

વિદ્યાર્થીઓનાં માબાપોને

જે માબાપો પોતાનાં છોકરાંને શાળાઓમાં કે આશ્રમોમાં મોકલે છે તેઓએ કેટલીક ફરજ બજાવવાની હોય છે. તે ન બજાવે તો છોકરાંઓને, તે તે સંસ્થાઓને અને માબાપોને પોતાને નુકસાન થાય છે. જે સંસ્થામાં છોકરાંને મોકલવાં તેના નિયમો જાણી લેવા જોઇયે. છોકરાંના ટેવો અને હાજતો જાણવી જોઇયે અને કરેલા નિશ્ચયનું પાલન કરવું જોઇયે. છોકરાંનો આશ્રમમાં રહેવાનો કાળ હોય ત્યારે તેમને પોતાના સ્વાર્થને અંગે ન ઉઠાડાય, ચાકરાને સારૂ ન ઉઠાડાય; પછી વિવાહમાં જવા તો કેમ જ ઉઠાડાય? એવા પ્રસંગોમાં છોકરાંઓને બોલાવાય કેમ? જેમ માબાપો પોતાનાં બધા વ્યવહારકાર્યોમાં છોકરાંઓને નથી રોકતા તેમ વિવાહ ઇત્યાદિ કાર્યોમાં પણ તેમને ન રોકે. બાળકોનો શિક્ષણકાળ એવો હોય છે કે તે દરમિયાન છોકરાંઓનું ધ્યાન તેમાંથી બીજા કોઈ વિષય ઉપર ખેંચવું ન જોઇયે. વળી શિક્ષણકાળમાં બાળકો બ્રહ્મચારી રહેવાં જોઇયે. જો તેઓને વિવાહ વગેરે જોવાની વ્યાધિમાં નાખવામાં આવે તો વિઘ્ન આવવાનો સંભવ છે. તેથી બાળકોને તેવાં કાર્યોમાંથી ઈરાદાપૂર્વક અલગ રાખવાની આવશ્યકતા છે. વળી વિવાહ એ જ આ સમયે વિપરીત વાત લાગે છે. ત્યાં જે બાળક પોતે તેનાથી દૂર રહેવા માગે તેને પણ તેમાં લલચાવવું એ તો તેની ઉપર અત્યાચાર જ કરવા જેવું છે. આ કાળમાં જ્યારે મન નબળાં પડી ગયાં છે. લાલચોની સામે થવાની શક્તિ ક્ષીણ થઇ ગઇ છે, તેમાં કોઇએ નિયમ પાળવાનો ઇરાદો કર્યો, કંઇક પણ ત્યાગ કરવા ઇચ્છ્યું, તો તે વૃત્તિને પોષવાની જરૂર છે તેમ કરવાને બદલે જો નિયમોને આપણે જ તોડાવ્યા કરીયે તો આપણે નબળાઈને પોષીયે. જે વિવાહપ્રસંગને વિષે કહ્યું છે એ અનેક દાખલાઓમાં લાગુ પડે છે. વિચારપૂર્વક પોતાનાં બાળકોને ઉછેરનાર માબાપ એવા અનેક પ્રસંગો શોધી શકશે કે જ્યારે બાળકોને તેઓએ આગળ વધારવાને બદલે પાછળ પાડ્યાં છે.

તા. ૧૮-૧૨-૧૯૨૧

ગુજરાત શું કરશે ?

ગુજરાતમાં વ્યક્તિગત ભંગ

બંગાળના પાંચસેં યોદ્ધા છેલ્લા દસ દિવસમાં પકડાયા છે. સંયુક્ત પ્રાન્તના બસેંથી ત્રણસેં પકડાયા હોવા જોઇયે. પંજાબમાં સોએક પકડાયા છે. જો તે તે જગ્યાઓમાં વધારે ન પકડાયા હોય તો તે કંઇ તે પ્રાન્તના અસહકારીઓનો દોષ નથી. જે કાગળો મારા ઉપર આવ્યા છે તે પરથી હું જોઉં છું કે એ ત્રણે પ્રાન્તોમાં સરકારને માગે છે એટલા યોદ્ધા મળ્યે જાય છે. આટલા પકડાયા જો તે થોડા ગણાય તો

તે સરકારની સુસ્તીને આભારી છે. દરેક પ્રાન્તમાં જેલને સારૂ સેંકડો યાત્રાળુઓ તૈયાર છે.

આવે સમયે ગુજરાત શાન્ત છે, મૂંગું છે, ધીરજ ધારી બેઠું છે. મને આ શાન્તિ, ધીરજ અને માન અતિશય પ્રિય છે, કેમકે મને વિશ્વાસ છે કે સેંકડો ગુજરાતીઓ જેલ જવા તૈયાર જ બેઠા છે. ગુજરાતે જેલો ભરવામાં પહેલ કરવાની આશા રાખી હતી, પણ તે માન તો અત્યારે બંગાળ ખાટી રહ્યું છે. પણ આપણે ખરેખરા તૈયાર હોઇયે તો આમાં બંગાળની અદેખાઇ કરવાનું કારણ નથી. હું માની લઉં છું કે આપણો સમય આવશે ત્યારે આપણે બંગાળને ક્ષણવારમાં પહોંચી વળશું.

એ સમય નજીક આવતો જાય છે.

બારડોલી તૈયાર ન થાય, આણંદ તૈયાર ન થાય તો આપણે સામુદાયિક ભંગ નહિ કરી શકીયે. પણ વ્યક્તિગત ભંગ કરવામાં તો આપણને પ્રતિબન્ધ છે જ નહિ. સામુદાયિક ભંગથી તો આપણે ધાર્યું પરિણામ તુરત લાવી શકીયે; વ્યક્તિગત ભંગથી જરા ઢીલ થાય. મારી ઉમેદ તો એવી છે કે બારડોલી તો તૈયાર થશે જ અને તેથી આપણે સામુદાયિક તેમજ જરૂર પડયે વ્યક્તિગત એમ બન્ને ભંગ કરવા તૈયાર થઇ જઇશું.

બારડોલી, આણંદ, નડિયાદ ભલે સામુદાયિક ભંગને સારૂ તૈયારી કરે. બીજા બધા ભાગોમાં વ્યક્તિઓએ તૈયાર થઇ રહેવું જોઇયે. દરેક ગામમાં જેટલા માણસો તૈયાર હોય તેમણે પોતાની ગ્રામ્ય સમિતિમાં નામ નોંધાવી દેવાં જોઇયે. જો ગ્રામ્ય સમિતિ ન હોય અથવા કોઈ નામ નોંધવા તૈયાર ન હોય તો તાલુકા સમિતિમાં નોંધાવી દેવાં. ગ્રામ્ય સમિતિએ તાલુકા સમિતિમાં નોંધાવવાં. એ નામો બધાં છેવટે ગુજરાત પ્રાન્તિક સમિતિમાં નોંધાઈ જવાં જોઇયે.

સ્વયંસેવકની શરતો

જેની શ્રદ્ધા શાન્તિથી જ સ્વરાજ મળી શકે એવી ન હોય, જે હિન્દુ હોય તો અસ્પૃશ્યતાનો ત્યાગ કરવા તૈયાર ન હોય, જે સારૂં કાંતી ન જાણનો હોય, જેણે પરદેશી કાપડનો સર્વથા ત્યાગ ન કર્યો હોય, જે હાથે કાંતેલ અને હાથે વણેલ ખાદીનો જ ઉપયોગ ન કરતો હોય, જે હિન્દુ મુસલમાન શીખ પારસી ખ્રિસ્તી યહુદીની વચ્ચે મિત્રતાની આવશ્યકતા ન માનતો હોય, તેણે જેલ જવાનો વિચાર જ ન કરવો અને તેથી તેણે સ્વયંસેવકોમાં પોતાનું નામ નોંધાવવાનો વિચાર અવશ્ય છોડી દેવો.

જેઓએ આત્મશુદ્ધિ નથી કરી, જેઓએ શરાબ ઇત્યાદિ નથી છોડ્યાં તેઓ આ ધાર્મિક યુદ્ધમાં નહિ જોડાય તો તેથી તેઓ દેશસેવા કરશે, કેમકે તેઓ પોતાની મર્યાદા સમજ્યા ગણાશે.

જેઓ સ્વયંસેવક થાય તેમણે પોતાના ભરણપોષણનો બંદોબસ્ત પોતાની મેળે કરી લેવો. સમિતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો વિચાર ન રાખવો. જેઓ દેશસેવા કરવા ધારે તેમને એવો એક પણ મિત્ર ન મળે, કે જે તેમના હાજતો આવે સમયે પૂરી પાડે, તેવા દેશસેવા કરવા યોગ્ય ન હોઇ શકે એમ મારી માન્યતા છે. એવા માણસનું ખર્ચ વધારે હોય નહિ ને હોય તેટલું કોઇને ભારે ન જ પડે.

જે મેં પુરુષોને માટે લખ્યું છે તે સ્ત્રીઓને પણ લાગુ પડે છે. જોકે સ્ત્રીઓને એકાએક જેલમાં જવા કાઢવાની જરૂર નથી, તોપણ તેઓમાંથી જેમણે સ્વદેશપ્રીતિનું પાન કર્યું છે તે તો તૈયાર થઇ જ રહે.

કાઠીયાવાડથી એક મિત્ર પૂછે છે કે દેશી રાજ્યોમાં રહીને શું કરવું ? દેશી રાજ્યોમાં રહીને રૈયતવર્ગે ભરતી ન કરવી. પણ જેમનો જેલમાં જવા વિચાર હોય તે પોતે પોતાનું નામ પ્રાન્તિક સમિતિ પાસે નોંધાવી શકે છે; ને જેઓ નામ નોંધાવવા તૈયાર ન હોય તે પણ સ્વયંસેવકના જે ગુણોનું હું વર્ણન કરી ગયો છું તે તો કેળવે જ.

આમ આપણે તૈયારીઓ કરી હજારોની સંખ્યામાં જેલ જવા તૈયાર થઇયે તો જ આપણાં ધીરજ, શાન્તિ ને મૌન શોભી નીકળે ને ખરી બહાદુરીમાં ખપે. જો આપણે સમય આવ્યે એટલું જોર ન બતાવી શકીયે, એટલો આપભોગ ન આપી શકીયે તો આપણે નામર્દ ને નમાલામાં ખપીયે. પણ મારા મનમાં ગુજરાતની હિમ્મત વિષે શંકા નથી.

કુટુંબથી શરૂઆત

હું એટલું જ માત્ર ઇચ્છું છું કે એ હિમ્મતની સાથે જ્ઞાન પણ આવે. જે જ્ઞાનની જરૂર છે તે જ્ઞાન સ્વદેશીની આવશ્યકતા વિષે અને અસ્પૃશ્યતા દૂર કરવા વિષે. દરેક પુરુષે એ જ્ઞાન પોતાના કુટુંબને ને પરણેલાએ પોતાની સ્ત્રીને આપવા પ્રયત્ન કરવો જોઇયે. સ્ત્રીઓમાં હજુ જોઇયે તેટલો ખાદીનો પ્રેમ જામ્યો નથી, રંગબેરંગી ને ભડકામણી ભાતો વાળાં પરદેશી કપડાંનો મોહ ગયો નથી. તેઓએ હજુ અસ્પૃશ્યતાના પાપનો ત્યાગ કર્યો નથી. તેમને ધીરજથી ને પ્રેમથી સમજાવવાનું બાકી રહ્યું છે. આ કાર્ય સૌ પોતપોતાના કુટુંબમાં સહેલાઇથી કરી શકે છે. હમેશાં

તેમાં સફળતા ન મળે એ સમજી શકાય તેમ છે, પણ આપણો પ્રયાસ કુટુંબથી જ શરૂ થવો જોઇયે જેમ નવા ભોગોમાં આપણે કુટુંબને પહેલું ભેળવીયે તેમ જ નવા ત્યાગોમાં કે નવા સુધારામાં પણ તેને પ્રથમ ભાગીદાર બનાવવું જોઇયે.

આ માસમાં ગુજરાત મહાસભાના સ્વાગતમાં ગુંથાયેલું રહી શકે છે, પણ જાનેવારીમાં ગુજરાતે પરીક્ષાને સારૂ તૈયાર થયે જ છૂટકો છે. તેથી હું આજથી ગુજરાતીઓને સાવધાન કરવા ઇચ્છું છું. પ્રાન્તિક સમિતિનું નવા ખ્રિસ્તી વર્ષનું પહેલું કામ ગુજરાતીઓને આપભોગ સારૂ તૈયાર કરવાનું હશે.

સભ્યતા

વિનય અને સભ્યતા

સભ્યતા, વિનય, નમ્રતા—આ ગુણોની ઉપર એટલો બધો ઓછો ભાર મુકાય છે કે કેમ જાણે તેની આપણા ચારિત્ર્ય ઉપર કંઈ અસર જ ન પડતી હોય. કોઈ માણસ સ્થૂલ બ્રહ્મચર્ય પાળે તો એ બાબતના ગુનાને સહુને વગોવે ને ધમકાવે, અને આપણે તેની અસભ્યતાને દૂઝણી ગાયની પાટુની જેમ સાંખી લઇયે છીયે. તેમજ જો કોઇ માણસ સાચાબોલો હોય તો તેને આખાબોલો થવાના ઇજારો આપણે આપી જાય; અને જે ખાદી પહેરતો થયો તે ખાદી ન પહેરનારની ઉપર ટટકની મારફત ચડી આવી શકે. તે જ રીતે જે સવિનય ભંગ આદરે તે તેને પોતાની વર્તણુકમાં અવિનય વાપરવાની રજા મળ્યા જેવું કરીને બેસે છે. આ અસભ્યસેનાના નાયકો નથી બ્રહ્મચારી, નથી સત્યવાદી, નથી ખાદીવાદી કે નથી સવિનય ભંગી. આ ચારે જણ પોતપોતાની પ્રતિજ્ઞાથી એટલા બધા વેગળા છે, જેટલી ઉત્તર દિશા દક્ષિણથી. જ્યાં વિનય નથી ત્યાં વિવેક નથી અને જ્યાં વિવેક નથી ત્યાં કંઇ જ નથી, એમ કહી શકાય. વિશ્વામિત્રની તપશ્ચર્યા જ્યાં સુધી તે વિનય ન શીખ્યો ત્યાં સુધી અધૂરી ગણાઈ.

વિનય ને નમ્રતા શાન્તિની નિશાની છે. અવિનય ને ઉદ્ધતાઇ અશાન્તિસૂચક છે. એટલે અસહકારીથી અવિનયી તો થવાય જ નહિ. છતાં અસહકારીની ઉપર મોટામાં મોટો આરોપ અવિનયનો ને ઉદ્ધતાઇનો મુકવામાં આવે છે, અને તેમાં વજુદ ઘણું છે. અસહકારી થયા એટલે આપણે કંઇક મહાભારત કાર્ય કર્યું હોય એમ આપણે માનીયે છીયે, કેમ જાણે જેણે પોતાનું કરજ પતાવ્યું હોય તેને માનપત્ર લેવાનો હક પ્રાપ્ત થયો હોય!

આવા અવિનયથી આપણી લડતમાં જીત મળતાં આપણને ઢીલ થાય છે, કેમકે જેમ વિનય રોષને અને દ્વેષને રોકે છે તેમ જ અવિનય શત્રુતા વધારે છે. જો અસહકારી સહકારી તરફ વિનયવાન રહ્યા હત, તેઓને ગાળો ન દીધી હોત ને તેઓના પ્રત્યે આદર વગેરે રાખ્યાં હોત તો અત્યારે જે ખટાશ બે પક્ષ વચ્ચે થઇ ગઇ છે તે ન થાત; તો મુંબઇમાં જે માઠું પરિણામ આવ્યું તે ન આવત. જે વિદ્યાર્થીએ સરકારી નિશાળ છોડી છે તે ન છોડનારને પજવે નહિ, તેને ગાળો ન દે, પણ તેને પોતાના પ્રેમથી જીતે. પોતે તેની જેવી સેવા પૂર્વે કરતો હતો તેવી જ હજુયે કર્યે જાય. જે વકીલે વકીલાત છોડી છે તે ન છોડનારની સામે મ્હોડું ન મરડે, પણ તેની જોડે પ્રથમના જેવી જ મીઠાશ રાખે. જેણે સરકારની નોકરી છોડી છે તે ન છોડનારને ગાળો ન દે.

આમ જો આપણે આપણું કામ લઇ શક્યા હોત તો સંભવ છે કે આજે તો આપણે આપણું કામ ઉકેલીને પણ બેસી ગયા હોત ને દેશ ચડ્યો છે તેના કરતાં ઘણો આગળ વધ્યો હોત. વિનીત પક્ષ આપણાથી અલગ રહી જ ન શકત.

ખાદી પ્રચારમાં વિનય

વિનય વાપરવો એટલે ખોટી ખુશામત કરવી એવો અર્થ કોઇ નહિ કરે, એવી ઉમેદ રાખું છું. વિનય વાપરવો એટલે આપણે આપણો ધર્મ છૂપાવવો એમ પણ નથી. વિનય વાપરવો એટલે આપણા પોતાના ધર્મ પર ચુસ્ત રહેતા છતાં બીજાના પ્રત્યે આદરભાવ રાખવો. હું તિલક કરૂં એટલે તિલક ન કરનારની મશ્કરી ન કરૂં. હું પૂર્વ ભણી ઉભી પ્રાર્થના કરૂં એટલે પશ્ચિમ ભણી નિમાજ પઢનાર મુસલમાન ભાઇનો તિરસ્કાર ન કરૂં. મને સંસ્કૃત ઉચ્ચાર આવડે તેથી અરબી ઉચ્ચારને વખોડી ન કાઢું. ખાદીવાદી પોતાની ખાદીની ટોપી પહેરતો છતો કાળા હૅટ પહેરનારની પ્રત્યે સહનશીલતા ને પ્રેમ બતાવી શકે છે. ખાદીથી લદાયેલો માણસ જો પરદેશી કપડાં પહેરનારને ગાળ ભાંડવા મંડી જાય તો તે પરદેશી કપડાંનો મોટો પ્રચાર કરનારો નીવડવાનો. મુંબઇના ઉપદ્રવથી ખાદીનો પ્રચાર વધ્યો નથી. કેટલાકને તો અત્યારે ખાદીમાંથી બદબો છૂટતી જણાય છે.

જો આપણે ખાદીવાદીઓ આખા હિન્દુસ્તાનને ખાદી પહેરતું કરી મુકવા ઇચ્છતા હોઇયે તો આપણે ધીરજથી પરદેશી કપડાં વાપરનારાને સમજાવવા જોઇશે. પરદેશી કપડાંને ગમે તેટલાં વખોડીયે, પણ તે પહેરનારની સાથે તો મહોબ્બતથી જ વરતીયે. મરકી ભુંડી છે, પણ મરકીથી પીડાતાનો ત્યાગ કરીયે તો આપણને પણ મરકીનો ચેપ લાગવાનો સંભવ છે. આપણે રોગનો નાશ ઇચ્છીયે, રોગીનો કદી

નહિ. પરદેશી કપડાં પહેરવાં એને આપણે રોગ માનીયે છીયે, તો તે રોગથી પીડા-તાની આપણે સેવા કરીયે. પરદેશી કપડાં પહેરનાર આપણને કાં રોગી ન માને ? ભલે માને. તેમ છતાં જો આપણે એકબીજાની સેવા જ કર્યાં કરશું તો કોઇ ને કોઇ દિવસે જેનું અજ્ઞાન હશે તે બહાર આવશે. એમ નહિ કરીયે તો ધર્મ અને અધર્મનો ભેદ આપણને કદી નહિ જણાય.

જેલમાં વિનય

જેમ સહકારી પ્રત્યે વિવેક વાપરવાની જરૂર છે તેમ જ આપણે જેલમાં જનારે પણ વિનય જાળવવો પડશે. એક તરફથી જેલના નિયમોનું પાલન ને બીજી તરફથી સ્વમાનનું એ બન્ને વસ્તુ સાથે જાળવાવી મુશ્કેલ છે. જેલના કેટલાક ધારા કુદરતથી જ હીણપત લગાડનારા હોય છે. જેલમાં આપણે કોટડીમાં પૂરાયે જ છૂટકો. એમ જે ધારા બધા કેદીને લાગુ પડતા હોય તેને આપણે માન આપવું જ જોઇયે. અને તે સાથે જ જ્યાં આપણને હલકા પાડવા ખાતર જ કંઇ કરવામાં આવતું હોય ત્યાં દૃઢતાપૂર્વક તેના સામે પણ થવું જોઇયે. એકવાર વિનયની કેળ-વણી આપણે પામીયે તો કયે પ્રસંગે કેમ વરતવું એ આપણને એની મેળે માલમ પડી જશે.

અસહકારી અને વિનય

જ્યાં હુંપદ છે ત્યાં અવિનય ને ઉદ્ધતાઇ છે. જ્યાં હુંપદ નથી ત્યાં સભ્યતાની સાથે જ સ્વમાન છે. હુંપદવાળો શરીરનું અભિમાન રાખે છે. સ્વમાન જાળવનાર આત્માને ઓળખી તેની જ ચિન્તા કરે છે, ને તે પાછળ શરીરને ગાળી નાખવાને તૈયાર રહે છે. સ્વમાનના પૂજારી આ જગતમાં બધાની સાથે મિત્રભાવથી વર્તે છે, કેમકે તેને પોતાના માન જેટલું જ સહુનું માન પ્રિય લાગે છે. તે બધામાં પોતાને અને પોતામાં બધાને જુએ છે, બીજાની જોડે પોતાને મુકે છે. અહંકારી બધાથી અતડો રહે છે ને પોતાને બધાનો ઉપરી માની જગતનો કાજી થવા જતાં જગતની પાસેથી પોતાની હલકાઇનું માપ કઢાવી લે છે.

તેથી શાન્ત અસહકારીએ વિનયને નોખો ગુણ ગણી તેને પણ કેળવવો જોઇશે. એમાં જ વ્યક્તિની કે પ્રજાની સભ્યતાનું માપ આવી જાય છે. અસભ્યતા પશુતા છે એમ નિશ્ચયપૂર્વક સમજી અસહકારી તેનો સમૂળો ત્યાગ કરે.

હિન્દુસ્તાનનું અર્થશાસ્ત્ર

સ્વદેશી સામે દલીલો

એક મિત્રે મને હિન્દના કાપડના વેપાર પરની એક સરકારી પત્રિકા આપી છે. એ હિન્દી સરકારના હુકમથી મિ. એ. સી. કોચેએ તૈયાર કરી છે. આ પત્રિકાની શરૂઆતમાં જ આવી ટીપ મુકેલી છે: 'હિન્દી સરકાર ખુલાસો કરવા ઇચ્છે છે કે આ પત્રિકામાં જે વિગતો રજૂ કરવામાં આવી છે અને જે અભિપ્રાય દર્શાવવામાં આવ્યા છે તે બધા લેખકના પોતાના જ સમજવા.' જો એમ જ હોય તો હિન્દી સરકારે આવી પત્રિકાઓના ખર્ચનો બોજો કર ભરનાર પ્રજા ઉપર નાહક શા સારૂ નાખ્યો છે? વળી આ પત્રિકા કંઇ પહેલવહેલી જણાતી નથી. એ તો માળાનો ૧૬મો મણકો છે. શું સરકાર આ આર્થિક સવાલની બન્ને બાજુઓને સરખી જ પ્રસિદ્ધિ આપવાની ફિકર કરે છે?

જે પત્રિકાનું હું અવલોકન કરી રહ્યો છું તે હિન્દુસ્તાનની પ્રજાએ આજે ઉપાડેલી સ્વદેશીના પ્રવૃત્તિના જવાબ રૂપે તૈયાર થએ છે. આયાતની અને દેશમાં બનતા હાથવણાટ સુદ્ધાં કાપડની સ્થિતિ કેવી છે એ બતાવતી એક સવિસ્તર નોંધ ને સંખ્યાબંધ નકશા તેમાં આપેલા છે. પણ સ્વદેશીની પ્રવૃત્તિનો અભ્યાસ કરવામાં વાચકને તેમાંથી જરાયે મદદ થતી નથી. દેશમાં ચાલી રહેલી આવી સંગીન, દેશનું હાડ બાંધનારી અને સહકાર પ્રવર્તાવનારી પ્રવૃત્તિ પ્રત્યે સહાનુભૂતિ બતાવી તેનો અભ્યાસ કરવો કે તેને આગળ વધારવી રહી, પણ સરકાર તો તેની તરફ આટલું ઝેર રાખી રહી છે ને તેને તોડી પાડવાના મિથ્યા પ્રયત્ન પાછળ પ્રજાના પૈસા બગાડી રહી છે. એ એક જ દલીલ પણ આ રાજ્યતન્ત્રો દફનયોગ્ય પુરવાર કરવાને સારૂ બસ છે.

લેખકની દલીલોનો સાર નીચે મુજબ છે:

૧. આ પ્રવૃત્તિ જો ફતેહમંદ પાર ઉતરશે તો તે દેશના ઉદ્યોગોનું સંરક્ષણ નહિ કરે, પરદેશી આયાતને માત્ર રોકશે.

૨. આનું પરિણામ એ જ થશે કે દેશી મૂડીવાળા તર થશે ને પ્રજા પીડાશે.

૩. આયાત થતા માલની સામે હરિફાઇ તો છે જ નહિ, કારણ જે જાતનું પરદેશી કાપડ આયાત થાય છે, તેવો માલ હિન્દમાં બનતો જ નથી.

૪ હવે આ કાપડ દેશાવરથી આયાત થતું અટકાવવામાં આવે તો તેના ભાવ ચડી ગયા વિના ન જ રહે અને તેની જોડાજોડ પાછા નકે તો નહિ જ.

૫. આમ પરદેશી કાપડનો બહિષ્કાર, જોગવાઇ અને ઉઠાવના નિયમની વિરુદ્ધ હોવાથી તેમજ ખરીદનાર પ્રજાના વિરુદ્ધ હોવાથી તે આખરે નિષ્ફળ જ નીવડશે.

૬. હાથકંતામણનો નાશ થયો તે સારૂ ગાંધી વિલાપ કરે છે, પણ તે તો સ્વાભાવિક કારણોથી. એટલે કે વખત બચે તેવાં યન્ત્રોની શોધખોળ થઇ તેથી થયો છે. એ નાશ આડે કોઇથી હાથ દેવાય તેમ ન હતું.

૭. હિન્દી ખેડૂતની દુર્દશાનું કારણ તો તે પોતે જ છે. કપાસનું વાવેતર જે પહેલાં ઘણું સરસ થતું તે તેણે પોતાનાં આળસ અને બેપરવાઇને લીધે વેડફી માર્યું.

૮. એટલા માટે હિન્દુસ્તાનની સાચામાં સાચી સેવા ગાંધી એ કરી શકે કે તેમણે ખેડૂતોને કપાસની જાત સુધારવાને સમજાવવા.

૯. લેખક અન્તમાં લખે છે: 'જો ગાંધી લોકોના ઘરમાં નિરુપયોગી રેંટીયા ઘુસાડવાને બદલે તે વધારે પ્રમાણમાં રૂનું વાવેતર થાય—ને તે ખાસ કરીને લાંબા તાર વાળા રૂનું—એવી ચળવળ ઉપાડે તો તેની અસર આ જમાના ઉપર તો થશે જ, પણ ભવિષ્યમાં આવનારી પ્રજા પણ એ અસરથી તેમને યાદ કરતી રહેશે.

સ્વદેશી અને સરકાર

આ પરથી વાંચનાર જોશે કે જેને હું હિન્દુસ્તાનના આર્થિક ઉદ્ધારને અર્થે અત્યન્ત જરૂરનું ગણું છું તેને જ લેખક નર્યું ગાંડપણ ગણી કાઢે છે. એટલે આ બાબતમાં અમારો મેળ ખાય એવું છે જ નહિ. આ પત્રિકાની શરૂઆતની નોંધ, જેનો ઉતારો મેં આપ્યો છે, તે સરકારે અગાઉથી છાપી રાખેલી હોવા છતાં લેખક સરકારના વિચાર દર્શાવે છે એ જ ખરી હકીકત છે. મેં સરકારને તેમજ સહકારીઓને ઓછામા ઓછું આ પ્રવૃત્તિમાં તો પ્રજાની સાથે જોડાવાનું આમન્ત્રણ આપ્યું છે જ. રાજ્યપ્રકરણના ક્ષેત્રમાં તેની અસરથી તેઓ ન ગભરાય, કારણકે તેવી અસર થાય એમ તેઓ પોતે માનતા જ નથી અને કદાચ તેમણે ન ધાર્યા છતાં રેંટીયાના ફેલાવાની સાથે પ્રજાની રાજદ્વારી સત્તા પણ વધી જાય તો તે માટે તેઓએ બળાપો ન જ કરવો ઘટે. ખાદી સામે આમ લડાઇ માંડવાને બદલે તેમણે તો ખાદીને લોકપ્રિય કરવાનો પ્રયત્ન કરવો જોઇતો હતો. હિન્દી ખેડૂતને ભોગે તેઓ પરદેશી કારખાનાંવાળાઓને ખટાવવા માગે છે એવો જે ભયંકર શક તેમના ઉપર છે તે આમ કરત તો તેમને માથેથી ઉતરત. મારૂં આમન્ત્રણ સદાનું છે. હું ભવિષ્યવાણી કહું છું કે રાષ્ટ્રીય ચળવળના બીજાં અંગોનું જે થવાનું હશે તે થશે, પણ આજે છે તેવું સ્વદેશીનું અંગ તો સદાને માટે કાયમ જ રહેવાનું છે; અને હિન્દુસ્તાનનું કંગાલપણું કાઢવું હોય તો આ સ્વદેશી અંગ એ પ્રમાણે કાયમ રહેવું જ જોઇયે.

હિન્દુસ્તાનનું અર્થશાસ્ત્ર

હું પોતે આ વિષયનો શાસ્ત્રી હોવાનો દાવો કરી શકું એમ નથી, તોપણ હું હિંમતપૂર્વક કહું છું કે અર્થશાસ્ત્રનાં પુસ્તકોમાં નોંધાયેલા કાયદા કંઇ વેદવાક્ય નથી કે તેની સામે વાંધો જ ન હોઇ. તેમ તે કાયદાઓ બધે સ્થળે લાગુ પડનારા પણ નથી. ઇંગ્લંડની આર્થિક સ્થિતિ જર્મની કરતાં જુદી છે. ગાજરમાંથી કાઢેલી ખાંડના વેપારને ખૂબ ખીલવીને જર્મની તવંગર બન્યું છે. ઇંગ્લંડ પરદેશી બજારો કબજે કરીને તવંગર બન્યું છે. ખોબા જેવડા દેશમાં જે બની શક્યું તે ૧૯૦૦ માઇલ લંબાઇ ને ૧૫૦૦ માઇલ પહોળાઇ વાળા વિશાળ ખંડમાં બનવું શક્ય નથી. કોઇ દેશની આર્થિક સ્થિતિનો આધાર ત્યાંની ઋતુઓના ફેરફાર પર, જમીનની જાત પર ને હવાપાણી ઉપર હોય છે. આ દરેક બાબતમાં હિન્દુસ્તાનની પરિસ્થિતિ ઇંગ્લંડથી જુદી છે. ઇંગ્લંડને માટે જે સાકર જેવું તેવું ઘણુંયે હિન્દુસ્તાનને માટે ઝેર સમું હોય છે. ગોમાંસની ચ્હા ઇંગ્લંડની ઠંડી હવામાં સારી હશે, પણ ધાર્મિક હિન્દની ગરમ હવામાં તો એ ઝેર જ છે. વ્હીસ્કીનો તેજ દારૂ બ્રિટિશ ટાપુઓના ઉત્તર પ્રદેશમાં જરૂરીયાતની ચીજ હોઇ શકે, પણ હિન્દીને તો તે કામ માટે સાવ નાલાયક બનાવી મુકે છે. રૂંછવાળા ડગલા વગર સ્કૉટલંડમાં નહિ ચાલતું હોય, પણ હિન્દુસ્તાનમાં તો તે કેવળ અસહ્ય બોજો છે. વેપારની છૂટ એ એવા દેશને માટે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ લાભદાયક વસ્તુ હોઇ શકે, (તે નીતિસંગત કેટલે અંશે છે એ વિષે તો મને અલબત્ત શક છે) કે જે દેશ આખો જ ઉદ્યોગમય બની ગયો છે, જેના લોકોને શહેરમાં વસવું ફાવી ગયું છે ને વસતા થયા છે, જેના લોકોને બીજી પ્રજાઓને ચૂસી લેવામાં કોઇ જાતનો બાધ નડતો નથી ને તેથી પોતાનો કુદરત વિરુદ્ધનો વેપાર ટકાવી રાખવા સારૂ દરીઆઇ લશ્કર રાખે છે. આવી વેપારની છૂટે હિન્દનું તો નખ્ખોદ વાળ્યું છે ને તેને પરાધીનતામાં જકડી રાખ્યું છે.

સ્વદેશીની સિદ્ધાન્ત-ચર્ચા

હવે મિ. કાઉંબોના સિદ્ધાન્તોને ઉપાડીયે:

૧. સ્વદેશીની પ્રવૃત્તિનો હેતુ એ છે કે તેનાથી મરજીયાત અટકાયત જકાતની ગરજ સારવી.

૨. પણ તે એવી રીતે ચલાવવાની કલ્પના છે કે તેનાથી મૂડીવાળાને હદ બહારનો નફો પણ ન મળે, તેમ ખરીદનાર પ્રજાને ખોટ પણ ન જાય. ફેરફાર દરમિયાનની ટુંક મુદતમાં—ફેરફાર નવો નવો થઇ રહ્યો છે ત્યાં સુધી—દેશી બનાવટોના ભાવ ચડી જાય ખરા; ને અત્યારે ચડયા પણ છે જ; પરન્તુ એવું થોડો વખત

જ રહેવાનું, કેમકે ખરીદનાર વર્ગનો મોટો ભાગ તો પોતે પોતાનો કારીગર બન્યો હશે, એટલે કે પોતાને જોઇતું કાપડ પોતે જ બનાવી લેતો હશે. જેમ ઘરમાં રંધાતું અન્ન મોંઘું પડતું નથી ને વીશીનો ખોરાક તેની ગરજ સારી શકતો નથી તેમ કપડું પણ ઘરખૂણે કંતાય ને વણાય તો મોંઘું ન જ પડે. પચીસ કરોડથી વધારે પ્રજા પોતાના ખપજેગું સૂતર કાંતી લેશે ને તે સૂતરને પોતાના જ ગામના વણકરો પાસે વણાવી લેશે. આટલી પ્રજા પોતાના ગામને વળગીને જ રહેનારી છે અને વરસમાં ઓછામાં ઓછા ચાર મહિના તો તેમને નવરાશના મળે જ છે. એ નવરાશના દહાડામાં જો તેઓ સૂતર કાંતે ને તે વણાવીને પહેરે ઓઢે, તો તેમની ખાદીની સાથે મીલનું કપડું કોઇ કાળે હરિફાઇમાં ટકી ન શકે. આ રીતે બનેલું કપડું તેમને સસ્તામાં સસ્તું પડયું હશે. બાકીના લોકો કદાચ આ ક્રિયામાં ભાગ નહિ લે તો તેમને જોઇતું કાપડ પણ આ પચીસ કરોડે ખપ કરતાં જે થોડું વધારે પેદા કર્યું હશે તેમાંથી જ મળી રહેશે.

૩. હિંદુસ્તાનની મીલોમાં બનતા માલ સાથે હરિફાઇ કરે તેવા માલ કરતાં હરિફાઇ વગરનો માલ જ વધારે આયાત થાય છે એ સાચું છે. પણ મેં સૂચવેલી યોજનામાં એ સવાલ જ ઉભો થતો નથી, કારણકે મૂળ મુદ્દો બીજા દેશો જોડે વેપારી બરોબરી કરવી એ નથી પણ પ્રજાના નવરાશના વખતનો ઉપયોગ કરી લેવો અને આવાં કુદરતી પગલાંથી દહાડે દહાડે વધતું જતું દારિદ્ર ટાળવું એ છે.

૪. હું બતાવી ચુક્યો છું કે બહિષ્કારને પરિણામે આખરે કાપડના ભાવમાં વધારો નહિ થાય.

૫. જે જાતનો બહિષ્કાર સૂચવાયો છે તે જોગવાઇ અને ઉપાડના કાયદા વિરુદ્ધ નથી, કેમકે ખપપૂરતું પેદા કરીને આ બહિષ્કાર એ કાયદામાંથી છૂટી જાય છે. જે લોકોને ઝીણું કાપડ વાપરવાની આદત પડી ગઇ છે અને જેઓ ચિત્રવિચિત્ર ભાતીગળ કપડાંના શોખીન બન્યા છે, તેવાઓની રુચિમાં કલાની દૃષ્ટિમાં આ પ્રવૃત્તિને અંગે પરિવર્તન થવાની જરૂર તો છે જ.

૬. આ પત્રના અંકોમાં હું બતાવી ગયો છું કે હાથકંતામણનો નાશ ખાસ યોજનાપૂર્વક કરવામાં આવ્યો છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં માણસોએ તદ્દન જંગલી રીતે તેનો નાશ કરેલો છે. ગમે તેટલી યાન્ત્રિક શોધખોળ પણ આ રાષ્ટ્રીય કળા ને ઉદ્યોગને ડુબાડી ન શકત. પદ્ધતિસર ને જાણીબૂજીને જે ઘાતકી ઇલાજો તેને નિર્મૂળ કરવા સારૂ યોજાયા તેનાથી જ તેનો નાશ થયો છે.

૭. કપાસની ખેતીમાં થયેલા બગાડને માટે હું હિન્દી ખેડૂતને જવાબદાર ગણી શકતો નથી. હાથકંતામણ ગયું તેની સાથે જ સારું રૂ ઉપજાવવાની લાલચ પણ ગઇ. રાજ્ય તરફથી ખેડૂતની દરકાર જ રાખવામાં આવી નથી.

૮. હું અભિમાનપૂર્વક ધારૂં છે કે મારી પ્રવૃત્તિથી રૂની જાત સુધારવા તરફ ખેડૂતોનું ધ્યાન દોરાતું થયું છે. પ્રજાની કલાવૃત્તિ તરફથી બારીક સૂતર માટે આગ્રહ-પૂર્વક માગણી ચાલુ રહેશે, અને તેને માટે લાંબા તાર વાળું રૂ હોય તો જ ચાલે. કપાસનું વાવેતર એકલું જ હિન્દુસ્તાનની ગરીબાઇ મટાડી નહિ શકે, કેમકે જે વખત પ્રજાને પરાણે આળસમાં ગુમાવી દેવો પડે છે તેનો સવાલ તો તોપણ તેમ ને તેમ રહી જાય છે.

૯. તેથી, આ દેશના દારિદ્રયદુઃખના પ્રશ્નનો ઉકેલ અત્યન્ત સ્વાભાવિક રીતે, સહેલાઇથી, બહુ ખર્ચમાં ઉતર્યા વિના ને વહેવારની રીતે લાવી આપવાનું માન રેંટીયાને જ મળવાનું છે એ મારો દાવો છે. તેથી, પત્રિકાનો અજ્ઞાન લેખક લખે છે તેમ રેંટીયો નિરુપયોગી તો નથી જ, પણ તે દરેક ઘરની આવશ્યક ને જેના વિના ન ચલાવી શકાય તેવી ઘરવખરી છે. દેશની બરકતનું ને દેશની મુક્તિનું તે ચિહ્ન છે. દુનિયાના દેશોને દ્વેષનો નહિ પણ પ્રીતિનો ને સ્વાશ્રયનો સન્દેશો તેના મીઠા ગંભીર સૂરથી તે સંભળાવે છે. જગતની શાન્તિમાં ભંગાણ પાડનાર દરીઆઇ કાફલાના અંગરક્ષકની તેને જરૂર નથી. કરોડોના એક એટલા દૃઢ નિશ્ચયની જ તેને જરૂર છે કે અમારા જ ઘરમાં આજે જેમ અમે અમારા કુટુંબ માટે અન્ન રાંધી લઇયે છીયે તેમ અમારા જ ઘરમાં અમે અમારા કુટુંબને માટે સૂતર કાંતી લઇશું. મારી ઘણી ભૂલચૂકોને માટે હું ભવિષ્યની પ્રજાના શાપનો પાત્ર ભલે હોઉં, પણ રેંટીયાને સજીવન કરવાની સલાહ આપવા સારૂ તો તેઓ મને આશિષ જ આપશે એવો મારો અચળ વિશ્વાસ છે. એના ઉપર મારૂં સર્વસ્વ હું વરી જાઉં છું, કેમકે રેંટીયાને આંટે આંટે શાન્તિના, પ્રીતિના ને બન્ધુભાવના તાર કંતાય છે. અને એ સાથે જ, જેમ તેના નાશથી હિન્દની ગુલામી આવી તેમ તેનું સ્વેચ્છાપૂર્વક પુનર્જીવન હિન્દુસ્તાનને મુક્તિ પણ આપશે જ.

મારી નોંધ

ધન્ય એ સ્ત્રીને !

સ્ત્રીઓની હિંમત

ખ્વાજા સાહેબ નૅશનલ મુસ્લીમ યુનિવર્સિટીના મુખ્ય વ્યવસ્થાપક હતા. અતિ નિખાલસ મુસલમાનોમાંના એક હું તેમને ગણું છું તે જેવા ધર્માભિમાની છે તેવા જ દેશાભિમાની છે. પોતે એક અમીર કુટુમ્બના છે. બારિસ્ટર તરીકે તેમનો વૈભવ ખૂબ હતો. આજે તેઓ ધર્મ અને દેશને ખાતર ફકીર બન્યા છે. તેમને પણ સરકારે જેલમાં મોકલ્યાનો તાર હમણાં જ મને તેમનાં બેગમ તરફથી મળ્યો છે. તેમનું નામ ખુરશેદ બેગમ છે. તેઓ લખે છે: 'તમે જાણીને ખુશ થશો કે મારા પતિને સરકારે કેદ કરેલ છે. યુનિવર્સિટીને હું ચલાવીશ.' આ તાર જ્યારે મને મળ્યો ત્યારે મને સવાશેર લોહી ચડ્યું, કેમકે એક તરફથી ખ્વાજા સાહેબની પાક કુરબાની ને બીજી તરફથી તેમનાં બેગમની ધીરજ ને બહાદુરી આવું જ્યાં બન્યાં કરે ત્યાં સ્વરાજને કોણ રોકી શકે? ખુરશેદ બેગમને પોતાનું કામ ચલાવતાં જરાયે મુશ્કલી નથી પડવાની. યુનિવર્સિટીના બહાદુર નિખાલસ દિલના વિદ્યાર્થીઓ ખુરશેદ બેગમની આસપાસ વીંટળાઇ જશે ને સંભવ છે કે જે કામ તેઓ ખ્વાજા સાહેબને ખાતર નહોતા કરતા તે તેમનાં બેગમને ખાતર કરશે. ખુરશેદ બેગમ વળી એ વિદ્યાર્થીઓને કાંતવાની તાલીમ તો ખ્વાજા સાહેબ કરતાં જરૂર વધારે સારી જ આપશે.

આવી જ હિમ્મત હિન્દુસ્તાનની ઘણી સ્ત્રીઓમાં આવે એટલે આપણો વિજય જ છે. આ મહાન જાગૃતિને સમયે બહેનોને મારી એટલી વિનંતિ છે કે તેઓએ સંઘશક્તિ ખૂબ કેળવવી પડશે. તેઓએ પણ સાથે મળી કામ કરતાં થઇ જવું જોઇયે. અને એમ કરવાનો સરળ રસ્તો એ છે કે એકબીજાની ટીકા કરવાને બદલે તેઓએ પોતપોતાના કામમાં જ ગિરફતાર થઇ જવું જે સેવામાં જ સર્વસ્વ સમજે છે તેને ટીકા કરવાનો સમય જ નથી રહેતો.

પારસી બહેનો

પારસી બહેનોનું દુઃખ

મારી ઉપર એક પારસી બહેનનો કાગળ—અતિ દુઃખ ઉપજાવનારો કાગળ મુંબઇથી આવ્યો છે. એ બહેન એવી ફરીયાદ કરે છે કે તેનું મૂળ તપાસવામાં મને આખો ભવ ગાળવાની ઇચ્છા થાય પણ તે બહેનના કાગળ પરથી કંઇ જ તપાસ થઇ શકે તેમ નથી. જો આ લખાણ તે બહેનના હાથમાં આવે તો મારી તેમને વિનન્તિ છે કે મને પોતાનું નામઠામ મોકલે અથવા મને મળે. તે બહેનનું નામ તો હું જાહેર નહિ જ કરૂં, પણ જો તે બહેન બધી હકીકત આપશે તો હું જરૂર તપાસ કરીશ ને મારાથી જે મદદ થઇ શકે તે કરીશ. દરેક દુઃખી સ્ત્રીપુરૂષ જો નનામા કાગળ લખે તો ને કંઇ જ વિગત તપાસ કરી શકાય એવી ન આપે તો ઇલાજ ન થઇ શકાય એ સમજાય તેવું છે.

જે પારસી બહેનો મને જાણે છે એમને પણ હું વીનવવા ઇચ્છું છું કે તેમણે પણ પૂરી તપાસ કરવી ને જો તેમના જાણવામાં દુઃખની ખબર હોય તો તેમણે મને ખબર આપવી.

અમે તેવી સુરક્ષિત સંસ્થામાં પણ છેવટે એવો ભાગ તો રહી જ જવાનો કે જેમાં અત્યાચાર, અનેક ઉપાયો છતાં, અટકાવી નહિ શકાય. જે ગુન્હા આજે લંડનમાં, ન્યૂ યૉર્કમાં, શીકાગોમાં ને પારીસમાં થાય છે, જે અત્યાચારો ખાનગી રીતે આ ઉપલાં શહેરોમાં થાય છે તેની આપણને ખબર પણ નથી પડતી; તેની કોઈ તપાસ પણ નથી કરી શકતું તે જગ્યાની ચકોર પોલીસ પણ તેને શોધી નથી શકતી મારી એવી માન્યતા છે કે કેટલાક ગુન્હા તે શહેરોમાં થાય છે તેની આપણને કલ્પના પણ ન આવી શકે. આપણો પ્રત્યેક ભાઈબહેનનો એ ધર્મ છે કે આપણે જેટલાં દુઃખોને પહોંચી વળી સેવા કરી નિવારણ કરી શકીયે તેટલાં દુઃખોમાં સહાય દઈ આપણું કરજ ઉતારવું. અને જે દેશમા પારકાનાં દુઃખને ઘણાં માણસો પોતાનાં માની ઇલાજ લે તે દેશમાં સ્વરાજ છે.

પોલીસ પર ઢોળવાની ટેવ

પોલીસ મવાલીનો સુધારો

ગુલામીમાં રહેનારની, નામર્દની એક એવી ટેવ હોય છે કે તે પોતાની ભૂલ કબૂલ કરતાં ડરે અને તેથી હમેશાં પારકાની જ ભૂલ કાઢ્યાં કરે. મુંબઈના દુઃખી કિસ્સાને વિષે જે કાગળો મારી ઉપર આવ્યા છે તેમાં એક જાતના કાગળ એવા છે કે જેમાં બધું પોલીસ ઉપર જ ઢોળવામાં આવ્યું છે.

એ કાગળોમાં જણાવ્યું છે એવી જો પોલીસ સડેલ હોય તો તે વાંક પણ આપણો જ ગણાય. એવા અત્યાચારોની બરદાસ કરનારા પણ આપણે જ કે બીજા કોઈ હોય ? પોલીસ પણ આપણા જ ભાઈઓ છે અને જો પોલીસમાત્ર આપણા દુશ્મન ગણીયે, બદમાશમાત્રને સારૂ આપણે જવાબદાર ન હોઇયે તો આપણે રાજ્ય કઇ રીતે ચલાવવાના છીયે ? એવી સડેલી પોલીસ ઉપર ને બદમાશ ઉપર સ્વરાજમાં કોણ કાબુ મેળવશે ? અંગ્રેજો જે હોય તે તો સ્વરાજની કલ્પનામાં પ્રજાના નોકર હોય, આપણા ભાઈઓ તરીકે રહેતા હોય. તે વેળા તેમની ઉપર તો નિર્દોષના બચાવની જવાબદારી નહિ ઢોળી શકાય. તો પછી એવાઓની ઉપર અંકુશ કોણ મેલશે ?

એક પળભર પણ વિચાર કરવાથી આપણને માલમ પડશે કે આપણે પોલીસ ઉપર, જેમને આપણે મવાલી બદમાશ ગણીયે છીયે તેમની ઉપર આપણી અસર નહિ પાડી શકીયે ત્યાં લગી આપણે સ્વરાજ મેળવી શકવાના નથી. તેઓને દબાવીને સરકાર રાજ્ય ચલાવી શકે છે. તેઓને પ્રેમથી આપણે વશ કરી શકીયે તો આપણે રાજ્ય ચલાવી શકીયે, અથવા તો આપણે તેઓના કરતાં વધારે બદમાશ અને અત્યાચારી બની રાજ્ય ચલાવી શકીયે. ત્રીજો રસ્તો તેઓને દંડ દઇને આપણે રાજ્ય ચલાવવાનો છે. આપણી ઈચ્છા હોય તોપણ તે શક્તિ આપણામાં નથી. એટલે આપણે કાં તો તેવી શક્તિ મેળવવા સારૂ બસેં બારસેં વર્ષ થોભવું ને પછી સ્વરાજનો વિચાર કરવો અથવા તો તેઓને આજે પ્રેમને વશ કરવા.

પ્રેમ અને નીડરતા

મવાલીવર્ગની હયાતી જ અધર્મ, પાખંડનું પ્રાધાન્ય સૂચવે છે. એ પાખંડને વધારીને તો આપણે સ્વરાજ ન જ મેળવીયે. એ અધર્મને ધર્મ વડે દૂર કરીને જ આપણે હિન્દુસ્તાનમાં શાન્તિ ભોગવી શકીયે. અંગ્રેજી સલ્તનતને આપણે નભાવી લઇયે છીયે તેનું કારણ જ એ છે કે સલ્તનત ઘણે ભાગે મવાલીવર્ગને દાબમાં રાખી નબળી પ્રજાને બચાવી લે છે. પણ હું તેની સામે થાઉં છું તેનું કારણ એ છે કે એવો બચાવ કરવાનું દામ તે પ્રજાની પાસેથી એટલું લે છે કે તે પોતે મવાલીરાજ જેવું થઇ પડયું છે. એટલે કે એવા રક્ષણની કિમ્મત તરીકે આપણને આપણું સ્વમાન આપી દેવું પડે છે. આ અત્યાચારમાંથી નીકળવાને સારૂ આપણે જો મવાલીની સહાય મેળવવા જઇયે તોપણ મૂઆ પડયા છીયે; જો તેઓને તરછોડીયે તોપણ મૂઆ પડયા છીયે. તેઓની ખુશામત કર્યાં વગર તેઓને પ્રેમથી આપણે જીતવા જોઇયે, તેઓનો ડર છોડવો જોઇયે. મતલબમાં તેઓને ધર્મી બનાવવા જોઇયે. તેઓમાંના થોડા એવા બને તો બીજાને બનતાં વાર ન લાગે. જે ન્યાય તેમને લાગુ પડે છે તે જ પોલીસને. પોલીસથી શાને ડરીયે ? તે ધોળી ટોપી પહેરીને આવે તોપણ કોને છેતરે ? આપ ભલા તો જગ ભલા. આપણે એવા નમાલા કેમ બનીયે કે આપણે છેતરાઇયે ? ધારો કે પોલીસે ખાદીનો વેશ ધારણ કરી કોઇની ઉપર અત્યાચાર કર્યો. તેથી આપણે ઉશ્કેરાઇ શાને જઇયે ? તેને આપણે વીનવીયે. તે ન માને તો તેને પડતો મુકીયે. આપણામાં તેટલું બળ હોય તો તેને અત્યાચાર કરતો અટકાવવામાં આપણે મરી છૂટીયે. એટલે આપણે બહાદુર ઠર્યા. પોલીસ આપણી એ બહાદુરી જરૂર જોઇ જશે ને સારી થશે. નામર્દને મારીને પોલીસ બગડે છે. મર્દને મારીને તો ડરે જ. મારી ઉપર લાહોરથી કાગળ છે તેમાં એક મિત્ર જણાવે છે કે જુવાન મજબૂત માણસો પણ તેઓની સામે નથી થતા તેથી તે ડરી જાય છે. તેમને મારતાં તેની છાતી નથી ચાલતી. ન જ ચાલે. મને તો એવા જાતિઅનુભવો ઘણા છે. આ નીડરતા કોઇની શીખવી નથી આવતી, પોતે અભ્યાસથી જ મેળવી શકે છે. એટલે મને લખનારાઓએ સમજવું જોઇયે કે બદમાશો ઉપર કાબુ મેળવવો એ તો આપણું કાર્ય રહેલું જ છે. પણ જો તેઓને પંપાળીને આપણે કાબુ મેળવવા ઇચ્છીયે તો આપણે ઓલામાંથી નીકળી ચૂલામાં પડવાના છીયે. તે આપણા ભાઇ ખરા, પણ તેઓ દરદી છે. તેમની આપણે સારવાર કરીયે. તેમની સારવાર નીચે ન જ જઇયે. જે દિવસે આપણે પોલીસનો ડર છોડશું તે દિવસે પોલીસ આપણી મિત્ર બનશે. ડર મેલવો એટલે પોલીસને મારવી કે ગાળ દેવી નહિ, પણ આપણે તેના માર ખાવા, તેની ગાળ પણ ખાવી—જેમ શ્રી. ચિત્તરંજન દાસના બહાદુર દીકરાએ માર ખાધા. તે પોલીસને મારી શકતા હતા. તેમના સાથી બધા મજબૂત જવાન હતા. પણ તેમણે સહન કર્યું. ગાળ ખાવી એ એક વાત છે. એ અસહકાર છે. પણ ગાળની સામે થઇ ગાળ દેવી એ સહકાર છે, કેમકે આપણે તેના દેનાર જેવા બન્યા. ગાળને વશ થવું એ બીની ગુલામી છે. ગાળ ખાવી એટલે ગાળ દેનાર કહે તેમ કરવું એ અર્થ નથી. ગાળ ખાવી એટલે ગાળ દેનારની ઇચ્છાને વશ ન થવું એ છે. ગાળ દઇને તો કોઇ વિષ્ણુનો જપ જપાવે તોપણ ન જપીયે. ગાળ દેનાર આપણને પેટે ચાલવા કહે ત્યારે આપણે ટટ્ટાર

ચાલીશે. ગાળ દેનાર બેસવાનું કહે ત્યારે ઉભા થઈશું ને તેની પીસ્તોલ ખાઈશું. એટલે તે સંપૂર્ણ હાર્યો, કારણકે આપણને નમાવવાનો તેમનો મનોરથ પૂરો ન થયો. રાવણ સીતાને પોતાને ખભે બેસારીને તો લઇ ગયો. પણ સીતાએ તેનું કહ્યું ન માન્યું તેથી સીતાનું વાહન બન્યો. છતાં એવી અંબાભવાનીના સ્પર્શથી પવિત્ર ન થઈ શક્યો ને વગોવાયો. સીતા અબળા છતાં જગદંબા બની. એટલે નિર્ભયપણે ગાળ ખાવી, માર ખાવા એ તો ખરી બહાદુરી છે. જે મારની બીકે ગાળ ખાઇ બેઠો રહે છે તે નથી માનવી કે નથી પશુ. હિન્દુસ્તાન અત્યારે મર્દ બનવાનો પાઠ શીખી રહેલ છે. જો પૂરો શીખે તો સ્વરાજ લે.

ત્રણ ભય

જેલ, માર અને મરણ

શ્રી. દેશબન્ધુ દાસના જે શબ્દો તેમના જેલ જવા પહેલાં નીકળ્યા છે એ તેમની ઉન્મત્ત દશા બતાવનારા ને મનન કરવા યોગ્ય છે. 'મનથી, વાણીથી ને કાયાથી શાન્તિ જ રાખજો.' 'વિનીત પક્ષને પણ તમારા વિનયથી જીતજો.' આ બધાં અમર વાક્યો છે. અને આવે સમયે તેમને મુખેથી નીકળ્યાં એ વધારે શોભે છે. તેવાં જ ત્રણ ભયને વર્ણવનારાં વાક્યો છે. તેઓ કહે છે, જેલભયને આપણે જીત્યો. કેમ જાણે પોતાના દીકરાને જ ઉદ્દેશીને તેમણે ન કહ્યું હોય, કે બીજો ભય મારનો, તે પણ આપણે જીતવાની અણી પર છીયે. ત્રીજો ભય ગોળીનો, તે જ્યારે જીત્યા ત્યારે સ્વરાજ છે જ સ્વરાજની ચાવી જ એમાં રહેલી છે. મારનો ને મરણનો ભય મેલી દઇશે તો ન સરકાર દબાવે ને ન મવાલી દબાવે. અને આ ત્રિવિધ ભયને જીતનારા મળે તો જ આપણે સ્વરાજ મેળવીયે, નહિ તો મળનારું જ નથી.

વચનભંગ

પ્રજાનો ગુમાસ્તો

એક સજ્જન લખે છે, 'તમે વચન આપ્યું છે કે મૌ શૌકતઅલી વગેરેને ડિસેમ્બરની ૩૧ મી પહેલાં છોડવશો. મૌ. શૌકતઅલીએ તમને પ્રમાણપત્ર આપ્યું છે કે તમે સો દિવસ વિચારીને એક વાક્ય બોલો છો. ઉપરનું વચન પણ તમે એમ વિચારી કાઢ્યું હશે. હવે જો તમે અલી બન્ધુ વગેરેને નહિ છોડવો તો જે વચનભંગનો આરોપ લૉઇડ જ્યૉર્જ ઉપર તમે મુકો છો તે જ આરોપ તમારી ઉપર આવશે.' આ તો સીધો ન્યાય કહેવાય. માત્ર ભેદ એટલો છે કે મેં કંઇ મારી સત્તાને બળે વચન નહોતું આપ્યું. હું તો પ્રજાનો દાસ છું, એટલે ગુમાસ્તો છું. ગુમાસ્તો પોતાની વતી વચન આપી જ શકતો નથી. તેથી જો અલી બન્ધુ ને તેમના સાથીઓ ૩૧મી ડીસેમ્બરે નહિ છૂટે તો હું એ લખનાર સજ્જન ઉપર ને પ્રજા ઉપર આરોપ મુકીશ. હું મુંબઇની પ્રજા પર આરોપ મુકીશ. જે પ્રજાએ મારાં સેંકડો ભાષણો સાંભળ્યાં છે તે જ પ્રજાએ મને છેતર્યો મેં તો ૧૭મી તારીખે જે મેદની જોઇ, જે ભડકો જોયો તેને સત્ય માની એવું કહ્યું કે 'આ સાંજે હું બારડોલી આણંદની પરીક્ષા લેવા જઇશ, ને મારી ઉમેદ છે કે ત્યાં આદરેલા સવિનય ભંગથી ને તમારી શાન્તિથી આપણે ડિસેમ્બરની અધવચમાં સ્વરાજ લઇશું ને જેલના દરવાજા ખોલી અલી ભાઇઓ, ગંગાધરરાવ દેશપાંડે વગેરેને વધાવી લઇશું.' આ વાક્ય મેં તો મુંબઇ ઉપર ને

હિન્દુસ્તાન ઉપર વિશ્વાસ રાખીને કહેલું. જો અલી બન્ધુ વગેરે આ જ માસમાં ન છૂટે તો હિન્દુસ્તાન આખું વિશ્વાસઘાતી ઠરશે. તેમાં હલે મને પણ ગણવામાં આવે હલે વિશ્વાસ રાખવાને સારૂ મને ભોળો ગણવામાં આવે. પણ એવો વિશ્વાસ તો હું સહકારીને સારૂ કરવાનો છું.

પણ મારી માન્યતા તો એવી છે કે જે થયું છે તેથી વચન પળ્યા જેવું ગણાય શું લાલાજી, દાસ, મોતીલાલજી, અબુલ કલામ આઝાદ, મોહીયુદ્દીન, સલામતુલ્લા, આગા સફદર, જવાહરલાલ વગેરે જેલમાં ગયા તે છોડવ્યા બરોબર નથી? તેઓની સાથે જે સેંકડો ગયા છે તે જેલીઓને તેડવા ગયા છે. તેમને જોર દેવું તે આપણું કામ છે. જો હિન્દુસ્તાન શાન્તિ પૂરી જાળવશે તો, ને સાથે જેલમાં પણ જશે, માથાં પણ ફોડાવશે ને મરશે તો તેઓને જરૂર જેલ બહાર લાવશે. લખનારને હું ખાતરી આપું છું કે જે નેતાઓ જેલમાં પહોંચી ગયા છે તેઓની હૂંફ અલી ભાઇઓને એટલી મળી છે કે જાણે તેઓની બેડી જ પીગળી ગઈ હોય નહિ! વચમાં શિયાળકોટના લોકોની બેખબરી જેવાં વિઘ્નો આવી નડે છે એ આપણી ખુવારી છે. આગા સફદર પકડાયા એટલે લોકો અધઘેલા થયા. કોઇ જેલમાં ધૂસ્યા, કોઇએ માજીસ્ટ્રેટનું અપમાન કર્યું. જબરદસ્તી કરવી, અપમાન કરવું, ગાળો દેવી એ આપણે સારૂ હરામ છે. તે છતાં લોકો ભૂલો કર્યા જ કરે તો ગરીબ બિચારો એલચી શું કરે? બહુ કોચવાય તો રાજીનામું આપી હિમાલયમાં ભાગી જાય.

'નવજીવન'માં ભૂલો

'નવજીવન' માં ભૂલો

એક બીજા સજ્જન 'નવજીવન'માં કેટલીક ભૂલો બતાવે છે. મારી તપાસ પ્રમાણે તો એ માને છે તે ભૂલ નથી થઇ છતાં બીજા વાંચનારની પણ એવી ગેરસમજ હોય તો દૂર થાય તેથી મારે આટલું જણાવવું જોઇયે કે 'નવજીવન'માં બધાં લખાણો હું કરતો નથી. બધું હું તપાસી શકતો નથી અને 'યંગ ઇન્ડિયા'નાં મારાં લખાણોનો તરજુમો પણ હું કરતો નથી. ભૂલો ન થાય તેને સારૂ અત્યન્ત કાળજી રાખવામાં આવે છે. તરજુમો કરનાર મારા સાથી મારી મતિ પ્રમાણે મને સારામાં સારા હું ગોતી શકું તે મળ્યા છે. પણ જ્યાં સૌ પ્રામાણિકપણે પ્રયત્ન કર્યાં કરે ત્યાં પણ ભૂલો કોઇવાર રહી જાય. એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરવો એ ધારવા કરતાં હમેશાં અઘરૂં હોય છે. તેને સારૂ બન્ને ભાષા પર સરખો કાબુ અને વિષયની માહિતી હોય તો જ અસલ અર્થ કંઇક સચવાય તેથી જ તરજુમાની કિમ્મત હમેશાં અસલ કરતાં ઘણી ઓછી જ હોય છે. એટલે વાંચનારે જાણી જ લેવું કે ઈરાદાપૂર્વક ભૂલ તો 'નવજીવન'માં નહિ કરી હોય અને જ્યારે વાંચનાર કોઈ ભૂલ સુધારવાલાયક બતાવશે ત્યારે માલમ પડ્યે તુરત સુધારવામાં આવશે.

શંખધ્વનિ સાથે

દાસ પકડાયા

દેશબન્ધુ દાસ પકડાયા તે વખતની હકીકત જાણવા જેવી છે તેમને તેઓને ઘેર જ પકડવામાં આવેલા. સાંજના ચારેક વાગે પોલીસ આવ્યા સહુ ચ્હા પીતા હતા. મન્ત્રી

મિ. સસમલ પોલીસને મળવા નીચે ઉતર્યા. તેમણે પોતાનું નામ આપ્યું એટલે તેમને પકડયા. દરમિયાન દેશબન્ધુ દાસ પણ ઉતર્યા.

'તમારે મને પકડવો છે ?'

જ૦—હાજી.

'ત્યારે હું તૈયાર જ છું.'

એમ કહી દેશબન્ધુ પોતાનાં પત્નીને મળવા ઉપર ન ચડયા ને પોલીસની સાથે જ ગયા. જ્યારે તેમની ગાડી બહાર નીકળી ત્યારે બહાર ઉભેલા લોકોએ હર્ષના પોકાર કર્યા ને ઉપર રહેલી સ્ત્રીઓએ શંખધ્વનિ કર્યો. બંગાળમાં જ્યારે કોઈને વધાવવા હોય અથવા શુભ પ્રસંગે વળાવવા હોય ત્યારે શંખ વગાડવામાં આવે છે એ શુકનરૂપે ગણાય. સ્ત્રીઓ પોતાના ધણીના કે પુત્રના કે પિતાના કેદ જવાથી રોશે નહિ ને તેઓના કેદ જવાથી દેશનું ને ધર્મનું ભલું છે એમ જાણી હર્ષ પામશે ત્યારે ધર્મ ફેલાશે ને અધર્મનો અવશ્ય નાશ થશે. તેથી આ શંખધ્વનિમાં હું હિન્દુસ્તાનનું વિજયચિહ્ન જ જોઇ રહ્યો છું.

§ મહાસભાના કાર્યકર્તાઓને

ધરપકડોના અહેવાલ;

દરેક મહાસભાસમિતિના મન્ત્રીને મારી વિનંતિ છે કે તેમણે પોતપોતાના ઈલાકામાં થયેલી ધરપકડો અને કેદની છેલ્લામાં છેલ્લી યાદીઓ અને તે સાથે જ પકડાયેલા લોકોની જગાએ નવા નીમાય તે મન્ત્રીઓ અને પ્રમુખોનાં નામ મને મોકલવાં અને જરૂર જણાય તો રોજની ડાયરી પણ મોકલવી. લખાણ બની શકે તેટલું ટુંકાણમાં, મુદ્દાસર અને કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલવું, કે તેમાંનું જે કાંઇ જરૂરી જણાય તે સહેલાઇથી હું છાપી પ્રગટ કરી શકું.

§ કારોબારી સમિતિ

કારોબારી સમિતિ

આ સમિતિની છેલ્લીવારની બેઠક ચાલુ અઠવાડિયાની આખર પહેલાં જ મળવાની. સંજોગો સામું જોતાં આ બેઠક કસોટીની ગણાશે. સમિતિના પંદર સભાસદોમાંથી દેશબન્ધુ દાસ, લાલાજી, પંડિત મોતીલાલ નેહરૂ અને મૌલાના અબુલ કલામ આઝાદ, જેઓ હાલમાં જ મૌ. મહમદઅલીની જગાએ નીમાયા હતા, એ ચાર સભ્યો ના. શહેનશાહના મહેમાન થયા હોવાથી આપણી વચ્ચે નહિ હોય. આ સ્થિતિમાં મારી એવી સૂચના છે કે આ ચારે સભ્યોના પ્રાન્તોએ પોતપોતાના પ્રાન્તમાંથી એક એક પ્રતિનિધિ મોકલવો. આ પ્રતિનિધિઓ સમિતિની બેઠક અગાઉ એક દિવસ વહેલા આવે અને પોતે સમિતિમાં મત ન આપી શકે તોપણ પોતાની સલાહનો લાભ સમિતિને આપે. વળી જે પ્રાન્તોના સભ્યો કારોબારી સમિતિમાં સીધા આવી શકયા નથી તે પ્રાન્તો પણ પોતાનો એક એક પ્રતિનિધિ સમિતિ-માં મોકલે, જે પોતાની સલાહથી સમિતિની ચર્ચાને મદદ કરે.

§ શિયાળો

પ્રતિનિધિ અને પ્રેક્ષકોને

મહાસભાને સારૂ આવનારા પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોનું અમદાવાદના શિયાળાને વિષે ધ્યાન ખેંચવાની મિત્રોએ મને સૂચના કરી છે. અમદાવાદનો શિયાળો મુંબઇના જેવો મોળો

નથી તેમ દિલ્હી કે અમૃતસરના જેવો આકરો પણ નથી. છતાં મહાસભાને સારૂ આવનારાઓએ પહેરવા ઓઢવાનું ઠીક ઠીક સાથે લાવવું જોઇયે. સભામંડપમાંથી ખુરશીઓને રજા મળેલી છે. તેથી પ્રતિનિધિઓને પોતપોતાના જોડા ઉતારી સંભાળવાને સારૂ ખાદીની કોથળીઓ નજીવી કિંમતે પૂરી પાડવામાં આવશે. જેઓ ઘેરથી કોથળીઓ સાથે લેતા આવે તેઓ તેમ કરી શકશે.

પણ જોડા મંડપ બહાર રાખવા એ તો ઈચ્છવાજોગ નથી જ. આ બાબતમાં ખૂબ વિચાર કર્યા પછી જ સ્વાગત મંડળ મંડપ બહાર જોડા ઉતારવા માગનારના જોડા સાચવવાની કશી જોગવાઈ ન કરવાના નિર્ણય ઉપર આવ્યું છે. ખિલાફત પરિષદોમાં કાગળ કે ન્યુસપેપરમાં વીંટાળીને અગર બીજી રીતે જોડા સાથે લઇ જવાનો રિવાજ પડયો છે. એની અવેજીમાં ખાદીની કોથળી ખૂબ સગવડભર્યો અને ઉપયોગી ફેરફાર છે. ઉપરાંત રોશની માટે પૂરતી વિજળીની, પાણી માટે નળોની અને પાયખાનાં વગેરેની સગવડો સ્વાગત મંડળ મોટા પાયા પર કરી રહેલ છે કે પ્રતિનિધિઓની તંદુરસ્તી અને સગવડો જેટલાં બની શકે તેટલાં સચવાય. પણ સ્વાગત મંડળ તરફથી પૂરાં પાડવામાં આવનારાં સુખસગવડો વિષે મારે અગાઉથી ભવિષ્ય ભાખવું ન જોઈયે.

તા. ૨૨–૧૨–૧૯૨૧

§ મરમના ઘા

સરકાર પોતાના નાના કે મોટા હુકમોનો ભંગ કરનારને કેદ કરે, સામાન્ય ચોરભામટાઓ સાથે વર્તવામાં આવે તેવી જ તેમની સાથે પણ વર્તણુક રાખે, જેલમાં મળી શકનારા વિશેષ હકોથી તેમને દૂર રાખે—આ બધી સમજમાં આવી શકે એવી વાતો છે. એને હું દુષ્ટતા નહિ કહું. જે તમારી ઉપર છે અગર તો જે તુરતને સારૂ પણ તમને પોતાની નીચે દબાવી બેઠો છે તેનો રોષ માથે લેવાની જો તમે હિમ્મત કરો તો એના જે કોઇ હુકમો માનવાની તમે ના પાડો તેને સારૂ તેના હાથની સજા ભોગવવાની પણ આશા રાખીને જ તમે તે પગલું ભરો છો. મરમના ઘા

પણ જો તે તમને અપમાનિત કરે, તમારાં બાળબચ્ચાં પાસે તમને અને તેમને પોતાને પણ ન ગમતાં હોય અને જે કરવાની કાયદો ફરજ ન પાડતો હોય એવાં કામો કરાવે, તમને ધૂળથી પણ હલકા કરે ત્યારે તે અસહ્ય થઇ પડે છે. મદ્રાસના કોકોનાડામાં એક માજીસ્ટ્રેટે સ્વરાજ અને ખિલાફતના વાવટા નીચે ઉતરાવી નાખ્યા, એક અઠવાડિયા સુધી એવા વાવટા વાપરવાની સામે મનાઇ હુકમ કાઢયો, નિશાળનાં

બાળકો પાસે 'યુનિયન જૅક'ને સલામો કરાવી ! કલકત્તામાં એક નામાંકિત પ્રોફેસર પોતાનો યુનિવર્સિટીનો ઝભ્ભો પહેરીને ચાલ્યા જતા હતા ને નિરપરાધી માણસોની નાહકની સતામણી ચાલી રહેલી જોઇ તે અટકાવવા એક અમલદાર પાસે ગયા. જવાબમાં પેલાએ 'તારે શી એ બધી પૂછપરછ જોડે મતલબ ?' કરીને ઢોરની જેમ તેમના પર હુમલો કર્યો અને માર માર્યો. બીજા એક દાખલામાં એક બહાદુર ઉંચી કેળવણી પામેલા નવજવાનોની ટોળીને જેઓ ઘડીવારને માટે તેમના ચોકીદાર હતા તેમણે લાતો મારી. આવી વસ્તુઓ જ હૈયામાં સોંસરી ઉતરી જનારી હોય છે. એ મરમના ઘા છે, આ બધાં અપમાનોબતાવી આપે છે કે આપણા 'માલિકો'ની રીતભાતમાં હજુ કશો ફેરફાર થવા પામ્યો નથી. એ બતાવે છે કે ઓડવાયરશાહી હજુ દફન નથી થઇ. ઇજા પામેલા પ્રોફેસર મહાશયને લૉર્ડ રોનાલ્ડશે તેડું મોકલે અને રૂબરૂ દિલાસો આપી ફરી એવું નહિ બને એવી ખાતરી આપે તેમાં શું વળ્યું? અને ફરી શું નહિ બનવા પામે ? પ્રોફેસર મજકુર પર ફરી હુમલો નહિ થાય એમ જ ને ? અલબત્ત, હાલની ઝુંબેશ દરમિયાન કોઇ એમની ફરી સતામણી નહિ કરે. પ્રોફેસર મહાશય પોતે ફરીવાર પોતાના ઝભ્ભાના જોર પર સરકારના અમલદારને ઝટઝટ પકડવા જતા પહેલાં વિચાર કરશે. પણ તેથી સરકારના અમલદારના મનમાં પ્રોફેસરને માટે કશું માન પેદા થયું શું ? પ્રોફેસર કંઇ પોતાના રક્ષણને સારૂ વિનંતિ કરવા નહોતા ગયા. તેઓ તો માણસજાત પર નાહક જુલમ ગુજરતો જોઈ વહારે ધાયા હતા. લૉર્ડ રોનાલ્ડશે સાહેબની ખોળાધરીથી ભવિષ્યમાં આવા જુલમમાંથી હિન્દી પ્રજાનું રક્ષણ થવાનું શું ? અગર તો સરકારના અમલદારો હિન્દી પ્રજા તરફ માનની નજરથી જોતા થવાના શું ? સરકારના સિપાઇને રોજની કેળવણી કેવી અપાય છે એ જ મુદ્દો છે. અત્યારે એને અપાતી કેળવણીથી તો એને કુછંદી પશુ બનાવી મુકવામાં આવે છે અને અમુક પ્રસંગોએ તેને નિર્દોષ લોકો ઉપર છોડી મુકવામાં આવે છે.

બલિદાનનો પ્રભાવ

હિન્દુસ્તાનના દાસો અને આઝાદો આજે જેલો વ્હાલી કરી રહ્યા છે તે આવા હીચકારા અને પશુવત્ બનાવો બનતા અટકાવવાને સારૂ. તેમણે જેલોને વધાવી લીધી છે તે બૂરામાં બૂરા ગુન્હેગારની પણ નાહકની છેડ ન થાય, તેનું પણ માન ભંગ ન થાય એટલા સારૂ. તેઓ કંઇ રાજ્યતન્ત્રનો કેવળ યાન્ત્રિક હાથબદલો થયેલો જોવા જેલ નથી ગયા. તેઓ જે ધરમૂળનો પલટો ઇચ્છે છે, જે રાજ્યપદ્ધતિના પલટાને સારૂ લાલાજી જેવા આજે વરસો થયાં ઝૂરે છે; જે પં. મોતીલાલજી જેવા રાજેશ્વરીઓને

મન આજે પ્રાણવાયુ સમાન થઇ પડયો છે અને જેની પાછળ એમણે આજે ફકીરી લીધી છે, તે પલટો લાર્ડ રોનાલ્ડશે ચાહે તેટલા નિખાલસ ભાવે ચાહે તેટલી માફીઓ માગે અગર તો લૉર્ડ રીડિંગ ચાહે તેટલાં સુંવાળાં વિશેષણો વાપરે અને પોતાના અમલદારો કાયદાની મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરે એ વિષે ચાહે તેટલી જાતે સંભાળ લે, તોપણ એમ ને એમ કદાપિ થવાનો નથી. પ્રજાની કુરબાનીથી અને આત્મયજ્ઞથી જ એ પાયાનો ફેરફાર થવાનો છે અને ઇશ્વરનો આભાર માનીયે કે એવા યજ્ઞને સારૂ પ્રજા આજે તૈયાર છે.

એક ચકોર મિત્ર મારા આશાવાદને મર્યાદામાં રાખવાના ઉદ્દેશથી મને ચેતવે છે કે પ્રજાકીય બલિદાનના યજ્ઞની તો હજુ શરૂઆત છે; અને હજી તો આપણે આપણી સ્વતન્ત્રતાની કેટલીયે વધુ કિંમત આપવી પડવાની છે. એ ખરેખર માને છે કે આપણે તો હજુ જલિયાંવાલાની પુનરાવૃત્તિના પ્રસંગો નોતરવા પડશે અને પેટ ચલાવેલા લોકો વાળી ગલીમાં ધ્રૂજતા અને નાખુશીથી જવાને બદલે હસતે ચહેરે અને સાબૂત કદમથી જવું પડશે અને પેટ ઘસવાની ના પાડવા માટે ચાબુકના માર ખાવા પડશે. હું મારા મિત્રને ખાતરી આપું છું કે મારા આશાવાદમાં આ બધી વાતોને માટે અને એથી પણ આકરી વસ્તુઓને સારૂ સ્થાન છે. પણ સાથે હું એ વાતની પણ ખાતરી આપું છું કે જો હિન્દુસ્તાન આવું ને આવું શાન્ત અને દૃઢ રહે, જાલિમના જુલમનો મનથી પણ પ્રતિકાર ન કરે—હું કબુલ કરૂં છું કે આ કામ અઘરૂં છે, તથાપિ હિન્દુસ્તાનની અત્યારની ઉચ્ચ મનોભૂમિકાએ તે એટલું બધું અઘરૂં નથી—તો માત્ર આપણી તેટલી તૈયારી અને તેને પરિણામે પ્રતિકારનો અભાવ જ વિરોધીઓના સમસ્ત પશુબળને અપવાસી રાખી હત કરશે, અને વાઇસરાય સાહેબ પણ આપણી આગળ બડી બડી વાતો કરવાને બદલે માણસાઇ-ભરી ધીરજની વાતો કરશે અને હિન્દી વાતાવરણમાં નવી રાજનીતિને સારૂ અવકાશ જોશે.

પણ જો આપણે ભાન ભૂલ્યા અને આપણી અહિંસાની પ્રતિજ્ઞાને વિસારી તો આપણે હજાર નવા જલિયાંવાલા બાગોને સારૂ અને હિન્દુસ્તાનને એક વિશાળ કતલખાનું બનેલું જોવાને સારૂ તૈયાર રહેવું પડશે. દેશબન્ધુ દાસ આપણને આવા બલિદાનને સારૂ તૈયાર રહેવા કહેતા ગયા છે. એમની ખાતરી થઇ ચુકી છે કે જેલનો ડર આપણે મુકયો છે. અંગત હુમલાઓની કસોટીમાં થઇને પણ આપણે પસાર થઇ શકીશું એવો એમને કદાચ એમના પોતાના પુત્ર અને તેના સાથીઓના દાખલા મરણભય તજો

ઉપરથી ભરોસો છે. પણ તેઓ તો આપણને પ્રત્યક્ષ મરણનો ભય તજવા કહે છે. મને ઉમેદ છે કે જો હિન્દી પ્રજાના ભાગ્યમાં એવો વખત આવવાનો હશે તો તે સામે ઉભા રહેવા હિન્દુસ્તાનમાંથી પૂરતા અસહકારીઓ નીકળશે, જેમને વિષે લખાશે કે

'તેમણે ગોળીઓ ખાધી પણ તેમનાં ભવાં સરખાં ન ચડ્યાં; અને પોતાના મારનાર અજ્ઞાનીઓના કલ્યાણની પ્રાર્થના કરતા કરતા જ તેઓ મૂઆ.'

અને જો આવેલી ખબરો સાચી હોય તો બે આસામી સ્વયંસેવકોને ચાબુકના માર પડ્યા છે અને લાહોરના સ્વયંસેવકોએ પણ તેમની ઉપર થયેલો નિરંકુશ હુમલો ધૈર્યથી ગળી લીધો છે. આ લડત સાચે જ દિલ્લગી નથી. છેલ્લા બાર મહિના કે તેથી વધુ આપણે તાલીમ અને તૈયારી પાછળ ગાળ્યા છે. હવે તો આપણે પાર ઉતર્યે જ છૂટકો છે. એમાં પાછા ફરવાની વાત જ નથી.

સ્ત્રીઓનો હિસ્સો

બંગાળી સ્ત્રીઓ જેલમાં

મને ઉમેદ હતી કે લડતના આરંભ આરંભમાં તો સ્ત્રીઓને જેલ જવાનું ભાગ્ય નહિ પ્રાપ્ત થાય. સ્ત્રીઓએ કાયદાના સવિનય ભંગને સારૂ નીકળવાનું હજુ ઠર્યું નથી. પણ બંગાળની સરકારે સ્ત્રીપુરુષ વચ્ચે કશો જ વેરોવંચો ન કરવાના ઉત્સાહમાં કલકત્તાની સ્ત્રીઓને એ માનથી નવાજી છે. મને ઉમેદ છે કે આખો દેશ આ નવી શરૂઆતને વધાવી લેશે.

સ્વરાજપ્રાપ્તિની લડતમાં સ્ત્રીઓનો પણ પુરુષોના જેટલો જ હિસ્સો હોવો જોઇયે. અને આપણી આ શાન્ત અપ્રતિકારની લડતમાં સ્ત્રીઓ તો પુરુષોને ગાઉના ગાઉ પાછળ મુકી દે એમ છે. તેમની ધર્મશ્રદ્ધા જોડે તો પુરુષોની કદી સરખામણી થઇ શકે તેમ નથી. મહાધૈર્યથી દુઃખ પર દુઃખ ગળ્યે જવાં અને બહાર દુઃખની છટા સરખી ન દેખાવા દેવી એ ખાનદાનીના આદર્શ રૂપે જ જાણે તેઓ સરજાયલી છે. અને હવે બંગાળ સરકારે એમને આમ લડાઇમાં ઉતાર્યા પછી તો મારી ખાતરી છે કે આખા હિન્દુસ્તાનની સ્ત્રીઓ સરકારના આ આમન્ત્રણને ઉપાડી લેશે અને સ્વાતન્ત્ર્યપ્રાપ્તિની આ લડતમાં પોતાને છાજતો હિસ્સો આપવાને સજ્જ થઇ જશે. નહિ તોપણ જ્યારે મરદો પૂરતી સંખ્યામાં પકડાત ત્યારે તેમને પોતાની જાતિના માનની ખાતર પુરુષોની જગા લેવી જ પડત.

સ્ત્રીઓ નિર્ભય રહે

પણ હવે તો પુરુષની પડખે રહીને જ ભલે સ્ત્રીઓ પણ અત્યારથી જ જેલની જીંદગીમાં પુરુષોની ભાગીદાર બનતી. એમની લાજની રક્ષા કરનારો ઇશ્વર બેઠો છે. જ્યારે દ્રૌપદીની લજ્જારક્ષા કરવા પાંચ પાંડવ અસમર્થ નીવડ્યા ત્યારે સતીનું સત ઇશ્વરને ત્યાં રજૂ થયું અને સતીની લાજ રાખવા ભગવાન ગરૂડે ચડીને ધાયા. અને કાળના અન્ત લગી એમ જ થવાનું. દુર્બળમાં દુર્બળ શરીર વાળી સ્ત્રીને પણ ઇશ્વરે પોતાની લાજ રક્ષવાનું બળ આપેલું છે. સ્ત્રીની રક્ષા એ પુરુષનો ઉચ્ચ અધિકાર ભલે હોય, પણ પોતાની સંભાળ લેવાને પુરુષ ન રહ્યા હોય અગર તો સ્ત્રીરક્ષાનો પવિત્ર ધર્મ બજાવવાને તે અસમર્થ હોય ત્યારે કોઇ હિન્દી સ્ત્રી પોતાને નિરાધાર ન માને. જેને મરતાં આવડે છે તેને—પછી પોતે સ્ત્રી હોય કે પુરુષ—કશા જ સંકટની બીક રાખવાનું કારણ ન જ હોય.

અને હિન્દુસ્તાનની સ્ત્રીઓને પણ મારી અવશ્ય એવી સૂચના છે કે તેમણે જેઓ લડાઇમાં મોખરે જવા તૈયાર હોય તે બહેનોનાં નામો એકઠાં કરવાનું કામ શાન્તિપૂર્વક પણ વગરઢીલે શરૂ કરી દેવું. તેમણે પોતાની યાદી બંગાળની બહેનોને મોકલી આપવી અને તેમને બતાવી આપવું કે તેમની પાછળ જનારી બહેનો બીજા પ્રાન્તોમાં પણ તૈયાર છે. જેલની જીંદગીનાં જોખમ અને તેની હાડમારીઓ ખેડવા ઘણી બહેનો બહાર ન પડે એ સંભવિત છે, તથાપિ પહેલા હપતામાં થોડી જ બહેનો આવો આત્મયજ્ઞ કરવા બહાર પડે તેમાં પણ પ્રજાને કશું જ નીચું જોવાપણું નહિ હોય.

સ્ત્રીઓ ભલે પકડાય

પુરુષવર્ગની ફરજ તો ચોખ્ખી છે. સ્ત્રીઓને કેદ પકડાતી જોઈ આપણે મિજાજ ન જ ખોઇયે. મિજાજ ખોયે કે પાગલ બન્યે સ્ત્રીઓની રક્ષા થવાની નથી. આપણે તો સરકારને સામટું નોતરૂં દઇ ચુક્યા છીયે. આપણે આપણી સ્ત્રીઓને માટે, બાળકોને માટે, કોઇને જ માટે સરકારની દયા માગી નથી. અને માર્શલ લૉના દિવસોમાં પંજાબમાં સરકારે રાખેલી પણ ક્યાં ?

મારે હિસાબે તો એકાદ બૉસવર્થ સ્મિથ મનિયાંવાલાની સ્ત્રીઓનાં મ્હોં પર થુંકે, તેમને અપશબ્દો બોલે અને બીજી રીતે તેમને અપમાનિત કરે તેને મુકાબલે કલકત્તાના અમલદારો આપણી બહેનોને કોઇ કાયદાનું બહાનું કરીને ગિરફતાર કરે એ અલબત્ત વધુ સભ્યતાભર્યું છે. આપણા સ્ત્રીવર્ગને આપણે આમ અપમાન પામવા લશ્કરમાં નથી મોકલતા એ સાચું, પણ જાહેર સેવા કરતાં સરકાર જો તેમને પકડતી

હોય તો તેવી રીતે કેદ થવા અને જેલ જવા આપણે આપણી સ્ત્રીઓને અવશ્ય મોકલીયે છીયે. આપણી સ્ત્રીઓ ઘેરઘેર સ્વદેશીનો પ્રચાર કરતી ફરે અને પરદેશી કાપડનો વેપાર બંધ પાડી એ રીતે હિન્દુસ્તાનને ફોલી ખાવાની શક્તિરૂપી સરકારની હસ્તીના મૂળ ઉપર જ કુહાડી મારે, છતાં સરકાર એને ટગર ટગર જોયાં કરે એમ આપણે શા સારૂ માનીયે? તેથી જો આપણે આપણી સ્ત્રીઓને સ્વદેશીની પ્રવૃત્તિમાં ભાગ લેવા દઇયે તો આપણી સાથેસાથે જ એમને સુદ્ધાં પકડવાના સરકારના હકને પણ આપણે કબૂલ રાખીયે.

તેથી આપણી સ્ત્રીઓ પકડાય ત્યારે પણ આપણે ગુસ્સે ન થવું જોઇયે. આપણે આપણા સામાવાળીઆને પડકારીયે અને પછી તે સામો આવીને ઉભો રહે ત્યારે તેને દોષ દેવા લાગીયે તે તો નામર્દાઈ છે.

મિજાજ ન ખોશો

સરકારની જેલોમાં આપણાં માણસો માવાં ન જોઇયે. આપણે સરકારને બતાવી આપવું જોઇયે કે જાગૃતિ થોડાઘણા લોકોમાં જ નથી આવી, પણ તે તો આમપ્રજામાં ફેલાઇ ગઇ છે. આપણે બતાવી આપવું જોઇયે કે અહિંસા ગણ્યાગાંઠ્યા લોકોને જ ગળે ઉતરી છે એવું નથી, પણ તે ઘણાખરાને હૈયે વસી ગઇ છે. આપણે આપણા વર્તનથી બતાવી આપવું જોઇયે કે મુંબઇનું તોફાન સામાન્ય રોગના ચિહ્નરૂપે નહિ પણ માત્ર અપવાદરૂપે હતું.

અને હવે જ્યારે ઉશ્કેરાવાને અને લોહી ઉકળવાને કદાચ આકરાંમાં આકરાં કારણ મળવા લાગ્યાં છે ત્યારે જ વધારેમાં વધારે સહિષ્ણુતા અને સંયમ બતાવી આપવાનો વખત છે. 'કદાચ' હું વિચારપૂર્વક કહી રહ્યો છું, કારણ મને લાગે છે કે આપણા મિજાજની સૌથી આકરામાં આકરી પજવણી હજુ નથી થઇ. છેક જ અસહ્ય થઇ પડે એટલા લોહી ઉકાળનારા પ્રસંગો હું કલ્પી શકું છું. જો આપણે સ્વતન્ત્રતાના ઉમેદવાર છીયે, જો ખિલાફત અને પંજાબની આબરૂ આપણે નિર્મળ કરવી છે તો આપણે આ બધાના કરતાં ઘણી વધારે મોટી કિંમત આપવા તૈયાર થવું જોઇશે અને ચાહે તેટલી પજવણી થાય તોપણ મિજાજ ખોવો પાલવશે નહિ. આપણે બૂરામાં બૂરી હાલત કલ્પી રાખીયે અને સરકાર તરફની ઓછામાં ઓછી આશા કરીને આખર સભ્યતા રાખ્યાને સારૂ પણ સરકારનું ભલું જ વાંચીયે.

સરકારી સભ્યતા

આપણે ખુલ્લા દિલથી કબૂલ કરીયે કે ઘણાખરા દાખલાઓમાં સરકાર વિનય અને સભ્યતા બતાવીને લડાઇના કાયદાઓને જ માન આપે છે. જો પીર બાદશાહ

ગીયાં કે ડૉ. સુરેશને તેણે હાથકડીઓ પહેરાવીને દોર્યા તો અલી બિરાદરોને, લાલાજીને, મૌ. મોહીયુદ્દીનને કે પં. મોતીલાલજીને તેણે કયાં હાથકડીઓ પહેરાવી ? અને હું તો હાથકડી પહેરાવવાનો રિવાજ એકેએક અસહકારીની બાબતમાં અમલમાં મુકે તોપણ તકરાર ન લઉં. કેદીને હાથકડી પહેરાવીને લાવવો લઇ જવો એ જેલનો નિયમ છે. અને પંડિત મોતીલાલજી તથા પંડિત જવાહરલાલને હાથકડી પહેરાવીને તેમને રાખવાને ઠેકાણે પગે ચલાવતા લઇ જવામાં આવે એવો ધન્ય દેખાવ જોવાને મારા જેવાને તો અલાહાબાદ સુધી ઉડીને પહોંચી જવાનું મન થાય. પોતાની હાથકડીઓ સ્વરાજના શુભ ચોઘડીઆંને ત્વરાથી વધુ વધુ નજીક ખેંચી લાવી રહેલ છે એ વિશ્વાસે તેમના ખુશનુમા ચહેરાઓ પર ઝળકતા હાસ્યને નિહાળવામાં મને તો શેર લોહી ચડે. પણ સરકારે આવી ઉજાણી આપી નહિ.

હું જેની અપેક્ષા નથી કરતો, હું માણસજાતના માનની ખાતર જે નથી ઇચ્છતો, તે તો પંજાબમાં થયાં તેવાં ક્ષુદ્ર હલકટ નામોશીભર્યાં અપમાનો અગર તો મોપલા વૅગનની અકલ્પ્ય નિર્દયતા. છતાં અસહકારીઓએ તો કશો જ કરાર નથી કર્યો કે તેમની સામે અમુક જ થાય અને અમુક હદ સુધી જ થાય. આપણે તો બૂરામાં બૂરા બનાવોને ગણતરીમાં રાખીને આ લડત માથે લીધી છે અને તેમાં રહેલી જોખમદારી પૂરેપૂરી સમજીને જ અહિંસાપરાયણ રહેવાનું પણ કર્યું છે. સ્વરાજ હવે હાથવેંતમાં છે. અત્યારે ગફલતમાં પડી ભાન ભૂલીને રખે તેને આપણે ખોઇ બેસીયે.

આગેવાનો ભલે જેલમાં હોય; ના. શાહજાદા જ્યાં જ્યાં જાય ત્યાં સંપૂર્ણ હડતાળો પડવી જોઇયે. એ પાડવાને સારૂ સભાઓ ભરવાની પણ જરૂર નથી. લોકોમાં પોતાની મેળે જ પ્રસંગ ઓળખવા પૂરતી સમજ આવી ગઇ છે. સરકાર ભલે જુએ કે હડતાળો જોરાવરીથી નહિ પણ લોકોના મરજીયાત સહકારથી જ પડે છે. મરજીયાત હડતાળ

કોઇ પણ સ્થળે વગરવિચાર્યે અગર વગર મંજૂરી મેળવ્યે કાયદાનો સવિનય ભંગ ન જ શરૂ થવો જોઇયે. પ્રત્યેક પગલું પૂરા વિચારપૂર્વક અને પૂરી શાન્તિથી જ આપણે ભરીયે. લોકો પોતપોતાના ઘરમાં ભલે ખૂબ ચર્ચા કરે. વેપારીઓ વેપારને કામે હજાર વેળા એકઠા થાય છે. તેઓ અત્યારે કલાકે કલાકે બદલાતી સ્થિતિ પર વિચાર ચલાવે અને નિશ્ચયો કરે. પણ શાહજાદાની પાછળ દરેક જગાએ હડતાળો પડે એમ હું ચાહે તેટલો ઇચ્છું, તથાપિ તે ખૂનામરકી કે તોફાનનું સ્હેજ પણ જોખમ ખેડીને નહિ જ. એ હડતાળોમાં જરા પણ જોરજબરાઇ કે ધમકી સરખીનો

ઉપયોગ ન જ થવો જોઇયે. આપણે બધે હડતાળો નહિ પાડી શકીયે, તેમાં મોળા ગણાઇશું, તે ભલે, પણ ખૂનામરકી કે તોફાન તો આપણુને પાછા જ પાડે અને સ્વરાજમાં પણ કોણ જાણે કેટલીયે મુદતનો વિલંબ કરાવે.

---

§ હારવું શાને ?

સાદો કાર્યક્રમ

અસહકારના કાર્યક્રમની સાદાઇ જેને સમજાઇ છે તે આ લડતની ખરી ખૂબી સમજી ગયા છે. રેંટીયો ચલાવી સૂતર કાંતવું અને જેલ માગી લેવી અને જેલમાં પણ તેઓ કાંતવા દે તો કાંતવું. આમ આપણે કાંતતા હોઇયે કે જેલ જતા હોઇયે, ગમે તે સ્થિતિમાં પણ આપણે એક જ મનોવૃત્તિ—અહિંસા અને સર્વ ધર્મો પ્રત્યે મૈત્રીભાવના રાખવી જોઇયે. જો આપણે અંગ્રેજોનો, સહકારીઓનો અને આપણી જોડે મળતા ન થનારા બીજાઓનો દ્વેષ કરતા અટકીયે, જો આપણે એકબીજાનો અણુવિશ્વાસ રાખતા અગર તો એકબીજાથી બ્હીતા અટકીયે અને જો આપણે આખી પ્રજાના ગુજરાનને સારૂ પરસેવો વાળવાનો અને ખપવાનો નિશ્ચય કરી રેંટીયો પકડીયે તો આપણી સામે ટકવાની દુનિયાની કઇ સત્તાની ગુંજાશ છે? અને આપણામાં આવો આત્મવિશ્વાસ હોય તો પછી આપણે ખોબા જેટલા છીયે કે ઝાઝા અગર તો આપણે પકડાયા કે ગોળી ખાઇ મૂઆ એની શી ફીકર છે? અને આ હું ઉપર જણાવી ગયો તે કાર્યક્રમ તો કોઇ પૂરણ પુરુષોને સારૂ નહિ પણ ભલા, સાચા અને બહાદુર એવા હરકોઇ દુનિયાદારી માણસોને સારૂ છે. જો આપણાથી આટલા ભલા, સાચુલા અને બહાદુર પણ ન થવાય તેમ હોય તો પછી સ્વરાજ કે ધર્મ એ શબ્દો પણ આપણા મ્હોંમાં શી રીતે શોભશે? આપણે કયે મ્હોડે આપણને હિન્દુ મુસલમાન ખ્રિસ્તી યહુદી શીખ અગર પારસી કહેવડાવવાના? અને જો આપણે સાચા હિન્દુ મુસલમાન શીખ પારસી ઇત્યાદિ ન હોઇયે તો ખિલાફત અને પંજાબની ભરપાઇની વાત પણ આપણે મ્હોડે શી?

સરકારનો અસહકાર

તેથી જો આપણને આપણા કાર્યક્રમને વિષે શ્રદ્ધા હોય તો પછી સરકાર પોતે આપણી જોડે દરેકે દરેક વાતમાં અસહકાર આદરે તોપણ આપણે તેની ફિકર ન કરવી જોઇયે. શ્રી. રાજગોપાલાચારી તરફથી તેમજ આગા સફદર સાહેબ તરફથી મેં સાંભળ્યું કે તેમના આખા તારો જવા દેવામાં આવતા નથી. મને તો એ જ નવાઇ લાગે છે કે સરકાર આપણો એક પણ તાર કેમ જવા દે છે અગર તો

આપણને મુસાફરી કરવા કે એકબીજાને મળવા કેમ દે છે ? મેં તો મારા મનને બૂરામાં બૂરી સ્થિતિને માટે પણ તૈયાર કરી રાખ્યું હોવાથી સરકાર આપણી પ્રવૃત્તિઓને અટકાવવાને અગર તો મોળી પાડવાને જે જે કંઇ કરે છે તેમાંના કશાથી હું ચકિત થતો નથી તેમ ગુસ્સે પણ થતો નથી. સરકાર પોતાની હસ્તીને માટે હવાતીઆં મારી રહી છે, અને મને થાય છે કે હું પોતે એની જગોએ હોત તોપણ એથી બીજું શું કરત ? કદાચ એનાથી પણ ભૂરૂં કરત.

આપણે શા માટે માનીયે કે સરકાર પોતાની પાસે જે કંઇ બળ છે તે બધું ન વાપરે ? માત્ર આપણી બાજુએથી આપણે એની કશી મદદ વગર આપણો અસહકાર ચલાવ્યે જઇયે અને તેનો મર્મ આપણા જીવનમાં ઉતારી શકીયે એવો રસ્તો શોધી કાઢવો જોઇયે. સરકાર આપણો પ્રાન્ત પ્રાન્ત વચ્ચેનો વહેવાર અટકાવે તોપણ આપણે આપણો મિજાજ હાથ રાખવો જોઇયે. આપણો કાર્યક્રમ નક્કી થઇ ગયા પછી હવે તો દરેક પ્રાન્તે પોતપોતાની પ્રવૃત્તિ ઉપાડી લઇ તે ધપાવ્યે જવા શક્તિમાન હોવું જોઇયે. ઉલટું એવી સ્થિતિ તો આપણને લાભદાયક જ નીવડવી જોઇયે. કારણ એમ એકબીજા પ્રાન્તો વચ્ચેનો વહેવાર સરકાર તોડી નાખે તેને પરિણામે તો એક પ્રાન્તમાં દૈવજોગે ગમે તેટલું પાછા પડવાનું થાય તોપણ બીજો પ્રાન્ત એની અસરથી બચી જવાનો. દાખલા તરીકે ગુજરાત હારી જાય અને તન-મનથી સરકારને શરણે જાય અગર તો આસામ નરાતાળ બની જાય અને એકાએક તોફાને કરી બેસે તોપણ પંજાબ પર તેની અસર થાય નહિ. પણ વાચકે આવી કશી જ બીક મનમાં આણવાની નથી. કારણ આસામ ભારે પજવણી વચ્ચે સુદ્ધાં નમૂનેદાર સંયમ જાળવી રહ્યું છે અને ગુજરાત, મને ઉમેદ છે કે, થોડા જ દિવસની અંદર પોતાનું પાણી બતાવી આપ્યા વગર રહેશે નહિ. મુંબઇની સરકાર પોતાનું કામ ખૂબ સમજતી જણાય છે. એ બીજા પ્રાન્તોની સરકારોના કરતાં અલબત્ત વધુ સહિષ્ણુ અને વધુ ચકોર છે. એ અસહકારીઓને જેમ બને તેમ લાંબુ દોરડું (ગળે ફાંસો ખાવા) આપવા રાજી છે. અને અસહકારીઓ પણ, પોતે મેળવવા મથી રહ્યા છે તે ન મળતું હોય તો સરકારને દોરડે લટકવા આતુર હોવાથી, તેઓ પણ સરકાર જેટલું દોરડું મુકતી જાય છે તેટલું લઇ રહ્યા છે. પણ આ જુદી વાત થઇ. હિન્દુસ્તાનની હવામાં હથેળી જેવડું વાદળું ઘડીવારમાં ભયાનક કદનું થઇ પડે છે એમ કહેવાય છે. મારા કહેવાનો મુદ્દો એટલો જ છે કે આપણે દરેક જાતના ગુંચ-વાડાને માટે તૈયાર થઇ રહેવું જોઇયે અને કશાથી પણ હારવું ન જોઇયે અગર તો અણધાર્યું કંઇ આવી બને ત્યારે ચાહે તેમ થાય તોપણ દિઙ્મૂઢ ન જ બનવું જોઇયે.

જો તારોનું સુખ આપણી પાસેથી ખૂંચવી લેવામાં આવે તો આપણે ટપાલથી કામ ચલાવવું જોઇયે. જો ટપાલનો વહેવાર પણ આપણે માટે બંધ કરવામાં આવે તો આપણે ખેપીઆથી કામ લેવું જોઇયે. આપણને જોઇતી દિશામાં જતા આવતા મિત્રો તો આપણને આમાં અલબત્ત મદદ કરવાના જ. જ્યારે રેલવેનો ઉપયોગ કરતાં આપણને અટકાવવામાં આવે ત્યારે પણ આપણે બીજાં વાહનોથી કામ લેવાની તૈયારી રાખવી જોઇયે. એ રીતે આપણા કામમાં ગમે તેટલો વખત જશે તોપણ તે, જો આપણે અંદરથી સાબૂત હઇશું તો, આપણા કામમાં કશો અન્તરાય આણી શકશે નહિ.

ઇશ્વરનું શરણ ખોળો

જો આપણે આપણું સર્વ મમત્વ છોડી ઇશ્વરનું જ શરણ ખોળીશું અને એને જ આપણો એકમાત્ર આધાર માનીશું તો સરકાર આપણી જે કંઇ કસોટી કરવા માગશે તે એકેએકમાંથી આપણે નિષ્કલંક બહાર નીકળીશું. જો એની ઇચ્છા સિવાય સૂકા ઝાડનું પાન પણ ખરતું નથી તો આજની આપણી આ પરીક્ષા પણ એ જ સર્વશક્તિમાન પરમેશ્વર આ સરકારને નિમિત્ત કરીને કરી રહ્યો છે એમ આપણે શા સારૂ ન માનીયે? આપણે એની જ પાસે આપણી ફરિયાદ કાં ન લઇ જઇયે અને આપણી આવી નિર્દય કસોટી કરવાને સારૂ એની જ સામે ગુસ્સે કાં ન થઇયે?

અને જો આપણી શ્રદ્ધા સાચી હશે તો સાચે જ એ આપણને દિલાસો આપશે જ અને આપણને માફ કરશે. જાલિમની સામે ટટાર ઉભા રહેવાનો માર્ગ તેનો તિરસ્કાર કરવો કે તેને મારવો એ નથી, પણ નમ્ર બનીને આપણે ઇશ્વરને શરણે જવું અને આપણી પીડની ઘડીમાં એ દયાઘનની કરુણા ભાખવી એ છે.

---

§ સ્વરાજની ઉતાવળ

બિહારથી એક ભાઇ લખે છે:

સ્વરાજની ઉતાવળ શા માટે?

"દેશકાર્યમાં અમારે ત્યાંના લોકોમાં હું એક ઉત્સાહી કામદાર ગણાતો. હું અસહકારની તરફેણમાં પણ હતો, કારણ મારી પૂર્ણ માન્યતા હતી કે દરેક મુસલમાનને માટે ધાર્મિક દૃષ્ટિએ અત્યારે અસહકાર એ ફરજીયાત વસ્તુ છે. હિન્દુસ્તાનના પુનરુદ્ધારની બાબતમાં તો અસહકાર મારફત સફળતા પામવાની છેતરામણમાં હું અગાઉ પણ પડ્યો નહોતો અને અત્યારે પણ મને તેવી કશી આશા નથી. ઉલટું મને એમ જ લાગતું કે આપણાં ખરાં હિતને ભોગે જ આપણે બ્રિટિશ સરકારની સામે અસહકાર માંડી શકીયે.

આથી હું એમ નથી કહેવા માગતો કે અસહકાર એ ખોટું અસરકારક હથિયાર છે. મારો મુદ્દો એટલો જ છે કે આપણા દેશી ભાઇઓ હજુ એ શસ્ત્રને પૂરી અહિંસા જાળવીને વાપરી શકે એટલી લાયકાત ધરાવતા થયા નથી. મેં તો અનેક પ્રસંગોમાંથી જોઇ લીધું કે આપના અનુયાયીઓ પોતે જે કાર્ય હાથમાં લીધું છે તેને આગળ ધપાવવાની મહેનત કરવાનાં કરતાં જ્યાં ત્યાં પોતાનું કામ આગળ કાઢવાની બળતરામાં જ વધુ ફસાયેલા છે. મારે હિસાબે તો દેશનું ચારિત્ર્ય હજુ એટલું નબળું છે કે આપણી આજની પેઢી પૂરી અહિંસા જાળવીને અસહકાર જેવું શસ્ત્ર ચલાવી શકે એ અસંભવિત વસ્તુ છે, અને આપના જેવો સમજુ આગેવાન આ આટલી સ્પષ્ટ અને હડહડતી અધમ અવસ્થા તરફ કેવળ આંખ મીંચી રહે એ શું આશ્ચર્ય નથી?

મેં તો તણાયું તેટલું મારું મગજ તાણી જોયું, પણ 'સ્વરાજની આટલી ઉતાવળ શા સારૂ?' એ સવાલનો મને જવાબ જડયો નહિ. અલબત્ત, જો સ્વરાજ આપણી હથેળીમાં હોત તો પછી તેમાં વિલંબ કરવો અક્ષમ્ય જ ગણાત, પણ આટઆટલી નિષ્ફળતાઓ મળ્યા છતાં હજુ સ્વરાજની વાત કરતાં આપ મહિનાની અને બે મહિનાની મુદતો મુકતાં અચકાતા નથી, એ જોઇને હું તો હેરાન હેરાન થઇ જાઉં છું. જો આમ બોલવામાં આમપ્રજામાં એક પ્રકારની જાગૃતિ ફેલાવવાનો જ હેતુ હોય તો મને લાગે છે કે વિચારમાં થાપ ખવાઈ છે. હાલમાં છેલ્લા બનેલા બનાવો મારા આ કથનના સાક્ષી છે. પ્રજામાં અસંભવિત આશાઓ ફેલાવવી એ પ્રજાના જુસ્સાની જોડે ગેલ કરવા સિવાય બીજું કશું નથી.

તેથી હિન્દુસ્તાનના અને હિન્દુસ્તાનની પ્રજાના ભલા ને ખાતર આપને આ બધામાં હવે તો 'રુક જાઓ' એવી વીનવણી કરવાનું હું સાહસ કરૂં છું. પહેલાં આપણા દેશવાસીઓને સુધારીયે ને પછી જ લડાઈ પર કૂચ કરીયે. અત્યારે તો આપણે ભૂડદાલ સિપાઇઓ લઇને જંગ જીતવા નીકળ્યા છીયે. આવી સામગ્રીથી બચાવ કરવા ઉભા રહેવું તેના કરતાં હાર કબૂલ કરી બીજા હુમલાની તૈયારીમાં પરોવાવું એ જ બહેતર છે. ખુદાના કાનૂન ઇન્સાફી છે અને તેથી કોઇ પણ કામ ઉપાડવા પહેલાં તેને માટેની શક્તિ તપાસી જોવાનું ઇસ્લામનું ફરમાન છે. મક્કા શરીફની યાત્રા એ ઈસ્લામનાં પાંચ પાયાનાં તત્ત્વોમાંનું એક છે, પણ તે હરકોઇ રસ્તે ચાલનારને સારૂ નથી. સ્વરાજને સારૂ એટલે કે પોતાના દેશની આઝાદીને સારૂ કોશીશ કરવી એ માણસનું એક પ્રથમ કર્તવ્ય હોવું જોઇયે એ સાચું, પણ અમારા ગજા બહાર અમારી કસોટી કરવી એ પણ શું ક્રૂરતા નથી? મને તો લાગે છે કે આ ઉતાવળ જ બધા તોફાનનું મૂળ છે."

લખનાર એક જાણીતા બિહારી છે. એમણે જે કંઇ લખ્યું છે તે નિખાલસ દિલથી તેમને લાગ્યું તે લખ્યું છે, એ વિષે શંકા નથી. તેથી હું તેમના કાગળનો જાહેરમાં જવાબ આપું છું.

અસહકારની સફળતા

અસહકાર જોકે સૌ પહેલો તો ખિલાફતના ઇલાજ તરીકે જ કલ્પાયો, તથાપિ બ્રિટિશ સરકાર સામે અસહકાર કરવામાં દેશનાં ખરાં હિતનો ભોગ રહેલો છે એવું મને અગર તો મારા કોઈ સાથીને કદી પણ જણાયું નથી. ઉલટું અમને તો એમ જ લાગ્યું છે કે જો એ શસ્ત્રને બળે ખિલાફતની બાબતમાં હિન્દી મુસલમાનોની વ્યાજબી માગણીઓને વિષે આપણે સરકારને નમવાની ફરજ પાડી શકીએ તો પંજાબને વિષે અને પરિણામે સ્વરાજને વિષે પણ તેમ કરી શકીયે. વળી અહિંસા પણ આરંભથી જ અસહકારનું મુદ્દાનું અંગ ગણાતું આવ્યું છે, અને જો અહિંસાની બાબતમાં દેશને નિષ્ફળતા મળી હોય તો અસહકારની બાબતમાં પણ એની મેળે જ દેશ નિષ્ફળ નીવડયો ગણાય. પણ છેલ્લા બનાવોએ અહિંસાની નિષ્ફળતા પૂરવાર કરવાને બદલે મારી દૃષ્ટિએ તો ઉલટી અહિંસાની અસર જ પૂરવાર કરી છે. મારે હિસાબે તો એ બનાવો સંપૂર્ણ રીતે પૂરવાર કરે છે કે મુંબઇનો ઉપદ્રવ એકલદોકલ અપવાદ હતો; તે દેશની સામાન્ય સ્થિતિનો સૂચક બિલકુલ નહોતો.

એક વરસ પહેલાં દેશના જુદા જુદા ભાગમાંથી પહેલી પંક્તિના આટલા આગેવાનોને આટલી સરળતાપૂર્વક અને લોકોને તેમની પાછળ આટલા શાન્ત અને સંયમી રાખીને સરકાર કદી પકડી શકત ખરી ? સરકારની યાન્ત્રિક તોપોએ જ લોકોને શાન્ત રાખ્યા એમ માનવું એ ભૂલ છે. યાન્ત્રિક તોપોનો ડર લોકોનો ઓછો રહ્યો હશે એ વાત સાચી, પણ એક વાત તો આજે રસ્તે ચાલનાર માણસ પણ કહી શકે તેમ છે, અને તે એ કે આ દેશમાં અત્યારે એવા સેંકડો બલકે હજારો લોકો નીકળ્યા છે, જેમને ડરાવવાનું યાન્ત્રિક તોપોમાં સામર્થ્ય નથી રહ્યું. તેમ પ્રજા ચારિત્ર્યમાં નબળી થઇ છે એ વાતમાં પણ હું મળતો થઇ શકું એમ નથી. ઉલટું આ આત્મશુદ્ધિની પ્રવૃત્તિએ પ્રજાનું જીવન કેટલું અદ્‌ભુત રીતે પલટાવી નાખ્યું છે તે દરેક પ્રાન્ત પૂરવાર કરી આપે તેમ છે. હજુ થોડા જ દિવસ પર એક જાણીતા મુસલમાન મિત્રે મુસલમાન કોમના નવજવાનો જેઓ હમણાં હમણાં સુધી આળસુ અને વિલાસી જીવન ગાળનારા હતા તેઓ એકાએક કેવા ધાર્મિક સાદાઇ વાળું અને ઉદ્યોગી જીવન ગાળનારા બની ગયા છે તેનું બયાન આપ્યું હતું.

સ્વરાજની ઉતાવળ ન હોય ?

હા, આપણને સ્વરાજની ઉતાવળ તો જરૂર થઇ છે. બીજું થાય જ શું ? માલગાડીના બંધ લોખંડી વૅગનમાં ગુંગળાઇ મૂઆ તે પેલા કમનસીબ મોપલાઓ પણ જ્યારે જીવલેણ ગુંગળાટ વચ્ચે રહીરહીને પાવળું પાણીની અગર તો એક શ્વાસ ખુલ્લી હવાની ચીસો નાખી રહ્યા હતા ત્યારે તેમને પણ ઉતાવળ થઇ હતી શું ?

જે પરદેશી રાજસત્તાના જીવલેણ વૅગનમાં આજે આખું હિન્દુસ્તાન નૈતિક ગુંગળાટથી મરી રહ્યું છે તે તો મોપલાઓનો જીવ લેનારી વૅગનના કરતાં અગણિત દરજ્જે બદતર છે; અને નવાઈ તો એ છે કે આટઆટલાં વરસ વીત્યાં પણ હજુ હિન્દુસ્તાનની પ્રજાને સ્વતન્ત્રતાના પ્રાણવાયુની જરૂર ભાસતી નથી ! પણ એકવાર આ સ્થિતિ જાણ્યા પછી સ્વરાજરૂપી પ્રાણવાયુની બૂમ મારવી એ શું સ્વાભાવિક નથી ? તેમ મુદત બાંધવાની બાબતમાં પણ હું કશો દોષ માથે લેવા તૈયાર નથી. એટલું જ નહિ, પણ જો બતાવેલી શરતો પ્રજા પૂરી કરે—અને તે પૂરી કરવી કંઈ મુશ્કેલ કામ નથી—તો બાર મહિનાની અંદર જ સ્વરાજ અલબત્ત મળી શકે એ જાણવા છતાં મેં મારી એ માન્યતા પ્રજા સમક્ષ ન મુકી હોત તો જ હું દોષી ઠરત.

અને જો ખરેખર જ અહિંસાનું વાતાવરણ વ્યાપ્યું હશે તો હું હજુયે કહેવાની હિમ્મત ધરૂં છું કે આ વર્ષની અંદર જ સ્વરાજની પ્રાણપ્રતિષ્ઠા આપણામાં થઇ ચુકી હશે. પછી તેનું ખોખું બનતાં ભલે થોડી વધુ મુદત લાગે. વરસની મુદત કંઇ લોકજાગૃતિના હેતુથી નહિ, પણ મહાસભાનાં અનુયાયી સ્ત્રીપુરુષોની તાત્કાલિક ફરજ તેમજ એવા કર્તવ્યપાલનમાંથી નીપજનારા ભવ્ય પરિણામને વિષે તેમનું લક્ષ એકાગ્ર કરતા ખાતર પોકારવામાં આવી હતી. એમ મુદત બાંધ્યા વગર ન તો આપણે કરોડનો ફાળો કરી શક્યા હોત, ન દેશભર આટલા રેંટીયા ચાલુ કરી શકયા હોત, કે ન હજારો વાર હાથકંતામણ અને હાથવણાટની ખાદી પેદા કરીને લાખો રૂપીયા દેશના ગરીબમાં ગરીબ કામદારોનાં ઘરોમાં દાખલ કરી શકયા હોત. વરસમાં સ્વરાજ

લેખકે મૂડદાલ સિપાઇઓથી લડાઇએ નીકળવામાં ડહાપણ નથી એમ સૂચવ્યું છે. આજે બંગાળમાં, સંયુક્ત પ્રાન્તોમાં અને પંજાબમાં સરકાર જેમ માગી રહી છે તેમ જેલીઓ મળી રહ્યા છે, એ શું મૂડદાલ સિપાહીગીરીનું સૂચક છે ? અને જ્યારે બીજા પ્રાન્તોમાં કદાચ એથીયે વધુ સખ્તાઇભરી દમનનીતિના હુકમો છૂટશે ત્યારે એ પ્રાન્તો પણ પોતાનાં પરાક્રમથી ઉપલા ત્રણ સુભાગી પ્રાન્તોના જેટલા જ ઝળકી ઉઠશે એ વિષે મને શંકા નથી.

---

§ ધોળી ટોપી સામે ઝુંબેશ

રત્નાગિરી જીલ્લામાં આવેલા દેવરૂખના સબજજ અને ત્યાંના એક વકીલ વચ્ચે ધોળી ટોપી વિષે થયેલી ચકમકની હકીકતનાં કાગળીઆં એક મિત્રે મને મોકલી ધોળી ટોપી સામે ઝુંબેશ

આપ્યાં છે. સદરહુ વકીલ રા. વૈદ્યની સામે ઉપલા મુનસફ સાહેબે નીચેનો હુકમ કાઢ્યો:—

"રા. વૈદ્ય આજે ખાદીની ટોપી જે સામાન્ય રીતે 'ગાંધી ટોપી' કહેવાય છે તે પહેરીને કોર્ટમાં આવ્યા છે. રત્નાગિરીના જીલ્લામાં ડિસ્ટ્રિક્ટ જજ ઉપર હાઇકોર્ટના વડા ન્યાયાધીશ તરફથી આવેલા પત્રમાં આ બાબતમાં હાઈકોર્ટનો જે અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે, જે આ અદાલત પર જાણને માટે મોકલવામાં આવ્યો હતો અને જેના ખબર દેવરૂખના વકીલવર્ગને આપવામાં આવ્યા છે, તેને અનુસરીને મેં રા. વૈદ્યને જણાવ્યું કે તેમણે ખાદીની ટોપી પહેરીને કોર્ટમાં આવવું એ કોર્ટનું અપમાન કર્યા બરાબર છે અને તેથી મેં તેમને તાબડતોબ કોર્ટમાંથી ચાલ્યા જવા અને જ્યાં સુધી ડિસ્ટ્રિક્ટ જજ અગર તો હાઇકોર્ટ પોતાનો હુકમ ન ફેરવે ત્યાં સુધી ફરી એવી ટોપી પહેરીને ન આવવા ફરમાવ્યું છે. મેં તેમને વધુ એવી પણ ચેતવણી આપી છે કે આ હુકમ પછી જો તેઓ ફરીથી આ ટોપી પહેરીને અદાલતમાં આવશે તો તેઓ કોર્ટનું અપમાન કર્યાની બધી જોખમદારીને પાત્ર ઠરશે. રા. વૈદ્યના જવાબની અને આ હુકમની એક નકલ આ બાબતમાં ઘટતું કરવા મે. ડિસ્ટ્રિક્ટ જજ તરફ મોકલી આપવામાં આવશે.

વડા ન્યાયાધીશના પત્રમાંથી વકીલોને ખબર આપવાને લગતા ઉતારા નીચે મુજબ છે.

"વકીલ લોકો કોર્ટમાં 'ગાંધી ટોપી' પહેરે એ વાતની હાઇકોર્ટ બેશક વિરુદ્ધ છે. અને જે કોઈ વકીલ એ ટોપી પહેરીને કોર્ટમાં આવે તે જજનું અપમાન કરે છે એમ માને છે.

અમને આશા છે કે હાઇકોર્ટનો આ અભિપ્રાય જાણ્યા પછી વકીલો આ બાબતમાં સમજી જશે.

જે કોઇ વકીલ માથે પાઘડી સિવાય બીજું કંઈ પણ પહેરે છે તે તે પહેરીને કોર્ટમાં ન આવે.

આ વકીલોને ખબર કરજો કે હાઇકોર્ટ તેમની વર્તણુકને સખત રીતે નાપસંદ કરે છે."

આને દેવરૂખના સબજજ સાહેબે નીચેની પુરતી જોડી:

"નીચે સહી કરનાર આશા રાખે છે કે આમાં જણાવેલા હાઇકોર્ટના અભિપ્રાયને વકીલવર્ગ માન આપશે અને નીચે સહી કરનારને તેનો ફરજીયાત અમલ કરવાનો વારો નહિ આવે."

અત્યારના બનાવોની ધમચકડી વચ્ચે આ વાતની થોડી ચર્ચા કરી લેવાની તક હું નહિ ખોઉં. આ વાત થોડા વકીલોને જ લગતી છે, પણ ખાદીની સામે

ઉઠાવવામાં આવેલી આ લડાઇના મૂળમાં રહેલા સિદ્ધાન્ત ભારે મહત્ત્વના છે. આ હુકમ બતાવી આપે છે કે સાવ નિર્દોષ, નૈતિક અને આર્થિક પ્રવૃત્તિઓ સુદ્ધાં મારી નાખવાના તેના વિરોધીઓ કેવા પ્રયત્ન કરે છે. જે માથાનો પોષાક આખા હિન્દુસ્તાનમાં ભલભલાની દૃષ્ટિએ આજે સંપૂર્ણ ગૃહસ્થાઇભર્યો અને ખાનદાન છે તેની સામે હાઇકોર્ટના વડા જજ પોતાના દરજ્જાની બહારની વેળાએ વાંધો લેશે ખરા ? અને જે વકીલો આ રાષ્ટ્રીય ટોપીને પોતાના પોષાક તરીકે સ્વીકારે છે તેઓ કોર્ટનું અપમાન કરવા ખાતર નહિ પણ પોતાના અને પોતાના દેશના માનને ખાતર તેમ કરે છે. તેઓ તેમ કરે છે કારણ તેઓ ખાદીની ટોપીમાં સમાયેલી પોતાની ધાર્મિક અગર રાજદ્વારી માન્યતા છૂપાવવા નથી માગતા. જે માણસને સ્વમાન નથી તે ગોલા બબરચી જેવો છે. વકીલો તે હાઇકોર્ટના ગોલા બબરચી છે કે અમલદારો છે ? તેઓ પ્રજાની સ્વતન્ત્રતાના રક્ષક કહેવાય છે. શું તેમણે તેમની પોતાની સ્વતન્ત્રતાને ખૂંચવાતી જોયા કરવી ? હું સાંભળું છું કે રા. વૈદ્ય સ્વમાન સાચવીને ન ચલાવી શકાય તો વકીલાત છોડી દેવાનો નિશ્ચય કર્યો છે. તેથી તેમણે ઉપલા હુકમ સામે પોતાનો વાંધો નોંધાવ્યો છે અને સબજજ પોતાની તરફેણમાં ફેંસલો ન આપે ત્યાં સુધી કોર્ટમાં ન જવાનો નિર્ણય કર્યો છે. હું એમ પણ સાંભળું છું કે બીજા વકીલો પણ ભેગા મળીને પોષાકની બાબતમાં પોતાની સ્વતન્ત્રતા અને સ્વમાન કેમ સચવાય તે વિષે વિચાર ચલાવી રહ્યા છે. જો સરકારની અદાલતોમાં વકીલાત કરવી છોડી દેવાનું અગર તો તેની શાળાકૉલેજોમાંથી નીકળી જવાનું વકીલો કે વિદ્યાર્થીઓથી એક વર્ગ તરીકે ન બની શકતું હોય તોપણ ઓછામાં ઓછું જ્યાં જ્યાં તેમના અંગત હક્કો ઉપર આવી જાતની તરાપ આવે છે ત્યાં તો તેઓ પોતાનું સ્વમાન જાળવવાને સારૂ વિઝાગાપટ્ટમના વિદ્યાર્થીઓની પેઠે જ બહાદુર બની લડત ચલાવશે એમ આપણે ઇચ્છીયે.

---

§ આયર્લૅન્ડનો યજ્ઞ

ના. વાઇસરાય સાહેબે આયર્લૅન્ડનો દાખલો આપણા મ્હોં પર ફેંક્યો છે. એ વીર જાતિની સ્વાતન્ત્ર્યસાધના પર પણ આપણે જરાવાર વિચાર કરીયે. હું વાચકને મારી જોડે જ મનાવવા ઇચ્છું છું કે અત્યારે આયર્લૅન્ડને જે સ્વતન્ત્રતા મળ્યાનું જણાય છે તે આયરિશ પ્રજાએ સામાનું જે લોહી રેડ્યું છે તેને

આયર્લૅન્ડની કુરબાની

પરિણામે નહિ, પણ તેણે પોતે પોતાનું જ ધોધબંધ લોહી સ્વતન્ત્રતાની કિંમત તરીકે રાજી થઇને આપ્યું તેને જ પ્રતાપે મળી છે. અને ઇંગ્લંડે પણ કચવાતા અન્તઃકરણે આજે જે કંઇ આપવા કાઢયું છે તે પોતાનાં થોડાંક વધુ માણસો ખોવાં પડે એ બીકે નહિ, પણ સ્વતન્ત્રતાને બીજી કોઇ પણ વસ્તુ કરતાં પ્યારી સમજનારી એક વીર પ્રજા પર હવે વધુ વખત ત્રાસ અને કેર વર્તાવવામાં રહેલી શરમને લીધે જ છે, એ નિઃસન્દેહ છે. આયરિશ પ્રજાની કુરબાની જ આ સમાધાનીમાં સર્વોપરી નીવડી છે.

બોઅરોની કુરબાની

બોઅર પ્રજાના મરહુમ પ્રેસિડેન્ટ ક્રુગરે જ્યારે પોતાના ખોબા જેટલા બીન-તાલીમના દેશભાઇઓના બળ ઉપર બ્રિટિશ સલ્તનતને નોટિસ મોકલી ત્યારે તેણે કહેલું કે 'હું આખી દુનિયાને દંગ કરી મેલીશ.' એની મતલબ એ હતી કે હું એકેએક બોઅર સ્ત્રી, પુરુષ અને બાળકની તમને ભેટ ચડાવીશ અને એક પણ બોઅર દિલને, નમાવવાને સારુ, રહેવા નહિ દઉં અને બોઅર શહીદોનાં લોહીથી થબથબતી એ ઉજડ વેરાન દક્ષિણ આફ્રિકાની ભૂમિ અંગ્રેજોને મનમાન્યું રવડવાને સારુ મોકળી મુકીશ.

અને જ્યારે ઇંગ્લંડ જુદા જુદા બોઅર પ્રદેશોને ચોમેરથી ઘેરા ઘાલી વચ્ચે ઘેરાયેલાં બોઅર સ્ત્રી પુરુષ બાળકોને પોતાના ભરડામાં લઇ માખીઓની પેરે મારી-મારીને થાકયું અને જ્યારે બોઅરોએ પોતાના લોહીની એટલી તો ઉજાણીઓ પર ઉજાણીઓ આપી કે ઇંગ્લન્ડનું ગળું આવી ગયું, ત્યારે તે નમ્યું.

કુરબાનીથી જ સ્વરાજ

અને એ જ રીતે આયર્લંડ પણ આજે વરસોનાં વરસ થયાં પોતાની કુરબા-નીઓથી દુનિયાને દંગ કરી રહ્યું છે. અને આજે ઇંગ્લન્ડ નમ્યું છે તે પણ જ્યારે હજારો આયરિશ નસોમાંથી ઉડતી લોહીની છોળો તેનાથી દેખી ન ખમાઇ ત્યારે. મારી તો ખાતરી છે કે આપણને પણ કાયદાની બારીકીઓ, ન્યાયના સિદ્ધાન્તોની ચર્ચાઓ અગર તો કાઉન્સિલો કે ધારાસભાઓના ઠરાવોથી કશું જ મળવાનું નથી. દક્ષિણ આફ્રિકાને અને આયર્લંડને કરવું પડયું તેમ આપણે પણ આપણાં બલિદાનથી અને કુરબાનીઓથી દુનિયાને દંગ કરી મેલવી પડશે. તફાવત એટલો જ છે કે અસહકારીઓ ઉપલી બે જાતિઓના જીવન્ત ઇતિહાસથી સામાનું લોહી રેડયા વગર માત્ર પોતીકું જ લોહી આપી દેવાની કળા શીખી રહ્યા છે. જો તેઓ આટલું કરી શકશે તો થોડા દિવસની અંદર અગર તો થોડા માસમાં તેઓ સ્વરાજ લઇને બેસી જશે.

પણ જો તેઓ ગુલામીભર્યું અનુકરણ કરીને દક્ષિણ આફ્રિકા કે આયર્લન્ડની નરી નકલ જ કરવા નીકળશે તો તો પછી માત્ર ઇશ્વર જ એક હિન્દુસ્તાનનો તારણહાર છે! એ રસ્તે તો પછી આ પેઢી દરમિયાન સ્વરાજની આશાને વીંટી જ મુકવી. અને હું એ પણ જાણું છું કે મૅાટેગ્યુ સાહેબે આપવા કાઢેલું સ્વરાજ પણ— તેમના હેતુઓ ચાહે તેવા શુદ્ધ અને નિખાલસ હો—આવું જ માયાવી અને જાળ સમાન નીવડવાનું. ધારાસભાઓ કંઇ શૂરવીરો પકવવાનાં કારખાનાં નથી, અને જેની પાછળ રક્ષા કરનારા શૂરવીરો ઉભા નથી તે સ્વાતન્ત્ર્ય પણ ઝેરી હવા જેવું છે.

§ જેલમાં કામ કરવું કે નહિ?

સવિનય ભંગની સરહ

એક મિત્ર મને પૂછે છે કે હવે સરકારે સેંકડો લોકોને કેદની તક આપવા માંડી છે અને લોકો પણ હજારોની સંખ્યામાં તે ઝડપી લેવા લાગ્યા છે, ત્યારે હવે આ લોકોએ જેલમાં કોઇ પણ જાતનું કામ કરવાની ચોખ્ખી ના પાડવી એ શું સરસ નથી? મને ધાસ્તી છે કે આ સૂચના કરનાર ભાઇ આપણા જેલ જવામાં રહેલું નૈતિક રહસ્ય સમજ્યા નથી. આપણે જેલોને એક સંસ્થા તરીકે નાબુદ કરવા નીકળ્યા નથી. તેથી આપણો કાયદાનો સવિનય ભંગ પણ દેશના નીતિશૂન્ય કાયદાઓ ભાંગવાથી આગળ ન જ જવો જોઇયે. કાયદાનો ભંગ સવિનય ત્યારે જ કહેવાય કે જ્યારે તેવો ભંગ કરનાર તેમાં મળતી જેલ અગર સજાને આનન્દથી માથે ચડાવી લે. કારણ કોઇ પણ નિયમના વિનયી ભંગમાં તેના તેવા ભંગને માટે મુકેલી સજાનો સહર્ષ સ્વીકાર આવી જ જાય છે. અને માણસ કોઇ કાનૂન જોડે તેમજ તેના ભંગને સારૂ રાખેલી સજા જોડે સામટો લડવા બેસે છે તે જ ક્ષણે તેનો ભંગ સવિનય મટી અવિનયી બની જાય છે અને તે પોતે અંધાધુંધી તેમજ અનવસ્થાના વમળમાં ઘસડાઇ જાય છે. સવિનય ભંગ કરનારો તો કહીયે તો એક જાતનો વિશ્વહિતકારી છે અને રાજ્યનો મિત્ર છે. એથી ઉલટો ક્રાન્તિવાદી માણસ રાજ્યનો શત્રુ અને તેથી વિશ્વઘાતી છે.

જોખમથી ડરવું શાને

મેં લડાઇની ભાષા વાપરી છે, કારણ કહેવાતી કાયદેસર પદ્ધતિ તદ્દન નિષ્પ્રાણ અને અફળ થઇ પડી છે. એથી ઉલટું મારો દૃઢ અભિપ્રાય છે કે કાયદાનો સવિનય ભંગ એ કાયદેસર લડતનું શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપ છે. અલબત્ત એમાં જો એ સવિનય એટલે કે અહિંસામય સ્વરૂપ કેવળ દંભ અને દેખાવ જ માત્ર હોય તો તે પાડનારો

અને નામોશીભર્યો થઇ પડે છે. પણ જો અહિંસાના ખરાપણાને વિષે શક ન હોય તો તીવ્રમાં તીવ્ર સવિનય ભંગને પણ તેમાંથી ખૂનામરકી ચાલશે એ બહાને વખોડી શકાય નહિ. વળી કોઇ પણ મહાભારત તેમજ જલદ પ્રવૃત્તિ મોટમોટાં સાહસ ખેડ્યા વિના તો ચલાવી શકાય જ નહિ; અને જીવનમાં પણ જો જબરાં જોખમો ન હોત તો જીવનમાં શો સ્વાદ રહેત ? દુનિયાનો ઇતિહાસ પણ આપણને શું એ જ નથી શીખવતો કે જોખમ અને તે ખેડવાના સાહસ વગર માણસના જીવનમાં કશી ભવ્યતા રહેત નહિ ? જ્યાં ભલભલા વિચારી અને આગેવાન ભદ્ર પુરુષો ક્યાંક સ્હેજસાજ ભય અગર જોખમ જોતાં જ અગર તો સ્હેજ તોફાન કે ખળભળાટ થતાં જ ભયથી ત્રાસી જઇ રોષથી ગાભરા બની ઉઠે છે, ત્યાં એ સ્થિતિ તે સમાજનું વાતાવરણ સુદ્ધાં કેટલી અધોગતિએ પહોંચ્યું છે તે સૂચવે છે. આપણે મનુષ્યમાં રહેલા પશુને અલબત્ત હાંકી કાઢવા ઇચ્છીયે છીયે, પણ તેટલા સારૂ તેને ખસ્સી કરવા અને નામર્દ બનાવવા નથી માગતા. અને પશુવૃત્તિમાંથી માનવને એવો શુદ્ધ અને આત્મજયી બનાવવા જતાં માર્ગમાં પેલો પશુ વચમાં લાગ મળ્યે પોતાનું પાશવી આચરણ ઝળકાવવાનો જ. હું ઘણીવાર કહી ગયો છું તેમ હરવેળાએ અને હરકોઇ પ્રસંગને લઇને રેડાયેલું લોહી મારાં હાજાં નથી ગડગડાવી દેતું. હું તો અસહકારીઓ પોતે અગર તો તેમની પ્રત્યે લાગણી રાખનારાઓ જ્યારે પોતે કરેલી પ્રતિજ્ઞાનો હડહડતો ભંગ કરીને લોહી વહેવડાવે છે અને ખૂનામરકી કરે છે ત્યારે જ કમકમી ઉઠું છું અને પાણીમાં બેસી જાઉં છું. અને દરેક પ્રામાણિક અસહકારીને એવો આઘાત થવો જ જોઇયે.

જેલમાં સત્યાગ્રહ

તેથી, મૂળ મુદ્દા ઉપર આવીયે તો, કાયદાનો સવિનય ભંગ કરનારા તરીકે આપણે આમ દરેક જગાએ નિરંકુશ બનવાના વલણ સામે બારે સાવચેત રહેવું જોઇયે. આપણે જેલના એકેએક ધારાધોરણને પૂરેપૂરા તાબે રહેવું જ જોઇયે, સિવાય કે જ્યાં જેલનો વહીવટ જ સડેલો અને અનીતિમય છે એવી આપણી ખાતરી થાય. બાકી સુખસગવડોનો અભાવ, જુદી જુદી જાતના અંકુશ અને એવી બીજી અગવડો કંઇ જેલના વહીવટને નાલાયક કે સડેલો પૂરવાર કરનારી ન કહેવાય. પણ જો કેદીઓને ડગલે ને પગલે અપમાનિત કરવામાં આવે, તેમના ઉપર ઘાતકીપણું ગુજારવામાં આવે, દાખલા તરીકે તેમને ગંદકીભર્યાં ભોંયરાંઓમાં પૂરી રાખવામાં આવે અગર તો માણસને આપવા યોગ્ય ન રહ્યો હોય એવો ખરાબ ખોરાક આપવામાં આવે ત્યારે તે વહીવટ સડ્યો કહેવાય. મને તો પૂરી ઉમેદ છે કે અસહકારીઓ

જેલોની અંદર તદ્દન સીધી રીતે સ્વમાન જાળવીને અને છતાં પૂરા આજ્ઞાંકિત રહીને વર્તશે. આપણે જેલરોને કે વૉર્ડરોને આપણા શત્રુ નહિ પણ આપણા જ જેવા મનુષ્ય અને માનની લાગણીઓ વાળા ગણીયે. આપણી ખાનદાન વર્તણુક તેમનામાંથી સર્વ પ્રકારની શંકાને અગર તો કડવાશને કાઢી નાખ્યા વિના નહિ રહે.

હું જાણું છું કે એક બાજુએથી આવી નમૂનેદાર આજ્ઞાધારકતા અને બીજી બાજુએથી ભીષણ વિરોધનો આ માર્ગ દુર્ગમ છે, પણ સ્વરાજને માટે ફુલોથી બીછાવેલો રાજમાર્ગ કોઇ નથી. દેશે પૂરો વિચાર કરીને આ સાંકડો પણ સીધો માર્ગ ગ્રહણ કર્યો છે. સીધી લીટીની પેઠે એ ટુંકામાં ટુંકો છે. પણ જેમ સીધી લીટી દોરવાને સારૂ પણ હાથ ટરેલ અને અનુભવીનો જોઇયે તે જ પ્રમાણે આ આપણે પસંદ કરેલા સાંકડા માર્ગ ઉપરથી પણ જો આપણે એક પણ ખોટું પગલું ભર્યા વગર ચાલી જવું હોય તો નિયમપાલનને વિષે આવી આજ્ઞાધારકતા અને હેતુ પ્રત્યેની દૃઢતા પણ આપણામાં તેટલાં જ જરૂરી છે.

બત્રીસ લક્ષણાનાં બલિદાન

સાવનય ભંગ કરનારા સત્યાગ્રહીઓને માટે આ માર્ગ ફુલની પથારી નથી નીવડવાનો એ વાતનું દુઃખદ ભાન મારામાં પૂરેપૂરૂં જાગૃત છે. જ્યારે પં. મોતીલાલ નેહરૂ અને દેશબન્ધુ દાસના જીવનને હું યાદ કરૂં છું, જ્યારે તેમના રાજમહેલોને શરમાવે તેવાં દિવાનખાનાંઓ, પડ્યો બોલ ઉઠાવવાને અહોરાત્ર ઉભા રહેતા નોકર-ચાકરો અને પૈસો ખરીદ કરી શકે તેવી એકેએક સુખસગવડ આંખ આગળ લાવું છું, અને બીજી બાજુએ જ્યારે જેલની લૂખી પણ આકર્ષક દીવાલોની અંદર જ્યાં એમને દિવાનખાનાના મધુર સંગીતની જગાએ કેદીઓની બેડીઓના ખણ-ખણાટ અને પહેરેગીરોની ઉદાસ આલબેલોના અવાજ અહોરાત્ર સાંભળ્યા કરવાના— એ બધો ચિતાર હું મારી આંખ આગળ લાવું છું ત્યારે મારૂં મસ્તક ભમી જવા લાગે છે. પણ આવા જ બત્રીસલક્ષણાઓનાં બલિદાન હિન્દુસ્તાનને સ્વરાજની પ્રાપ્તિ કરાવશે એ વિચારે હું મારા હૈયાને કઠણ કરૂં છું. દક્ષિણ આફ્રિકાના મોટામાં મોટા અંગ્રેજોને, ફ્રેન્ચોને, જર્મનોને સ્વાતન્ત્યની જે કિંમત આપવી પડી છે તેના આગળ આજે આપણે આપવા નીકળ્યા છીયે તે કિંમત ઘણી નાની છે.

તા. ૨૫–૧૨–૧૯૨૧

વષ્ટિની વાતો

સરકાર જોડે વષ્ટિ ?

આપણા રાજ્યકર્તાઓ આપણે માટે શું ધારે છે એની ચર્ચામાં હું બહુ રોકાતો નથી કારણ હાથનું કામ મેલી આપણે એવી ચર્ચામાં હજુ અત્યારથી કાળક્ષેપ કરવા બેસવું એ હાનિકર્તા છે. આમ છતાં થોડા દિવસ થયાં છાપાંઓમાં સરકાર અને આગેવાનોની એક 'બેઠક' કરી અત્યારના મામલાનો કંઇક તોડ કાઢવાની જે વાત ચાલી છે અને જુદાં જુદાં છાપાં પોતપોતાને જે કંઇ યોગ્ય જણાય તે સૂચવી રહેલ છે તે જોતાં આ મામલામાં અત્યારે જે વડા હાકેમ હાલની આખી રાજ્યતન્ત્રનીતિને સારૂ જવાબદાર છે તેમનું વલણ તપાસી જોવું અનુચિત નથી.

અસહકાર એ થોડાક અવળે રસ્તે ચડેલા પાગલ લોકોમાં જ ફેલાયેલો છે એવું ભૂત જ્યાં સુધી વાઇસરાય સાહેબના મનમાં ભરાઇ બેઠું છે અને એ જ્યાં સુધી નીકળ્યું નથી ત્યાં સુધી મારી દૃષ્ટિએ તો આવી કોઇ પણ વષ્ટિનો પ્રયત્ન નિરર્થક છે. જો એઓ સાહેબ સહકાર અને સન્તોષનું વાતાવરણ પ્રવર્તાવવા ઉત્સુક હોય તો તેમણે જોવું રહ્યું કે અસહકાર જાતે રોગ નથી પણ પ્રજાના આન્તરિક દરદની બાહ્ય નિશાની છે. એ દરદ ખિલાફત, પંજાબ અને સ્વરાજની હાનિ રૂપે પ્રજાને અહોરાત્ર રીબાવનારા ત્રિવિધ તાપમાં સમાયેલું છે.

અને જ્યાં સુધી આ દરદના મૂળમાં હાથ ઘાલી તેને નાબુદ કરવાનો પ્રયત્ન નથી ત્યાં સુધી બહારની મલમપટ્ટીથી કશું વળવાનું નથી. પ્રજાના પસંદ કરેલા પ્રતિનિધિઓ ઘડીને તૈયાર કરે એવી ખિલાફત અને પંજાબના અન્યાયોની દુરસ્તી અને સ્વરાજ સોંપવા સિવાય સમાધાનીનો સહેલામાં સહેલો અને ટુંકામાં ટુંકો બીજો રસ્તો તો દમનનીતિ આમ ને આમ ચાલુ રાખવી એ એક જ છે. સ્થિતિને તણાય તે દિશાએ તણાવા દેવી એ તો કોઇ જ વાઇસરાયથી ન જ બને એ વાત કબૂલ કરવામાં મને લગીરે અડચણ નથી. તેને તો હથિયારબંધ બળવો ઉઠે ને દબાવવો પડે તે જ રીતે જો પોતે જે મહારોગની સામે આજે અસહકાર મંડાયેલો છે તેનો ઇલાજ કરવા રાજી ન હોય તો કાયદાના સવિનય ભંગ રૂપી બેઠા બળવાને પણ તેમણે દબાવી જ દેવો રહ્યો. જે સત્ય માણસના પ્રત્યક્ષ જીવનમાં મૂર્તિમંત થઇ શકતું નથી અને જે સિદ્ધ કરી આપવા પાછળ તેના અનુયાયીઓ પ્રાણ આપવા તૈયાર નથી તે માત્ર મ્હોડાનું વેદાન્ત છે અને તેની કાણી કોડીની કિંમત નથી.

વષ્ટિ ક્યારે?

આપણાં દરદો અને આપણી ઉપર થતા અન્યાય ટકે છે કારણુ આપણે તેની સામે માત્ર નામના જ ઝૂઝવા નીકળીયે છીયે. જો આપણે સાચા ત્વાનો દાવો કરતા હોઇયે તો આપણા કાર્ય પાછળની આપણી કુરબાનીઓથી જ એ દાવો આપણે સિદ્ધ કરી શકીયે. આપણી એવી લાયકાત સિદ્ધ કરવામાં આપણે ઠીક ઠીક તૈયારી બતાવી રહ્યા છીયે. છતાં આપણે એની પૂરીપૂરી સાબીતી આપી દીધી છે એમ ન કહી શકીયે. જ્યારે કેદ થવામાં હાડમારીઓને સુમાર નહિ રહ્યો હોય, જ્યારે તેમાં ફટકાઓ મળવાના અને ચાબુકો પડવાના સંભવ હશે ત્યારે આપણે નહિ થાકીયે, જ્યારે ફાંસીએ ચડવાનું અને ગોળીઓ ખાવાનું આવશે ત્યારે પણ નહિ હારીયે, એની શી ખાતરી ?

તેથી મારે હિસાબે તો જ્યારે સરકાર અસહકારીઓની પેટ ભરીને અજમાયશ કરી લે અને તાવી ગાળી વીંધીને તેમની તાકાતનો પૂરો આંક કાઢી લે ત્યારે જ રાજ્યકર્તા અને પ્રજાના પ્રતિનિધિઓની બેઠક કર્યાનું કંઈ પણ ફળ છે.

સહકારી સાથે પરિષદ્

પણ અસહકાર એ પ્રજામત કેળવવાની એક પદ્ધતિ છે એ દૃષ્ટિએ જોતાં અત્યારે સહકારીઓ અને અસહકારીઓની બેઠકને હું જરૂર ઉપયોગી ગણું. હું જાણું છું કે સહકારીઓને પણ ખિલાફત તેમજ પંજાબની ભરપાઇ જોઇયે છે. દેશને સારૂ સ્વતન્ત્રતા પણ એમને અસહકારીઓના જેટલી જ જોઇયે છે. સરકારની અત્યારની દમનનીતિને લગભગ એકેએક વિનીત પત્ર વખોડી રહેલ છે તે જોઇ મને જેવોતેવો આનન્દ નથી થયો. એમના તરફથી મેં આથી ઓછાની આશા રાખી જ નહોતી.

વિરોધીઓ પ્રત્યે અહિંસા

અને મને વિશ્વાસ છે કે જો અસહકારીઓ બરાબર સંયમ જાળવશે, અહિંસાપરાયણ રહેશે અને પોતાના વિરોધીઓની નિન્દામાં નહિ રહે, તો જોતજોતામાં તેઓ પ્રત્યેક વિનીતને અસહકારી બનેલો જોશે. એટલું જ નહિ પણ અંગ્રેજ લોક સુદ્ધાં અસહકારીઓનો પક્ષ લેવા લાગશે અને અન્તે સરકાર પણ નમશે. એવું જ અસહકારનું માહાત્મ્ય છે. આ કાર્યપદ્ધતિ પ્રતિકારને નરમમાં નરમ કરી નાખે છે. અને જો આજે ઘડીભર એથી ઉલટું પરિણામ જોવામાં આવતું હોય તો તેનું કારણ એટલું જ છે કે અહિંસાનું ખરૂં રહસ્ય અસહકારીઓને છેક હજુ હમણાં જ હૈયે બેસવા લાગ્યું છે. તેમને હજુ હવે જ ખબર પડતી જાય છે કે એકલા કાર્યમાં જ ઠીક ઠીક અહિંસામય રહી બતાવવું એટલું બસ નથી. મનસા વચા કર્મણા સર્વત્ર અને સર્વકાળ અહિંસાપરાયણ રહેવાનું છે. અસહકારીથી પોતાના શત્રુઓનું બૂરૂં ઇચ્છાય પણ નહિ.

આપણા વિરોધીઓની સૌથી મોટામાં મોટી બીક જ એ છે કે અહિંસાની ઢાલ હેઠળ નિરંકુશ હિંસાનું રાજ્ય ફેલાશે. તેમના મનમાં આપણામાંના ઘણાખરાઓની સચ્ચાઇને વિષે શંકા છે. તેઓની આંખને તો આપણા પ્રયત્નને પરિણામે અંધાધુંધી અને પ્રલય સિવાય બીજું કશું જ દેખાતું નથી.

આ દૃષ્ટિએ જોતાં આજની આ દમનનીતિ અસહકારીઓને સારૂ તો એક આશીર્વાદરૂપ જ ગણાય. એ તે લોકોને તેમ આપણને બેઉને બતાવી રહી છે કે પજવણી વચ્ચે સુદ્ધાં લોકોને હાથ રાખવા જેટલું વજન પ્રજા ઉપર અસહકારીઓએ મેળવી લીધું છે. આપણો આ કાબુ કાયમનો ગણાય એટલી કસોટી હજુ આપણે નથી પસાર કરી એ સાચું. આપણે હજુ અંદેશામાં છીયે. દાખલા તરીકે હમણા જ આગા સફદર સાહેબ પકડાયા તે વેળા શિયાળકોટના લોકો ભલે જરાતરા પણ પોતાના માર્ગથી ચાતર્યા. આવાં આવાં છમકલાં આપણે એટલાં બધાં નિહાળીયે છીયે કે ત્રાહિતના મનમાં આપણી પ્રવૃત્તિને વિષે શ્રદ્ધા પેદા થાય એવી હજી આપણા મનને ખાતરી નથી થતી.

તેથી અત્યારે સહકારીઓની જોડે તદ્દન ત્રાહિતપણે અગર તો અસહકારીઓના પ્રયત્નની સચ્ચાઇ બતાવી આપવાની તક આપનારી બેઠક કરવાની હરકોઇ સૂચનાને માત્ર હું અલબત્ત વધાવી લઉં. સરકારે તો અસહકાર નામે વસ્તુ તેટલીને દબાવી દેવાનો ખુલ્લો ઇરાદો જાહેર કરીને પોતાનું પોત પૂરેપૂરૂં પ્રકાશી દીધું છે. જ્યાં સુધી ખૂનામરકીને અગર તો તેની ઉશ્કેરણી કે સંમતિને દબાવી દેવાની વાત એના મ્હોડામાં હતી ત્યાં સુધી એને ઉભવાને જમીન હતી.

સરકાર જોડે લડયે જાઓ

તેથી મારી તો ખાતરી છે કે એકેએક સહકારી અન્તે સરકારના આ અત્યારના ગાંડપણ સામે—પ્રજાકીય દુઃખોની દાદને સારૂ ચલાવેલી પ્રવૃત્તિ અગર તો તેને લગતા પોતાના અભિપ્રાય જાહેર કરવાના હકને દાબી દેવાના આ અટ્ટહાસ સામે ઉઠયા વિના રહેનાર નથી. પણ જ્યાં સુધી સરકારને પશ્ચાત્તાપ નથી થયો અને જ્યાં સુધી પ્રજાકીય બાજુ વિચારમાં લેવાની એને વૃત્તિ નથી ત્યાં સુધી સરકારની જોડે વષ્ટિ કરવાના વિચાર સામે તો હું મિત્રોને અવશ્ય ચેતવું જ. શાહજાદાના સ્વાગતના બહિષ્કારના, જાહેર સભાઓ ભરવાના, અગર તો જેમને કોઇ પણ જાતનો હિંસક હેતુ નથી એવી સ્વયંસેવકોની કે એવી જ બીજી સમિતિઓ બતાવવાના હક વિષે તો વષ્ટિ શી હોઇ જ શકે? પ્રજાકીય ઇચ્છાઓનો તુચ્છકાર જ્યાં સુધી ચાલુ છે

ત્યાં સુધી શાહજાદાના સ્વાગતનો બહિષ્કાર થવાનો જ અને થવો જ જોઇયે. તેમ જાહેર સભાઓ અને સમિતિઓ કરવાનો હક પણ કોઇ પ્રજાને સારૂ કેવળ પ્રાથમિક હક છે. એને સારૂ વહિ કેવી ? એને ખાતર તો આપણે લડયે જ જવું જોઇયે.

વળી એ લક્ષમાં રાખવું જરૂરી છે કે અત્યારે અસહકારીઓ જે કાયદાનો ભંગ કરી રહેલ છે તે તેમણે મૂળ કરવા ધારેલો સવિનય ભંગ નથી. જાહેર સભા ભરવાના કે તેમાં હાજરી આપવાના હકને સારૂ અગર તો શાન્તિમય સ્વયંસેવકોની સમિતિઓ બનાવવાના હક સારૂ લડવાના અસહકારીઓના આજના આગ્રહને સવિનય ભંગનો કે સત્યાગ્રહનો દરજ્જો આપવો અનુચિત છે. અત્યારે તો અસહકારીઓ માત્ર બચાવની લડાઇ કરી રહ્યા છે. હુમલાની લડાઇ તો અસહકારીઓ શાન્તિ અને અહિંસાનું વાતાવરણ જળવાવાને વિષે તેમના મનને પૂરતી ખાતરી થશે તેની સાથે જ હજુ હવે આદરશે અને તે અવશ્ય આદરશે. એવું વાતાવરણ જાળવવાને સારૂ જોઇતી શક્તિ આપણામાં આવી છે કે નહિ તે તપાસી જોવાય એવી પરીક્ષામાં આજે આપણને ઉતારીને સરકારે આપણી ઉપર ખરેખર અહેસાન જ કર્યો છે. સવિનય ભંગ થશે

મારી નોંધ

ધર્મ કરતાં ધાડ

તન્ત્રીપણું ડોળવું એ સહેલી વાત નથી એમ હું બહોળા અનુભવ પરથી જોઇ રહ્યો છું. તન્ત્રીએ પ્રથમ તો પોતાની ક્યાશને સારૂ જવાબદાર રહેવું પડે. પછી મદદગાર લખે તેનોયે તે જવાબદાર, ખબરપત્રી કે બહારના લેખકોની ભૂલને સારૂ પણ એ જવાબદાર. બીબાં ગોઠવનાર ભૂલ કરે તોપણ તન્ત્રી જવાબદાર, પ્રુફ સુધારનાર ભૂલો કરે તોપણ તન્ત્રી મૂઓ પડયો છે. યન્ત્ર તૂટે ને વખત ચૂકે કે બરોબર અક્ષર ન ઉઠે તોયે તન્ત્રી જવાબદાર. તે કેવળ લખીને છૂટી શકતો નથી. આ બધાંના દાખલા મારી પાસે મોજુદ છે. પણ તાજો દાખલો વાચીને વાંચનાર હસશે. તે ભૂલથી એક ભાઈની તો ભારે ગેરસમજ થયેલી છે. તા. ૧૧મી ડિસેમ્બરના 'નવજીવન'માં પારસી ભાઈબહેનો બાબતની નોંધમાં નીચેનું વાક્ય છે: "પારસી ભાઇબહેનોને એટલી તો ખાતરી આપું છું કે તેમના સારૂ તેમજ ખ્રિસ્તી 'વિનાની' કોમોને સારૂ પ્રાણ આપવા સેંકડો હિન્દુમુસલમાન તૈયાર છે" મૂળ શબ્દ 'વિ૦ નાની' હતો. કહેવાનો આશય એ હતો કે પારસી, ખ્રિસ્તી વગેરે નાની કોમોનું રક્ષણ કરવા સેંકડો હિન્દુમુસલમાન તૈયાર છે. આમાં 'વિ' ની પછી મીંડું ઉડી જવાથી 'અજમેર ગયા' નવજીવનમાં ભૂલો

નું 'આજ મરી ગયા' જેવું થયું છે ! ને તેથી એક ખ્રિસ્તી ભાઇએ ઉલટો અર્થ કાઢી મને ઠપકો આપ્યો છે. મારાં આ બાબતમાં જ લખાયેલાં લખાણો, વાક્યરચના વગેરે ઉપરથી ઉલટા અર્થને અવકાશ નથી. છતાં એટલો જ ભાગ 'નવજીવન'ને ન ઓળખનાર વાંચે ને ઉપર પ્રમાણે ઉલટો અર્થ કાઢે કે સમજે તેમાં નવાઇ નહિ. આ પૅરેગ્રાફ લખવાનો એક હેતુ મજકુર ખ્રિસ્તી ભાઇ તથા બીજા જેઓ ઉંધું સમજ્યા હોય તેમની માફી માગવાનો છે. ને બીજા વાચકવર્ગમાત્રને આ દોષ પરથી ધડો લેવાનું સૂચવવાનો છે કે જ્યાં અનર્થ નીકળી શકતો હોય ત્યાંયે સવળા અર્થને અવકાશ હોય તો સવળો જ કાઢવો. અને ત્રીજો હેતુ તન્ત્રીને સારૂ દયાની ભિક્ષા માગવાનો છે. તન્ત્રી બધી બાબતને ન જ પહોંચી વળે એમ જાણી તેને નામે ચાલતા છાપામાં અનિવાર્ય દોષો હોય તે દરગુજર કરવા ઘટે. પણ આ બધું કંઇ હું દોષ કરવાનો ઇજારો રાખી લેવા ખાતર લખતો નથી. તન્ત્રીની ફરજ તો આવેલી જવાબદારી રીતસર ઉપાડવાની છે ને તે ન ઉપડે તો પોતાનો હોદ્દો છોડવાની છે. તન્ત્રીપણું કંઈ તે બળાત્કારે લેતો નથી. છાપનારા, ગોઠવનારા, પ્રુફ વાંચનારા બધા કુશળ ન હોય તો વાક તો તેનો જ ગણાય. તેવા સંજોગોમાં તન્ત્રીપણું શાને લે? પણ એ તો ધ્યેય ધ્યેયને આજે જ ન પહોંચાય તો હડવું જ નહિ એવું કરી બેસે તે કદી પહોંચે જ નહિ. તેથી વાંચનારે તન્ત્રી ઉપર ચાબુકરૂપે રહેવું તો જોઈએ જ. માત્ર ચાબુક ચલાવવામાં થોડી કળા રાખવી જોઇયે. એક ચાબુક મારનાર ડાયર જેવા હોય ને બીજા ઉદાર રાજા જેવા ચાબુકને શોભાનો રાખી મુકે ને કોઇ જ દહાડો નઠારા ઘોડા ઉપર જ્યારે એનો વાંક દેખીતો સિદ્ધ થાય ત્યારે બતાવી આપે કે ચાબુક કેવળ શોભાનો નથી.

નેહરૂજીની જેલમાં મુલાકાત

જેલમાં મોતીલાલજી

લખનૌ જેલમાં પંડિતજી મોતીલાલ નેહરૂની મુલાકાત કરી આવેલ એક આશ્રમવાસીનો કાગળ ઘણોખરો બધો સરસ હોવાથી નીચે આપું છું:

"આજે અહીં પંડિતજીને મળ્યો. આખું નેહરૂ કુટુંબ સાથે હતું. પ્રથમ તો અમને એક ખાલી વૉર્ડમાં લઈ જઈ ફળિયામાં ઉભા રાખ્યા. થોડીવાર પછી પંડિતજી દૂરથી દેખાયા. સ્હેજ કાળાશ ચામડી ઉપર આવી હોય એવું જણાયું. એ ઉપરાંત તબીયત ઘણી જ મઝાની હતી. ચહેરા ઉપરનો પહેલાંનો ઉલ્લાસ કાયમ હતો. ચારે દિશાઓ ગજવી મુકે એવું ખડખડાટ હસવું એનું એ જ હતું. બાહ્ય બંધનો છતાં તેમના વર્તનમાં પૂરેપૂરી સ્વતન્ત્રતા હતી. વસ્ત્રો તેમણે પોતાનાં જ પહેરેલાં હતાં. માથાના વાળ તેમ મૂછના મરોડ પણ તેના તે જ. એક વસ્તુની ગેરહાજરી હતી. હોઠ ઉપર પાનની ભભકતી લાલી ન હતી. પણ આપ જાણતા નહિ હો કે પંડિતજીને પાન નથી મળતાં તેથી નથી. આપે મુંબઈમાં અપવાસ શરૂ કર્યા ત્યારથી જ તેમણે પાન છોડેલાં છે. મ્હોંમાં અસલનું સોપારી અને હાથમાં બીડી તો આજે પણ હતાં જ. જેલર વિચારો બેબાકળો થઇ અમારી સગવડ જોઈ એક કોટડી ખોળવા જતો હતો ત્યાં પંડિતજીએ કહ્યું—'અમને બધાને પૂરી મુકવા કરતાં બહાર જ ખુલ્લામાં બેસવા દો ને.' એટલું કહી પંડિતજી બિચારા ઠંડી જમીન પર પલાંઠી વાળી બેઠા અને

આસપાસ અમે પણ બેસી ગયા. વાતો ઘણી થઇ. શરૂઆતથી જ પંડિતજીએ ખબર આપી કે 'સુપરિન્ટેન્ડન્ટ સાથે ઝગડો કર્યો છે. આજથી અમે તેનો અહેસાન માથે લેવા ના કહી છે અને પાયખાનાં સુદ્ધાં હાથે સાફ કર્યાં છે. જવાહરજી નથી આવ્યો કેમકે તે મારૂં ધોતીયું ધોવા રોકાયો છે. પોતાનું તો બિચારાએ ધોઈ પણ લીધું છે. મેં જેલવાળાઓને કહી રાખ્યું છે કે તમારે જોઇયે તેટલો જુલમ બેલાશક ગુજારવો. અમે આખરે દુઃખ સહન કરવા આવ્યા છીયે કે મ્હાલવા? તેના અહેસાન વિના અમારૂં કંઈ બગડી નથી જવાનું.' આ પ્રમાણે પ્રહારો ચાલતા હતા ત્યારે વચ્ચે કોઇ કોઈ વાર અમે કંઈક સવાલોથી હસીને અથવા ચેષ્ટાથી તેમને શાન્ત પાડવા પ્રયત્ન કરતા. તેવામાં જવાહરલાલજી દૂરથી દેખાયા. હું દોડીને ભેટયો. તેઓ પણ અસલના જ જવાહરલાલજી હતા. દાઢી જટા બનાવવા જેવી થઈ હતી ખરી, પણ તે સાધનોની ખામી કરતાં સાદાઇ અને બેપરવાઇ વધારે સૂચવતી હતી. કપડાં તો ધોળાં બગલાની પાંખ જેવાં હતાં. પંડિતજી વિષે પણ તેમ જ. પંડિતજીની આસપાસ મુગ્ધ થઇ બેઠેલી મંડળી જવાહરલાલજીના આવવાથી ચુંથાયા પછી અમને બધાંને ફરીથી એકત્ર થતાં કંઇક વાર લાગી. પછી જવાહરલાલજી પણ વાતોમાં ભળ્યા. મેં મારા નોંધી રાખેલા મહાદેવભાઇના ધંધાર્થી પ્રશ્નો અચકાતાં અચકાતાં વાંચી સંભળાવ્યા. પંડિતજી ધીરજ ન ખોઇ બેસે એ ચિન્તાથી ચેતીને મેં દરેક પ્રશ્ન તેના મહત્ત્વ પ્રમાણે તેના ક્રમમાં ગોઠવેલો અને આ યોજના બહુ મદદરૂપ થઇ. મારૂં આ કાર્ય પૂરૂં થયું. તેમાં આપનો કાગળ આપવો એ તો પહેલું રાખ્યું હતું. ખબરો આપવા જેવી બધી આપ્યા પછી મેં પંડિતજીને તેમના હાલના સંજોગો ઉપરના વિચારો દર્શાવવા કહ્યું. આપ એકદમ જરૂર પકડાશો એવું પંડિતજીનું માનવું હતું. જવાહરલાલજીને તો આ મહિનાના છેલ્લા અઠવાડિયામાં છૂટી જવાની ખાતરી છે! પંડિતજી સાથેની અમારી વાતો લગભગ અઢી કલાક ચાલી હશે વધારે વખત તો તેમણે કૌટુંબિક વાતોમાં જ આપ્યો હતો. હું મારી વાતોથી વિઘ્નરૂપ ન થાઉં એ વિષે મેં ખાસ ચિન્તા રાખી હતી. વિદાય થતી વખતે મેં ટંડનજીને મળવા માગણી કરી અને એ જેલરે તરત મંજૂર કરી. અમને બધાને દિવાની વિભાગમાં જવા દીધા. ત્યાં બધા બધાને મળ્યા. પહેલું દશ્ય ચાર અસહકારી ભાઇઓ ચોપાટમાં ગુલતાન બની રહ્યા હતા તેનું જોયું બીજું એક લાંબા હૉલની અંદર બે હારમાં ઢાળેલા ખાટલાઓ ઉપર સહુનાં પોતપોતાનાં બિછાનાં અસ્તવ્યસ્ત રીતે પથરાયેલાં હતાં તે જોયું ત્યાં કોઇ જેલીઓ શાન્તિથી ફળાહાર પણ કરી રહ્યા હતા. આગળ જતાં બીજા હૉલમાં રસોઇની સામગ્રી જોઈ. એકે વાતની ખામી ન જણાઇ. કોઠાર ભરપૂર હતો. રસોઈ તૈયાર થઈ ગઇ હતી. અહીંથી આગળ જતાં બીજા હૉલમાં ટંડનજીને પોતાનાં વાસણ માંજતા ભાળ્યા. દિવાની વિભાગમાં આવવાને પરિણામે મારા મનમાંથી બધી ચિન્તા ચાલી ગઇ. બધા ઘણા જ સુખી છે એ મારી ખાતરી થઇ. ટંડનજીનો ચહેરો ગુલાબી હતો. ત્યાં જતાં જ આશ્રમની જીંદગીનો (થોડીક વસ્તુઓ બદલતાં) આભાસ આવી જાય છે. અહીંથી જો બદલી ન થાય તો છેવટ સુધી બધા સુખી જ રહેશે."

રાજકોટવાસી

કાઠીયાવાડમાં સ્વદેશી

રાજકોટ ઉપર કોઇ આક્ષેપ મુકે ત્યારે મને દરદ થયા વિના કેમ રહે? એક બહેને મને થોડા દિવસ પહેલાં એમ કહ્યું કે હવે હું રાજકોટ જાઉં તો ખાદી જ ખાદી જોઉં. પરદેશી કપડાં તો થોડા જ માણસો પહેરતા હોય. એ બહેન હાલ રાજકોટમાં વસે છે ને પોતે બહાર નીકળે ત્યારે તો મુખ્ય ભાગે ખાદી પહેરે છે. તેથી તેણે માની લીધું જણાય છે કે રાજકોટમાં તો બધા ઉપરથી તો ખાદી જ પહેરતા હશે. પણ એક સંપૂર્ણ સ્વદેશીનું વ્રત પાળનાર રાજકોટનો વતની અણુરેલ નવજવાન રાજકોટને ઉદ્દેશીને લખે છે:

"સમસ્ત દેશની આટલી જાગૃતિ હોવા છતાં કાઠીયાવાડ તો તદ્દન સુસ્ત પડયું છે. અહીં કુલે અઢી હજાર વિદ્યાર્થી છે તેમાંના સો રાષ્ટ્રીય શાળામાં દાખલ છે. તેમાંથી ૬૦-૭૦ હાજર રહે છે. અમદાવાદ છોડયા પછી પૂર્ણ સ્વદેશી પોશાક પહેરનારી માત્ર ત્રણ ચાર જ વ્યક્તિઓ જોઇ. અહીંનું વાતાવરણ નિરાશા ઉપજાવે છે. ધનિક લોકો આળસુ બેઠા રહે છે અને ગરીબને પેટ ભરવા ઉપરાંત બીજું સૂઝે તેમ નથી."

આ ટીકા સખત છે. તેનું અનાયાસે સમર્થન એક બીજા કાઠીયાવાડી જે ખાસ અવલોકન કરનાર છે તેમણે કર્યું. ઉપરની ટીકામાં કંઈ અતિશયોકિત હોય તે બાદ કરીયે તો એ ટીકા વાસ્તવિક હોવાનો સંભવ છે. કાઠીયાવાડે તિલક સ્વરાજ ફંડમાં ઠીક ભર્યું. અમરેલીમાં ખાદીની સુન્દર વ્યવસ્થા છે, કાઠીયાવાડમાં ખાદીની પેદાશ સારી છે એ બધું હું જાણું છું. મોટાં શહેરોમાં રહેતા કાઠીયાવાડી પોતાના પરદેશી કપડાંના મોહને છોડી શકયા નથી એ દુઃખદાયક છે. કાઠીયાવાડને સુધારાનો થોડો સ્પર્શ હોવો જોઇયે. કાઠીયાવાડની સૂકી ભૂમિમાં તો કઠણ, સાદા, શૂરા, ભોળા ને ઉદાર માણસો પાકવા જોઇયે. તેને બદલે જો કાઠીયાવાડનાં શહેરોમાં મોજશોખ વધતા જ જાય તો કાઠીયાવાડની તરફથી જે મોટી આશાઓ બંધાયેલી છે તેનું શું થાય? સ્વરાજયજ્ઞમાં કાઠીયાવાડ પોતાનો ફાળો પૂરો ન આપે તો મને તો એમ લાગે કે કાઠીયાવાડે હિન્દુસ્તાનથી અલગ થઈ જવું જોઇયે. મારી તો એવી ઉમેદ છે કે જ્યારે જેલ જવાનો સમય આવશે ત્યારે કાઠીયાવાડીઓ પોતાનો સંપૂર્ણ ફાળો આપશે. પણ જો ખાદી પહેરવા જેટલી સાદાઈ પણ આપણામાં નહિ આવી હોય તો આપણે જેલની સાદાઇની બરદાસ કઇ રીતે કરવાના? દેશબન્ધુ દાસ ખાદી પહેરે, તે રેંટીયો ચલાવે, મૌલાના શોકતઅલી જેમને ખાદી પહેરવું ઘણું કઠિન હતું તે ખાદી પહેરતા થયા, તે જેલમાં રેંટીયો ચલાવી રહ્યા છે, ને કાઠીયાવાડના શહેરીઓ ખાદીનો ત્યાગ કરે? હવે હું સમજી શકું છું કે કેમ મારી પાસે એવી ફરીઆદ આવેલી કે કાઠીયાવાડમાં ખાદી ઘણી વધારે વણાય પણ તેની ખપત ઓછી! શું એવોયે વારો આવે કે કાઠીયાવાડની ધીંગી ઓરતો બાજરાનો રોટલો તો બનાવે ને સવારના પહોરમાં છાશ વલોવી સુંદર માખણ તો કાઢે ખરી, પણ બાજરાના રોટલા કુતરાને આપે, માખણ પચવા જેટલી હોજરી રહી ન હોય તેથી બિસકીટની સાથે થોડી ચ્હા પીયે, કાઠીયાવાડના ઘઉં ભારે પડે તેથી ને શાતા

હોય તેથી મુંબઈથી સાંચાનો આટો મંગાવી તેનાં ફુલકાં ખાય? જો કોઈ રાજાઓની લડાઈનો ઇતિહાસ છોડી પ્રજાની ચડતીપડતીનો ઈતિહાસ ગ્રીનની માફક લખવા બેસી જાય તો તે જરૂર સાબીત કરે કે જેમ હિન્દુસ્તાનમાં નાજુક સુંવાળાં લાગતાં કપડાં દાખલ થયાં તેમ પ્રજાનો બાંધો પણ નાજુક થતો ગયો ને પ્રજા નિર્માલ્ય થતી ગઈ. કાઠીઆવાડની છ ફુટ ઉંચી રબારણને જાપાની મલમલની 'ભાતીગળ' સાડી કોઇ આપે તો એ પહેરે કે? ને પહેરીને ઢોર ચારે? આપણે ભીંત જ ભૂલ્યા છીયે. અંતરના શણગારને છોડી આપણે બહારના શણગાર ઉપર મોહ્યા ને પરિણામે દેશ ખોયો, વેશ ખોયો, દેહ ગુમાવ્યો ને આત્માને તો સૂવાડી મુક્યો.

કાઠીયાવાડના નવજવાનો વાતો છોડી વણતા થઇ જશે કે? કાઠીયાવાડની ઓરતો શ્રીમતી વાસંતીદેવીની જેમ ખાદી લઇ વેચવા નીકળી પડશે કે? કાઠીયાવાડની પ્રજા ઢેડભંગી ભાઈઓનો પોકાર સાંભળશે કે? તેઓના સ્પર્શથી અભડાનારા જેલમાં જવાના નથી, તેઓ જેલ જવાને લાયક નથી.

તા. ૧-૧-૧૯૨૨

અમદાવાદ મહાસભાનાં ભાષણ

૧*

† મને ૩૦ મિનિટ મળી છે, પણ તેટલીયે નહિ લઉં એવી મને ઉમેદ છે. મને લાગે છે કે ઠરાવમાં જ તેની બધી સમજુતી આવી જાય છે. પંદર માસની નિરંતર મહેનત પછી પણ જો તમે પ્રતિનિધિઓ તમારા પોતાના વિચાર ન બાંધી શક્યા હો તો મને લાગે છે કે એ કલાકના મારા ભાષણથી પણ હું તમને ખાતરી નહિ કરાવી શકું. અને આજના મારા ભાષણથી જ જો હું તમારી ખાતરી કરાવવા ધારૂં તો મને લાગે છે કે તમારા ઉપરથી મારો વિશ્વાસ ઉઠી જાય, કારણ તેથી એમ જ સાબીત થાય કે આંખ આગળની ચીજને પણ તમે જોઈ શકતા નથી. અડગ નિરધારની જાહેરાત

આ ઠરાવમાં કંઈ નવું નથી કે જે અત્યાર સુધી આપણે વિચાર્યું નથી, જે આપણે કરતા આવ્યા નથી. એમાં કશું ચોંકાવનારૂં નથી. જેઓએ મહિને મહિને મળતી કારોબારી સમિતિના તથા બબ્બે મહિને મળતી મહાસમિતિના કામકાજનો અભ્યાસ કર્યો છે તેઓ સહેજે સમજી જશે કે આ ઠરાવ એ આપણી પ્રવૃત્તિઓનું સ્વાભાવિક પરિણામ જ છે. અત્યારની સરકારની દમનનીતિ જોયા પછી તો તમે એ જ નિર્ણય ઉપર આવશો કે મસલત

---

* હિન્દી પ્રજાની સ્વાતન્ત્ર્યની લડતનો નિરધાર જાહેર કરનારો મુખ્ય ઠરાવ રજુ કરતાં કરેલું ભાષણ; તા. ૨૮-૧૨-૧૯૨૧.

† અંગ્રેજીમાં કરેલું ભાષણ

સમિતિએ કરેલો ઠરાવ એ જ કોઇ પણ સ્વમાન જાળવનારા રાષ્ટ્રનો વાઇસરાયને અને તેની દમનનીતિને જવાબ હોઇ શકે.

સ્વયંસેવકોની પ્રતિજ્ઞામાં રહેલી ધાર્મિક સૂક્ષ્મતામાં હું મારા અંગ્રેજી ભાષણમાં ઉતરવા નથી માગતો. આ ઠરાવનો મુદ્દો હું આ મજલીસને સમજાવવા ઇચ્છું છું. આ ઠરાવ સૂચવે છે કે આપણે નિરાધાર અને આશ્રિત દશામાંથી નીકળી ગયા છીયે પ્રજાએ એક ઇશ્વર વિના બીજા કોઇની પણ મદદ સિવાય પોતાના ધ્યેયને પહોંચવાનો સંકલ્પ કર્યો છે. પોતાના હક સ્થાપિત કરવાનો અને દુનિયામાં છાતી કાઢીને ચાલવાનો પ્રજાનો દઢ નિશ્ચય અને અડગ ધૈર્ય આ ઠરાવમાં જોવામાં આવે છે. આ ઠરાવ સરકારને કહે છે કે તમારાથી થાય તેટલો સિતમ ગુજારો, તેથી કંઇ વળવાનું નથી. એક દિવસ એવો આવશે જ્યારે તમારે પરાણે પશ્ચાત્તાપ કરતા આવવું પડશે. વેળાસર ચેતો ને હિન્દુસ્તાનના ૩૦ કરોડ વતનીઓને તમારા કાયમના કટ્ટા દુશ્મન બનાવી ન બેસો. આ ઠરાવમાં સરકારને માટે આપણાં દ્વાર મોકળાં છે. વિનીત મિત્રોને પણ ખિલાફતના અને પંજાબના અને તેથી હિન્દુસ્તાનની સ્વતન્ત્રતાના ઝંડા તળે સામેલ થવું હોય, સરકારની દાનત જો ઇન્સાફ પર હોય, જો લૉર્ડ રીડિંગ ન્યાય આપવા માગતા હોય, જો તેમની આ બધું કરવાની દાનત હોય, તો હું તેમને ઇશ્વરને સાક્ષી રાખીને અને ખરા દિલથી જણાવું છું કે તેમને માટે આ ઠરાવમાં દ્વાર ખુલ્લાં છે. પણ જો તેમની દાનત સાફ ન હોય તો બારણાં બંધ છે ભેગા મળીને મસલત કરી શકાય તેવું છે ને તેમાં હું સામેલ થાઉં; પણ તે મસલત સાચી હોય તો, તેમા સરખાપણાના હકથી બેસવાનું હોય તો, એ બેઠકમાં આપણે ભીખ મગતા જવાનું ન હોય તો જ. આપણને મહેરબાનીની રાહે કશું ન જોઇયે. ભલે આપણામાંથી ઘણાને મરવું પડે. પણ તેઓની દાનત જો સાચી હોય તો હું પ્રજા તરફથી તેમને ખાતરી આપું છું કે આ ઠરાવમાં તેમને માટે દ્વાર ખુલ્લું છે.

ઉદ્ધત સરકારને પડકાર

આ ઠરાવમાં આપણે ઉદ્ધત બનીને યુદ્ધ માગી લેતા નથી, પરન્તુ જે સત્તા ઉદ્ધતાઇ ઉપર આરૂઢ થયેલી છે તેને આપણે જરૂર કહેણ આપીયે છીયે. જે સત્તા પોતાનું રક્ષણ કરવા ખાતર વિચારનું અને મંડળો બાંધવાનું સ્વાતન્ત્ર્ય કચડી નખવા ઇચ્છે છે—પ્રજાનાં આ બે ફેફસાંને જ દબાવી દઇને તેને પ્રાણવાયુથી વંચિત કરે છે, તેવી સત્તાને હું તમારી તરફથી નમ્ર છતાં અમોઘ કહેણ આપું છું. જો એવી કોઇ સત્તા આ દેશમાં હોય તો તેને હું તમારી તરફથી કહેવા ઇચ્છું છું કે એ સત્તા કાં તો જમીનદોસ્ત થઇ જશે, અગર તો આ મહાન કાર્ય બજાવતાં હિન્દુસ્તાનનું હરેક નરનારી આ પૃથ્વીના પડ પરથી નાબુદ થઇ જશે ત્યાં સુધી જંપીને બેસશે નહિ.

આ ઠરાવમા દઢતા, નમ્રતા અને નિશ્ચય એ ત્રણે રહેલાં છે જો મસલતમાં ભાગ લેવાની સલાહ આપી શકત તો તમને હું જરૂર સલાહ આપત એક મારો પ્રભુ જાણે છે કે શાન્તિ મને કેટલી પ્રિય છે. પરન્તુ હું ગમે તે ભોગે શાન્તિ નથી મેળવવા ઇચ્છતો. હું

પત્થરની શાન્તિ નથી માગતો. હું કબ્રસ્તાનની શાન્તિ નથી ઇચ્છતો. આખી દુનિયાનાં બાણના વરસાદની સામે ખુલ્લી છાતીએ એક માત્ર ઈશ્વરને આશરે ફરનારા મનુષ્યના હૈયામાં વસતી શાન્તિ મારે જોઇયે છે.

હું વધારે વખત લેવા માગતો નથી. વધારે ખુલાસો કરીને તમારી બુદ્ધિને અપમાનિત કરવા ઇચ્છતો નથી.

*અંગ્રેજીમાં જે મેં કહ્યું તે હું ફરી કહેવા નથી માગતો. પણ કેટલાક હિન્દુમુસલમાન ભાઈઓના મનમાં વસવસો છે કે ગાંધી કયે રસ્તે દોરી જાય છે? તે બાબત હું ખુલાસો કરવા માગું છું. હું કોઇના પણ દીનમાં દખલ કરવા નથી ઇચ્છતો. દીનની બાબતમાં જે કરું છું તે હું સમજીને કરવા ઈચ્છું છું.

વિચારમાં શાન્તિ

મસલતસમિતિમાં સ્વયંસેવકે લેવાના પ્રતિજ્ઞાપત્રમાં આવતા શબ્દ ઉપર ચર્ચા ચાલેલી. જબાન અને હાથની શાન્તિ કાયમ રાખવી એ તો સૌને કબૂલ છે, પણ વિચારમાં—ઇરાદામાં સુદ્ધાં શાન્તિ કેવી રીતે રાખી શકાય? હું કહું છું આજ સુધી આપણે જબાન સાફ નથી રાખી ખિલાફત અને પંજાબના સવાલો માટે આપણે શાન્તિના કસમ લઇ ચુક્યા છીયે, પણ આપણે આપણી જબાન સાફ રાખી શક્યા નથી. જ્યાં સુધી દિલના ગુસ્સા પર કાબૂ નહિ રાખો, દિલના મેલને નહિ હઠાવો ત્યાં સુધી હાથથી અને જબાનથી શાન્ત રાખવી અસંભવિત છે. હું દરેકને પૂછું છું કે જ્યારે જ્યારે કોઇ મા તેના બાળકને મારે છે, ગાળ દે છે ત્યારે તે ગાળ કે માર ક્યાંથી આવે છે? દિલમાંથી જ.

શાન્તિ સ્વીકારો

તમે જો ખરેખર હિન્દુસ્તાનને આઝાદ બનાવવા ઇચ્છતા હો, હિન્દુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી, યહુદી સૌ ભાઇ બનવા માગતા હો, તો શાન્તિને સ્વીકારવી જ જોઇશે. શાન્તિ વિના હિન્દુમુસલમાન ચાર દિન પણ ભેગા રહી શકવાના નથી ઘડીમાં એકબીજાનાં દિલ મેલાં થશે. પાગલ હિન્દુ કહેશે કે સોમનાથના દેવળનું શું? પાગલ મુસલમાન કહેશે કે અમારા દીનનું શું? તુર્કસ્તાન, અફઘાનિસ્તાન જેવી સત્તાઓ અમારી છે, હિન્દુસ્તાન સાથે અમે શા સારૂ રહીયે? હું ભવિષ્યવાણી ઉચ્ચારૂં છું કે શાન્તિ છોડશો તો મૂઆ પડ્યા છો. તો હિન્દુસ્તાન આઝાદ નહિ થાય. હરજગાએ, હરવખતે શાન્તિની હું અહીં વાત નથી કરતો, પણ આ વખતે તો શાન્તિ જોઇશે જ. હિન્દુસ્તાનમાં સૌ મહોબ્બતથી રહેવા ચાહતા હો તો કેવી રીતે રહેશો? હરેક બાબતમાં તલવારથી જ ફેસલો લાવવાનો ખ્યાલ રાખશો તો ક્યાં સુધી નભશે? શીખો અંગ્રેજ પાસે ચાલ્યા જશે, પારસીઓ તો જરૂર જશે. હિન્દુ અને મુસલમાન કહેશે કે અમે પણ જઇયે; અંગ્રેજી લાનતમાં કંઇ નહિ તો આવો મંડપ બાંધીને અમે શાન્તિથી મહાસભા

*હિન્દુસ્તાનીનાં આપેલું ભાષણ

તો લડી શકતા હતા. અમારી ઓરતોની ઈજ્જત તો રહેતી હતી. હું તો એટલો જ એકરાર તમારી પાસે માગું છું કે જ્યાં સુધી તમે અસહકારની લડતમાં સામેલ હો, સ્વયંસેવક જમાતમાં જ્યાં સુધી તમે દાખલ હો ત્યાં સુધી તમારે શાન્તિ જાળવવી.

[illegible]

આપણે એક કસમ લેવાની છે કે જેલની અને અલીગઢના નવજવાનોની પેઠે મારપીટની બરદાસ કરવાને તૈયાર છીયે, તેમજ મોતની બરદાસ કરવાને પણ તૈયાર છીયે. અને તે શા માટે ? અમારા મુલ્કને માટે, મજહબને માટે. તે સાથે બીજી શરત એ છે કે તેમ કરતાં છતાં પોતાના ગુસ્સાને રોકીયે. બરદાસનો અર્થ જ એ છે કે હું ગાળ દઉં છતાં તમે સામી ગાળ ન દો. હજરત અલી પર કોઇ પાગલ થુંક્યો. તેઓ ઉઠયા પણ તેમણે તો થુંકનારને ચુંબન કર્યું—માફી બક્ષી. તેઓ જો સામા થુંક્યા હોત તો ઈસ્લામ આજ આવો ન હોત. આ પુરાણી રીત છે. એ કંઇ ગીતાજીમાં, ભાગવતમાં, કુરાને શરીફમાં કે ગ્રન્થસાહેબમાં જ છે એમ નથી. બધા ધર્મોમાં એ જ વાત છે કે સબૂરીથી જે કામ લેશો તેની ભૂલ ખુદા માફ કરશે—ખુદા કલ્યાણ કરશે.

આપઘાત [illegible] ?

હું હમેશને માટે તમારી તલવારને છીનવી લેવા નથી માગતો, અત્યારે તો છીનવી લઉં જ. તેમાં આપઘાત નથી. આપઘાત હિન્દુ અને મુસલમાન બન્ને ધર્મમાં હરામ છે. પરસ્ત્રી પર કુદષ્ટ કરનાર—અત્યાચાર કરનાર કોઇ પાગલ હોય તો તેણે જરૂર સાબરમતીમાં પડી મરવું જોઇયે. બાકી સ્ત્રીને પોતાનું શીયળ જાળવવાનો બીજો માર્ગ ન હોય ત્યારે તે આપઘાત કરે. પણ દેશને ખાતર સબૂરી જાળવતાં મરણને ભેટવું પડે તો તે આપઘાત હરગીજ નથી.

દામ દો ને લો

હવે હું અંગ્રેજીમાં બોલી ગયો છું તેનો સાર કહીશ. જો આજે પણ હજી તમને સમજાવવાનું બાકી રહ્યું હોય તો હું પણ પાગલ અને તમે પણ પાગલ. પંદર માસના અનુભવથી જુઓ કે શાન્તિથી, અસહકારથી ફાયદો છે કે નહિ ? આજે સ્વરાજ કેમ નથી મળ્યું એ સવાલ મને કોઇ પૂછી નહિ શકે. સ્વરાજ તો તમારા ખીસામાં પડેલું છે. દામ દો ને લો. મખ્ખીચુસને સ્વરાજ નહિ મળે. શૌકતઅલી આજ જો અહીં હોત તો કહેત કે આજે તમે સ્ત્રીને, પુત્રને, સૌને છોડો, ફકીર બનો. તમે હજી પણ સમજ્યા ન હો તો મારી જીભથી હવે હું તમને કંઇ સંભળાવવા નથી માગતો. હું ચાહું છું તમે ઇશ્વરની પ્રાર્થના કરો, તમારા પોતાના ઉપર ઇતબાર રાખીને પોતાના દિલને પૂછો, એકાન્ત સ્થાનમાં જઈને બંદગી કરો ને તમારા ભીતરના અવાજને પૂછો કે મેં વાત કહી તે સહી છે કે નહિ. સહી ન લાગે તો ઠરાવને ઉડાવી દો. સહી માનો તો સારી રીતે તેની કદર કરો અને તૈયાર થઇ જાઓ. જાનેવારીમાં હું કે તમે જેલ બહાર હશો તો હું પૂછીશ. બહાર હશે તેણે કારણ બતાવવું પડશે. કારણ હશે તો ઠીક, નહિ તો તમારી ને મારી ભારે ફજેતી થશે. ઇશ્વર આપણને બળ આપે કે આપણે જેલ ગયેલા ભાઇઓને છોડાવીયે, ખિલાફતનો ફડચો કરીયે, પંજાબના જખમને રૂઝાવીયે, અને સ્વરાજ હાંસલ થશે.

૨*

મહાસભાનું ધ્યેય

મને દુઃખ થાય છે કે આપણામાં હજી એવા પ્રતિનિધિઓ પડયા છે, જેઓ વગર-સમજ્યે અમુક ચીજ જોઈયે એવા અવાજ કરે છે. આપણી સામે કયો મોકો છે તે આપણે નથી સમજ્યા. સાથે સાથે મને ખુશાલી પણ થાય છે કે આપણી અંદર એવાયે પડયા છે જે કંઇ ચીજ બોલતાં ડરતા નથી, દિલની વાત સાફ સાફ કહી દે છે. આપણું વાતાવરણ એટલું સાફ થઇ ગયું છે કે એક દિવસ સ્વરાજનું નામ લેતાં પણ આપણે ડરતા ને સ્વતન્ત્રતાનું નામ લેવું પાપ મનાતું, તેને ઠેકાણે આજે આપણે કહી શકીયે છીયે કે અમે બ્રિટિશ સલ્તનત સાથે રહેવા નથી માગતા, તેથીયે વધારે કહેતાં આપણે આજે ડરતા નથી.

પણ અહીં હું મારી પસંદગી કે નાપસંદગી દર્શાવવા આવ્યો નથી; આપની જુમ્મેદારી શી છે તે જણાવવા આવ્યો છું.

મૌ. હઝરત મોહાની સાહેબે આપણી વચમાં મોટો બંબગોળો ફેંકયો છે. એક તરફથી તમે એક ભારે ઠરાવ વિચારપૂર્વક પસાર કર્યો છે, બીજી તરફથી મહાસભાનું ધ્યેય જ બદલવા બેઠા છો. તમે લાંબા હાથ કરીને એક ઠરાવ પસાર કર્યો. તેમાં જ સ્વરાજનો પાયો રહેલો છે. ઉપરનું મકાન ચણનાર કેવા મળશે એની ખબર નથી. આપણી તાકાત વગર જ આપણે તાજમહેલ ચણવા માગીયે છીયે. ભલે મૌલાના અને બીજા નવજવાનોએ કહ્યું, પણ જે પોતાની જુમ્મેદારી સમજે છે તે તો આને આદર્શ તરીકે પણ આજે ગણાવવાને તૈયાર નહિ થાય. પસાર થએલા ઠરાવમાં સલ્તનતની અંદર કે સલ્તનતની બહાર એ બન્ને વાતો રહેલી છે. છેવટનો મોકો આવશે ત્યારે વિચારી લેવાશે કે શું કરવું. વાત કરીયે તે પહેલાં આપણામાં તાકાત હોવી જોઈયે. હિન્દુમુસલમાન એકતાને હું ખૂબ ચાહું છું, પણ હજી આપણાં દિલ એટલા સાફ નથી થયાં ત્યાં સુધી સંપૂર્ણ સ્વતન્ત્રતાની વાત એ હવામાં છે. આખી આમને સાથે રાખી શકીયે એવી વાત આપણે કરવી જોઈયે. જેઓ ડરપોક છે તેમનો ડર હઠાવવો જોઇયે. સરકારની દમનનીતિને આપણે આજે હંફાવવી જોઇયે. મૉડરેટ ભાઇઓને આપણે શું છોડી દેવા ? આપણી આગળ સ્વતન્ત્રતા જેવો ભારે શબ્દ આવી પડયો તેથી મ્હોં ભરાઈ જાય છે. પણ હું અદબથી કહું છું કે તે પર મોહી ન પડવું જોઇયે.

એક વર્ષમાં સ્વરાજ લેવાની વાત આપણે કરી હતી, પણ તેની શરતોનું પાલન નથી કર્યું. સ્વાગતકારિણી સમિતિના પ્રમુખે કહ્યું છે તેમ આપણે સ્વરાજસ્થાપનાનો ઉત્સવ કરી શકયા નથી. સલ્તનતની સાથે રહેવું એનો અર્થ એ નથી કે નોકરશાહીને તાબે રહેવું. જેટલું કરી શકાય તેટલું કહીયે તેમાં ખુદા રાજી છે.

---

* 'હિન્દી રાષ્ટ્રીય મહાસભાનો હેતુ સ્વરાજ અથવા સર્વ પરદેશી અમલરહિત સંપૂર્ણ સ્વતન્ત્રતા સઘળા કાયદેસર અને શાન્તિમય માર્ગોથી પ્રાપ્ત કરવી એવો છે'—મૌ. હઝરત મોહાનીએ રજૂ કરેલા આ ઠરાવનો વિરોધ કરતાં કરેલું ભાષણ; તા. ૨૮-૧૨-૧૯૨૧.

ધ્યેય એ કપડાં જેવી વસ્તુ ન હોવી જોઈયે કે જે ઘડીમાં પહેરાય ને ઘડીમાં કાઢી નખાય. ધ્યેય તે છે કે જેને માટે પ્રજાઓ જમાનાના જમાના સુધી મરી મથે છે. મૌલાના સાહેબના ધ્યેયમાં નબળાં બહાર રહી જાય છે; જ્યારે અત્યારનું ધ્યેય વ્યાપક છે ને તેમાં નબળા ને સબળા બધા આવી શકે છે. તમે મૌલાના હઝરતનું સંકુચિત ધ્યેય સ્વીકારશો તો નબળાઓને પાખમાં ઘાલી તેમનું રક્ષણ તમે નહિ કરી શકો. આપણે આપણી તાકાત માપવી જોઇયે. પાણીમાં પેસતાં પહેલાં પાણીની ઉંડાણનો ક્યાસ કરીયે. મૌલાના મોહાનીની દરખાસ્ત આપણને તાગ વગરનાં પાણીમાં ઘસડી જાય છે. તેથી મારો તમને દઢતાપૂર્વક આગ્રહ છે કે આ દરખાસ્ત તમે નામંજૂર કરશો.

ગાંધીજીનું નવજીવન

ભાગ ત્રીજો

[બેઝવાડા કાર્યક્રમના અંતથી અમદાવાદ મહાસભા સુધી]

નવજીવન પ્રકાશન મન્દિર

અ મ દા વા દ

મુદ્રક અને પ્રકાશક: રામદાસ મોહનદાસ ગાંધી, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.

મુદ્રક અને પ્રકાશકઃ રામદાસ મોહનદાસ ગાંધી, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.